# દૈનિક મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૩ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 30 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ માઘ સુદ - ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 February 2025, Wednesday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

બુધવાર, ૫ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦

ઈન્ટરવલ પૂર્તિ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u




દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 30 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માઘ સુદ - ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 February 2025, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
બુધવાર, ૫ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ ઈન્ટરવલ પૂર્તિ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઉત્તરાખંડ બાદ ગુજરાતમાં યુનિફોર્મ સિવિલ કોડની તૈયારી

## ડ્રાફ્ટ તૈયાર કરવા માટે પાંચ સભ્યની કમિટીની રચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તરાખંડ બાદ હવે ગુજરાતમાં પણ યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)ની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે યુનિફોર્મ સિવિલ કોડનો મુસદ્દો તૈયાર કરવા અને કાયદો બનાવવા માટે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ રંજના દેસાઈની અધ્યક્ષતામાં પાંચ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી છે. આ કમિટી ૪૫ દિવસમાં પોતાનો રિપોર્ટ રાજ્ય સરકારને આપશે, જેના આધારે સરકાર નિર્ણય લેશે.

ભૂપેન્દ્ર પટેલે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં વસતા તમામ નાગરિકોને સમાન હક અને અધિકાર મળે તે માટે આગળ વધી રહી છે. ગુજરાતમાં કોમન સિવિલ કોડની આવશ્યકતા ચકાસવા અને કાયદા માટેનો મુસદો તૈયાર કરવા સુપ્રિમ કોર્ટના નિવૃત ન્યાયાધીશ રંજના દેસાઈની અધ્યક્ષતામાં કમિટી રચવાનો નિર્ણય કરાયો છે. આ અંગે વધુ માહિતી આપતા ગુજરાતના ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ પણ જણાવ્યું હતું કે, ભૂપેન્દ્રભાઈ પટેલે યુસીસી કમિટીની રચના કરી છે. જેનું નેતૃત્વ સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ જસ્ટિસ (નિવૃત્ત) રંજના દેસાઈ કરશે. નિવૃત્ત સિનિયર આઈએએસ અધિકારી સીએલ મીના, એડવોકેટ આરસી કોડેકર, પૂર્વ વાઇસ ચાન્સેલર દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર્તા ગીતા શ્રોફ પણ સમિતિમાં સમાવેશ થાય છે. મુખ્યપ્રધાને આ સમિતિને આગામી ૪૫ દિવસમાં આ અંગે વિગતવાર સંશોધન કરીને સરકારને રિપોર્ટ સોંપવા નિર્દેશ આપ્યો છે.

આદિવાસી અધિકારોને આ કાયદો અસર કરશે કે કેમ તે અંગે ગૃહ રાજ્યપ્રધાને જણાવ્યું હતું કે, ઉત્તરાખંડ સરકારનું યુસીસી મૉડેલ અદભુત છે. આ મોડેલમાં આદિવાસી સમાજના હકને યુ.સી.સી કાયદામાં લાવવામાં આવ્યો નથી. ગૃહ મંત્રીએ પણ ઝારખંડની સભા દરમિયાન કહ્યું હતું કે, આદિવાસી સમાજના રિવાજ તથા કાયદાનું સંરક્ષણ સંપૂર્ણ કરવામાં આવશે. ગુજરાતમાં ધર્મના આધારે રહેણાંકનું વિભાજન (અશાંત ધારો) છે એ ઘટના આધારિત નક્કી કરવામાં આવે છે એટલે આ મુદ્દો સુસંગત નથી. ૪૫ દિવસમાં રિપોર્ટ આવ્યા પછી મુખ્યમંત્રી નિર્ણય કરશે અને વિધાનસભામાં બિલ રજૂ કરવામાં આવશે. એચ.યુ.એફ. નો પણ અલાયદો કાયદો છે. કોઈ એક સમાજ માટે આ કાયદો નથી. ધર્મ સાથે જોડાયેલા લોકોને પણ આ કમિટી મળશે. રિપોર્ટમાં તમામ રિવ્યૂ રજૂ કરવામાં આવશે.

## સેન્સેક્સમાં ૧૩૯૭ પોઇન્ટનો તોતિંગ ઉછાળોઃ માર્કેટ કેપમાં ₹ ૫.૯૬ લાખ કરોડનો ઉમેરોઃ સોનું ૮૩,000ને પાર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ટ્રેડ વોરનો ભય હળવો થયો હોવાથી પુલબેક રેલીમાં સેન્સેક્સે જોરદાર ઉછાળો મારીને રોકાણકારોને રાહત આપી છે. આ જ સાથે બીએસઇ પર લિસ્ટેડ તમામ શેરનું કુલ બજારમૂલ્ય રૂ. ૫.૯૬ લાખ કરોડ વધીને રૂ. ૪૨૫.૫૦ લાખ કરોડની સપાટીએ પહોંચ્યું છે.

સોનામાં રૂા. ૩૦૬ની વૃદ્ધિ સાથે રૂા. ૮૩,૦૦૦ની નવી સપાટી જોવા મળી હતી.

સેન્સેક્સ સત્ર દરમિયાન લગભગ ૧૫૦૦ પોઇન્ટ જેટલો ઉછાળો મારીને અંતે ૧,૩૯૭.૦૭ પોઇન્ટ ઉછળીને ૭૮,૫૮૩.૮૧ પોઈન્ટની એક મહિનાની ઊંચી સપાટીએ સ્થિર થયો છે, જ્યારે નિફ્ટી ૩૭૮.૨૦ પોઈન્ટ વધીને ૨૩,૭૩૯.૨૫ પોઈન્ટ પર સ્થિર થયો છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા કેનેડા અને મેક્સિકો પર ટેરિફ અમલી બનાવવાનો નિર્ણય હાલ સ્થગિત રખાયો હોવાથી એક તરફ ઇક્વિટી માર્કેટ પર સેન્ટિમેન્ટલ ઇફેકટ થઇ હતી અને બીજી તરફ રૂપિયો વિક્રમી નીચી સપાટીથી પાછો ફર્યો હતો અને ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થયો હતો.

આમ તેજી માટે એકથી વધુ પરિબળો એકત્ર થયા હોવાથી બજારને બુસ્ટ મળ્યું હતું. જોકે, એ બાબત નોંધવી રહી કે, અમેરિકાના પ્રમુખે કેનેડા અને મેક્સિકો પર ટેરિફ લાદવાનો નિર્ણય એક મહિના માટે સ્થગિત કર્યો છે, જોકે ચીન પર ટેરિફનો અમલ અકબંધ રાખવામાં આવ્યો છે.

આ સામે ચીને પણ વળતા જવાબમાં અમેરિકન પ્રોડક્ટ્સ સામે ટેરિફ લાદવા ઉપરાંત અમેરિકન કંપનીઓ સામે પગલા લેવાની તૈયારી શરૂ કરી છે. ટ્રમ્પના તઘલખી દિમાગને જોતા એ ક્યારે કેવા પગલાં લેશે એ કહી શકાય એમ નથી.

નોંધવું રહ્યું કે, હજુ સોમવારે જ ટ્રમ્પ દ્વારા ચીન, મેક્સિકો અને કેનેડા પર ટેરિફ જાહેર કર્યા પછી વૈશ્વિક ઇક્વિટી બજારો પર નકારાત્મક પ્રભાવ પડવા સાથે રોકાણકારોમાં નિરાશા ફેલાઈ ગઈ હતી. સ્થાનિક ધોરણે રૂપિયાના મૂલ્યમાં તીવ્ર ઘટાડો થવાથી ચિંતા વધી ગઈ હતી, કે વિદેશી રોકાણકારો વેચાણના વલણને ઉલટાવી શકે તેવી શક્યતા નથી.

અમેરિકા અને અન્ય દેશો વચ્ચે ટેરિફ સંઘર્ષો કોઈ આર્થિક લાભ આપે તેવી શક્યતા નથી. એનાથી વિપરીત તે વૈશ્વિક અર્થતંત્ર માટે પડકારો પેદા કરી શકે છે, જેનાથી વૈશ્વિક નાણાકીય જોખમો વધી શકે છે. ટેકિનકલ એનાલિસ્ટ નિફ્ટીના ચાર્ટને આધારે ટૂંકા સમયગાળામાં તેજી ભાખી રહ્યાં છે, પરંતુ હજુ પણ એફઆઇઆઇના વલણ પર ઘણો આધાર રહે છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ પાછલા સત્રમાં રૂ. ૩૯૫૮.૩૭ કરોડના શેર વેચ્યા હતા.


ટ્રેન અકસ્માતઃ ઉત્તર પ્રદેશના ફતેહપુર જિલ્લામાં પામ્ભિપુર નજીક મંગળવારે બે ગુડ્સ ટ્રેનની થયેલી ટક્કરમાં બંને લોકો પાઈલટ ઘાયલ થયા હતા. (એજન્સી)


પવિત્ર સ્નાનઃ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ દરમિયાન ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ અને ભૂતાનના રાજા જિગ્મી ખેસર નામ્ગ્યેલ વાન્ગચૂકે સંગમ ખાતે પવિત્ર સ્નાન કર્યું હતું. (એજન્સી)

## યુવાનોના ભાવિ માટે અમુક વિપક્ષ 'આપ-દા' છેઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હી વિધાનસભાની ચૂંટણીના મતદાનના આગલા દિવસ મંગળવારે અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી (આપ)ની આકરી ટીકા કરતા જણાવ્યું હતું કે અમુક વિપક્ષ યુવાનોના ભાવિ માટે 'આપ-દા' છે.

તેમણે લોકસભામાંના વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર શાબ્દિક-પ્રહાર કરતા જણાવ્યું હતું કે કેટલાક નેતા 'શહેરી નક્સલવાદ'ની ભાષા બોલી રહ્યા છે. 'દેશની સામે યુદ્ધ જાહેર કરનારા' આ લોકોને બંધારણ કે રાષ્ટ્રીય એકતા અંગે કંઇ ખબર નથી.

મોદીએ જણાવ્યું હતું કે અમારી સરકારે વિવિધ યોજનાના અમલ દ્વારા મોટી રકમ બચાવી છે, પરંતુ તેનાથી 'શીશ મહેલ' નથી બાંધ્યો.

તેમણે રાષ્ટ્રપતિનો સંસદના સંયુક્ત સત્રને સંબોધવા બદલ આભાર માનતી દરખાસ્ત પરની ચર્ચાનો જવાબ આપતા રાહુલ ગાંધીની ટીકા કરતા જણાવ્યું હતું કે મનોરંજન માટે ગરીબોની ઝૂંપડીમાં જઇને ફોટા પડાવનારા લોકો સંસદમાં આવીને ગરીબી અંગે બોલી રહ્યા છે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે બંધારણની નકલ ખિસ્સામાં રાખીને ફરતા નેતાઓને એ નથી ખબર કે તેમના પક્ષે મુસ્લિમ મહિલાઓને કેવી ખરાબ રીતે જીવવા મજબૂર કરી હતી. અમે ટ્રિપલ તલાકની પ્રથા નાબૂદ કરતો કાયદો પસાર કરાવીને મુસ્લિમ મહિલાઓને તેઓના અધિકાર અપાવ્યા હતા.

તેમણે આમ આદમી પાર્ટીના નેતાઓના સંબંધમાં જણાવ્યું હતું કે અમુક વિપક્ષના નેતાઓ ઘરમાં જાકુઝી અને સ્ટાઇલિશ શાવર બેસાડે છે, જ્યારે અમે દરેક ઘરમાં પાણી પુરવઠો પૂરો પાડવા માટે ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ.

મોદીએ દાવો કર્યો હતો કે અમારી સરકાર ખોટા વચન નથી આપતી, પરંતુ વિકાસના કાર્ય કરીને બતાવીએ છીએ. અમે પચીસ કરોડ ગરીબોને ગરીબી રેખાથી ઉપર લાવ્યા છીએ. તેમણે આક્ષેપ કર્યો હતો કે અમારી સરકારે ગરીબ દરદીઓના લાભાર્થે 'આયુષ્માન ભારત' યોજના શરૂ કરાવી છે, પરંતુ અમુક રાજ્ય સરકારે પોતાના રાજ્યોમાં તેનો અમલ નહિ કરાવીને ગરીબોની મુશ્કેલી વધારી છે. (એજન્સી)

## આચારસંહિતાના ભંગ બદલ દિલ્હીનાં મુખ્ય પ્રધાન આતિશી સામે એફઆઈઆર

નવી દિલ્હીઃ આચારસંહિતાના ભંગ બદલ તેમ જ સરકારી અધિકારીને ફરજ બજાવવામાં અવરોધ ઊભો કરવાને મામલે દિલ્હી પોલીસે કાલકાજી મતદારક્ષેત્રના 'આપ'ના ઉમેદવાર અને દિલ્હીના મુખ્ય પ્રધાન આતિશી વિરુદ્ધ મંગળવારે ગુનો દાખલ કરી તેમની સામે એફઆઈઆર દાખલ કરી હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. વિવિધ કલમ અંતર્ગત આતિશી વિરુદ્ધ ગોવિંદપુરી પોલીસ સ્ટેશનમાં અમે ગુનો દાખલ કર્યો છે અને વધુ તપાસ ચાલી રહી છે, એમ તેમણે કહ્યું હતું. 'આપ'નાં ઉમેદવાર આતિશી ૫૦થી ૭૦ ટેકેદારો અને ૧૦ જેટલાં વાહનો સાથે ફતેહ સિંહ માર્ગ પર જોવા મળ્યાં હોવાને કારણે આ પગલું લેવામાં આવ્યું હોવાનું તેમણે કહ્યું હતું. આચારસંહિતાની માર્ગદર્શિકા મુજબ પોલીસે તેમને એ વિસ્તાર ખાલી કરવા જણાવ્યું હતું, પરંતુ તેમણે ફરજ પરના અધિકારીને ફરજ બજાવતા અટકાવ્યો હતો, એમ તેમણે કહ્યું હતું. આતિશીએ આક્ષેપ કર્યો હતો કે ભાજપના ઉમેદવાર રમેશ બિધુરી અને તેમના પરિવારજનો ખુલ્લેઆમ ગુંડાગીરી કરી રહ્યા હતા, પરંતુ તેમની વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરવામાં નહોતી આવી જ્યારે મારી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (એજન્સી)

## કુલગામનો આતંકવાદી હુમલો

### ૫૦૦ ઓવર ગ્રાઉન્ડ વર્કરની અટક કરાઈ

**સુરેશ એશ. ડુગ્ગર**

જમ્મુઃ કાશ્મીરમાં શાંતિ સ્થપાઈ રહી છે એવા દાવા મધ્યે કુલગામમાં આતંકવાદી હુમલામાં ભૂતપૂર્વ સૈનિકને મારી નખાયો ત્યાર બાદ સુરક્ષા દળો એકદમ એક્શનમાં આવી ગયા હતા. દળોએ રાતોરાત ૫૦૦થી વધારે ઓવર ગ્રાઉન્ડ વર્કરને દબોચી દીધા હતા.

પોલીસે એ વાતને અનુમોદન આપ્યું હતું કે કુલગામમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલાને પગલે કાશ્મીર પોલીસે મોટી કાર્યવાહી કરતાં ૫૦૦ ઓવર ગ્રાઉન્ડ વર્કર, શંકાસ્પદ ઈસમો, આતંકવાદીના સહયોગીઓ અને અગાઉ આતંકવાદી પ્રવૃત્તિમાં સામેલ લોકોને અટકમાં લીધા હતા.

સોમવારે કુલગામના બેહીબાગ વિસ્તારમાં આતંકવાદીઓએ ત્રણ નાગરિકો પર પોઈન્ટ બ્લેન્ક રેન્જથી ગોળીઓ ચલાવી હતી. પ્રાદેશિક સેનાના ભૂતપૂર્વ જવાન મંજૂર અહમદે હૉસ્પિટલમાં સારવાર દરમિયાન છેલ્લા શ્વાસ લીધા હતા. તેમની પત્ની આઈના અખ્તર (૩૨) અને તેમની સગીર વયની પુત્રી સાનિયા હમીદ (૧૩)ને પગમાં ગોળી વાગી હતી. આ બેની હાલત સ્થિર છે.

પત્રકારો સાથે વાતચીત કરતા એક સિનિયર પોલીસ અધિકારીએ વર્કરની અટકને સમર્થન આપતાં કહ્યું હતું કે અમે આતંકવાદીના નેટવર્ક સાથે સંકળાયેલા લોકોને ઓળખવા અને પકડવા કાશ્મીરની ખીણમાં એક અભિયાન શરૂ કર્યું છે. આમાં અમે ગુનેગારોને પકડવા અને આતંકવાદી હુમલા અટકાવવા ૫૦૦થી વધારે શંકાસ્પદ લોકોની અટક કરી છે.

તેમણે કહ્યું હતું કે કાયદાને અમલમાં મૂકતી એજન્સીઓ ગુનેગારોને પકડવા અને કાશ્મીરના બધા નિવાસીઓની સુરક્ષા નિશ્ચિત કરવા પ્રતિબદ્ધ છે. કુલગામ હુમલાની તપાસ ચાલુ છે અને અટક કરાયેલા લોકોની પૂછપરછ ચાલુ છે.

## વડા પ્રધાન મોદી ૧૩ અને ૧૪મી ફેબ્રુઆરીએ અમેરિકાની મુલાકાતે

નવી દિલ્હીઃ ડોનલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા પછી વડા પ્રધાન મોદી અમેરિકાની મુલાકાતે જઈ રહ્યા છે અને તેમના પ્રવાસ કાર્યક્રમને અંતિમ સ્વરૂપ પણ આપી દેવામાં આવ્યું છે. પીએમ મોદી ફેબ્રુઆરીમાં જ અમેરિકાના બે દિવસના પ્રવાસે જશે અને ૧૩મી અને ૧૪મી ફેબ્રુઆરી ત્યાં રહેશે. ટ્રમ્પે સત્તા ગ્રહણ કર્યા બાદ બંને નેતાએ વચ્ચે આ પહેલી દ્વિપક્ષીય મંત્રણા હશે.

એમ પણ જાણવા મળ્યું છે કે અમેરિકાના પ્રવાસ પહેલા તેઓ ૧૨મી ફેબ્રુઆરીએ ફ્રાન્સમાં યોજાનારી કોન્ફરન્સમાં ભાગ લેશે અને ફ્રાન્સથી જ તેઓ અમેરિકા જશે. આ કોન્ફરન્સ એઆઇ આધારિત છે. જો કે, તેમનો આ કાર્યક્રમ હજી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યો નથી પરંતુ સૂત્રો પાસેથી માહિતી મળી છે કે વડાપ્રધાન મોદી ૧૦ અને ૧૧ ફેબ્રુઆરીએ ફ્રાન્સમાં રહેશે અને તેઓ ગ્રાન્ડ પેલેસ ખાતેના શિખર સંમેલનમાં પણ ભાગ લેશે.

એવા સંકેત મળી રહ્યા છે કે ટ્રમ્પ અને મોદી ૧૩ મી ફેબ્રુઆરીએ અમેરિકામાં મુલાકાત કરી શકે છે. આ સમય દરમિયાન ટ્રમ્પ પીએમ મોદી માટે રાત્રી ભોજનનું પણ આયોજન કરશે. આ પછી યોજનારી બેઠકમાં અમેરિકા અને ભારત વચ્ચે સંરક્ષણ અને પ્રાદેશિક સહયોગના મુદ્દા પર ચર્ચા થશે ઇન્ડો પેસિફિક મુદ્દે પણ ચર્ચા થઈ શકે છે. ટ્રમ્પે બંધ કરવાનો સંકેત આપ્યો છે. જો ટ્રમ્પ વહીવટી તંત્ર આમ કરશે તો તેની ભારત પર ઓછામાં ઓછી અસર પડશે. આ મુદ્દે બંને દેશ વચ્ચે વાતચીત પણ થઈ શકે છે.

એવી પણ અપેક્ષા છે કે પીએમ મોદી અમેરિકન કોર્પોરેટ નેતાઓ અને સમુદાયને પણ મળશે. કેનેડા, મેક્સિકન અને ચીન પરના ટેરિફને ધ્યાનમાં રાખીને ભારત અમેરિકાના વેપાર વિશે વાતચીત હવે ઘણી જરૂરી બની ગઈ છે. તેથી બંને રાષ્ટ્રના વડાઓ ટેરિફ વિશે પણ ચર્ચા કરી શકે છે. આ ઉપરાંત બંને દેશો વચ્ચે ગેરકાયદેસર ઇમિગ્રેશનના મુદ્દા પર પણ ચર્ચા થઈ શકે છે અને બંને જણ આ મુદ્દાનો મજબૂત ઉકેલ શોધવાનો પ્રયાસ કરી શકે છે.

યુનાઇટેડ સ્ટેટ એજન્સી ફોર ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ. તેણે ૭૦ વર્ષ પહેલાથી ભારતમાં કામ કરવાનુ શરૂ કર્યું છે. રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પના નજીકના સલાહકાર અને ડીપાર્ટમેન્ટ ઓફ ગવર્મેન્ટ એફિશિયન્સીના અધ્યક્ષ એલોન મસ્કે સોમવારે જાહેરાત કરી હતી કે ટ્રમ્પ કાર્યક્રમ બંધ કરવા માટે સંમત થયા છે.

જોકે, ભારતના આર્થિક વિકાસ પર તેની બહુ જ ઓછી અસર પડશે આ સંસ્થા સંઘર્ષથી પ્રભાવિત અન્ય દેશોને માનવતાવાદી સહાય પૂરી પાડે છે અને વિકાસતા દેશોને વિવિધ રીતે મદદ કરે છે. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન યુએસ દ્વારા ભારતને ૧૪૦ મિલિયન ડોલર મળવાના હતા જે ભારતના કુલ ૬૦૦ બિલિયનથી વધુના બજેટને ધ્યાનમાં લેતા ખૂબ જ નજીવી રકમ છે. દરમ્યાન નવી દિલ્હી અને અન્યત્ર યુએસ એમ્બસીની વેબસાઈટ પર આ સંબંધિત તમામ દસ્તાવેજો દૂર કરવામાં આવ્યા છે, તેથી પીએમ મોદી આ મુદ્દા પર પણ અમેરિકા સાથે વાત કરી શકે છે.


'પ્રોજેક્ટ ગ્રીન': આર્સેલર મિત્તલ નિપોન સ્ટીલ ઈન્ડિયાએ તેનાં સીએસઆર ફંડ હેઠળના 'પ્રોજેક્ટ ગ્રીન'ના ભાગરૂપ સોમવારે સુરતમાં પોલીસ અધિકારીઓને સેલ્ફ બેલેન્સિંગ ઈ-બાઈક આપ્યા બાદ ઈ-બાઈક પર સવાર અધિકારીઓ. (એજન્સી)

## સરકાર કુંભમાં મૃતકોના આંકડા છુપાવી રહી છેઃ અખિલેશ

નવી દિલ્હીઃ સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે મંગળવારે આરોપ લગાવ્યો હતો કે સરકાર પ્રયાગરાજમાં કુંભ સમારોહમાં થયેલી નાસભાગમાં મૃત્યુની સંખ્યા છુપાવી રહી છે.

તેમણે મેળાના આયોજનની અવ્યવસ્થાને ઢાંકવાનો પ્રયાસ કરનારાઓ સામે કડક પગલાં લેવાની માગ કરી હતી. રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચામાં ભાગ લેતા, તેમણે કહ્યું કે સરકારે ડિજિટલ કુંભનું આયોજન કરવાનો દાવો કર્યો, પરંતુ મૃતકોના આંકડા છુપાવી રહી છે. તેમણે માગ કરી હતી કે સરકાર કુંભની વ્યવસ્થા અંગે ચર્ચા કરવા માટે સર્વપક્ષીય બેઠક બોલાવે અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને લોસ્ટ એન્ડ ફાઉન્ડ સેન્ટર સેનાને સોંપે.

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભાજપ રાષ્ટ્રીય સ્તરે કેમ યુનિફોર્મ સિવિલ કોડ નથી લાવતો?

**ઉત્તરાખંડમાં** તમામ નાગરિકો માટે એક સરખા અંગત કાયદા માટેના યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)નો અમલ શરૂ થઈ ગયો પછી ભાજપ શાસિત ગુજરાત પણ જાગ્યું છે. ગુજરાતમાં પણ યુનિફોર્મ સિવિલ કોડ બનાવવા માટે કમિટીની રચનાની જાહેરાત કરાઈ છે. મંગળવારે બપોરે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ પત્રકાર પરિષદ કરીને યુસીસી માટે સમિતિ બનાવવાનું એલાન કરી દીધું.

ઉત્તરાખંડ સરકારે બનાવેલી કમિટીનાં ચેરમેન જસ્ટિસ રંજના દેસાઈ આ કમિટીનાં ચેરમેન છે જ્યારે દક્ષેશ ઠાકર, ગીતાબેન શ્રોફ, એડવોકેટ આર.સી. કોડેકર અને સી.એલ. મીણા તેનાં સભ્ય છે. આ સમિતિ યુસીસી અંગેના કાયદામાં કેવી જોગવાઈઓ રાખવી તેની ભલામણ રાજ્ય સરકારને કરશે અને તેના આધારે વિધાનસભામાં ખરડો પસાર કરીને ગુજરાતમાં યુનિફોર્મ સિવિલ કોડ માટેનો કાયદો બનશે. આ કાયદો ઉત્તરાખંડ સરકારે અમલી બનાવેલા યુસીસી કાયદાની ડીટ્ટો કોપી હોય એવી પ્રબળ શક્યતા છે.

ગુજરાત સરકાર યુસીસી મામલે બહુ મોડી મોડી જાગી છે કેમ કે ગુજરાત વિધાનસભાની ૨૦૨૨ની ચૂંટણીમાં ભાજપે યુનિફોર્મ સિવિલ કોડનો મુદ્દો ગજવીને ચૂંટણીઢંઢેરામાં યુસીસી લાવવાનું વચન આપ્યું હતું. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર થઈ એ પહેલાં જ ભાજપે યુનિફોર્મ સિવિલ કોડ કાર્ડ ખેલી નાખેલું.

૨૦૨૨માં જ યોજાયેલી ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશની વિધાનસભાની ચૂંટણી પહેલાં ભાજપે એલાન કરેલું કે, અમે ફરી ચૂંટાઈશું તો યુનિફોર્મ સિવિલ કોડનો અમલ કરીશું. ગુજરાતની સાથે જ હિમાચલ પ્રદેશમાં વિધાનસભા ચૂંટણી હતું. ભાજપે આ ચૂંટણીના એકાદ વરસ પહેલાં હિમાચલ પ્રદેશમાં પણ ફરી સત્તામાં આવીશું તો યુનિફોર્મ સિવિલ કોડનો અમલ કરીશું એવી જાહેરાત કરી નાખી હતી. ગુજરાતમાં પણ ભાજપે એ જ તર્જ પર ફરી સત્તામાં આવીશું યુનિફોર્મ સિવિલ કોડ લાવીશું એવું એલાન કરી નાખ્યું હતું.

ઉત્તરાખંડમાં ભાજપે સત્તામાં વાપસી પછી યુનિફોર્મ સિવિલ કોડ એટલે કે સમાન નાગરિક ધારો લાગુ કરવા માટેની પ્રક્રિયા નક્કી કરવા સમિતિ બનાવી હતી. ગુજરાતમાં ભૂપેન્દ્ર પટેલ સરકારે પણ ગુજરાતમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવા માટે સમિતિની રચનાની જાહેરાત કરી હતી. ચૂંટણીની જાહેરાત પહેલાંની રાજ્ય સરકારની છેલ્લી કેબિનેટ બેઠકમાં ગુજરાતમાં સમાન નાગરિક ધારો લાગુ કરવાની વાતને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ પછી ભાજપે એલાન કર્યું હતું કે, ભાજપ જીતીને ફરી સરકાર બનાવશે તો યુનિફોર્મ સિવિલ કોડના અમલ માટે ક્યાં પગલાં લેવાં એ નક્કી કરવા સુપ્રીમ કોર્ટ કે હાઇ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશના વડપણ હેઠળ એક કમિટી બનાવશે.

આ સમિતિમાં ત્રણ કે ચાર બંધારણીય અને કાનૂની નિષ્ણાત હશે. સમિતિ ગુજરાતમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવો કે નહીં અને લાગુ કરવો હોય તો કેવી રીતે કરવો તેની ભલામણો કરશે.

ગુજરાતમાં ભાજપ સત્તામાં આવી ગયો એ વાતને બે વર્ષથી વધારે સમય થઈ ગયો પણ ભાજપ યુનિફોર્મ સિવિલ કોડની વાત જ નહોતો કરતો. હવે ઉત્તરાખંડમાં યુસીસીનો અમલ થઈ ગયો પછી ગુજરાતમાં પણ ભાજપ સફાળો જાગ્યો છે અને સમિતિ બનાવી છે. આ સમિતિનો અહેવાલ આપવા માટેની સમયમર્યાદા નક્કી કરાઈ છે પણ ભારતમાં કોઈ કામ સમય પ્રમાણે થતું નથી એ જોતાં સમય તો લાગશે જ. ઉત્તરાખંડમાં યુનિફોર્મ સિવિલ કોડનો મુસદ્દો તૈયાર કરવા માટે ૨૭ મે, ૨૦૨૨ના રોજ નિવૃત્ત જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવી હતી અને તેના લગભગ પોણા બે વર્ષ પછી ૦૨ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ નિષ્ણાત સમિતિએ ચાર ભાગમાં પોતાનો અહેવાલ આપ્યો હતો.

યુનિફોર્મ સિવિલ કોડ બિલ ઉત્તરાખંડ વિધાનસભામાં ૦૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ પસાર થયું ને રાષ્ટ્રપતિ તરફથી બિલને ૧૧ માર્ચ, ૨૦૨૪ના રોજ મંજૂરી મળી ગયેલી. ગેઝેટમાં ઉત્તરાખંડ યુનિફોર્મ સિવિલ કોડ એક્ટને લગતું નોટિફિકેશન પણ ૧૨ માર્ચ ૨૦૨૪ના રોજ બહાર પાડી દેવાયું પણ યુનિફોર્મ સિવિલ કોડ એક્ટના નિયમોની મંજૂરી સહિતનાં કામોમાં બીજા દસેક મહિના નીકળી ગયા અને છેક હમણાં ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ તેનો અમલ થયો. મતલબ કે, લગભગ પોણા ત્રણ વર્ષ લાંબી પ્રક્રિયા પછી ગુજરાતમાં યુસીસીનો અમલ થયો.

ગુજરાતમાં કદાચ એટલો લાંબો સમય નહીં લાગે કેમ કે ઉત્તરાખંડ સરકારના યુનિફોર્મ સિવિલ કોડના રૂપમાં માળખું તૈયાર છે પણ તેને ગુજરાતના સંદર્ભમાં ઢાળવાનું છે છતાં બે વર્ષ ગણીને ચાલવું પડે. મોટા ભાગે તો ગુજરાતમાં ૨૦૨૭ના નવેમ્બરમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલાં યુસીસીનો અમલ થાય એવી શક્યતા વધારે છે.

ગુજરાત સરકારે મોડે મોડે પણ યુનિફોર્મ સિવિલ કોડનો અમલ કરવાનું નક્કી કરીને સારું કર્યું પણ આ બધા પ્રયત્નો અધૂરા મનના છે. વાસ્તવમાં ભાજપે રાષ્ટ્રીય સ્તરે તેનો અમલ કરવાની હિંમત બતાવવી જોઈએ. ભારતમાં યુનિફોર્મ સિવિલ કોડ બંધારણે સ્વીકારેલો સિદ્ધાંત છે. ૧૯૫૬માં સંસદે ઠરાવ કર્યો હતો કે, દેશના તમામ નાગરિકો માટે લગ્ન સહિતની અંગત બાબતોને લગતા કાયદા એકસરખા હોવા જોઈએ. દેશના બંધારણમાં કલમ ૪૪ હેઠળ સમગ્ર દેશમાં યુનિફોર્મ સિવિલ કોડના અમલના સૂચનનો સમાવેશ પણ કરાયો છે. આ સૂચનમાં સ્પષ્ટપણે લખાયું છે કે, દેશના તમામ નાગરિકો માટે એકસરખા પર્સનલ લૉ હોવા જોઈએ.

યુનિફોર્મ સિવિલ કોડના મૂળમાં ભારતના બંધારણે આપેલો સમાનતાનો અધિકાર મૂળભૂત અધિકાર છે. આપણા બંધારણમાં કલમ ૧૪ હેઠળ સમાનતાનો સિદ્ધાંત સ્વીકારાયો છે. તેના આધારે યુનિફોર્મ સિવિલ કોડના સિદ્ધાંતનો સ્વીકાર થયો છે. ભારતમાં બંધારણનું અર્થઘટન કરવા માટે સુપ્રીમ કોર્ટ સર્વોચ્ચ મનાય છે.

સુપ્રીમ કોર્ટે યુનિફોર્મ સિવિલ કોડનો અમલ કરવાની તાકીદ કરતો ચુકાદો ઓક્ટોબર ૨૦૧૫માં આપેલો. સુપ્રીમ કોર્ટે કહેલું કે, દેશમાં દરેક ધર્મના લોકો માટે અલગ અલગ કાયદા હોય એ ના ચાલે તેથી સમાન કાયદા ધરાવતો યુનિફોર્મ સિવિલ કોડ અમલી બનાવો. સુપ્રીમ કોર્ટે ચીમકી પણ આપી હતી કે, સરકાર યુનિફોર્મ સિવિલ કોડનો અમલ નહીં કરે તો પોતે ફરમાન કરીને યુનિફોર્મ સિવિલ કોડનો અમલ કરાવવો પડશે. ૨૦૧૯માં ફરી સુપ્રીમ કોર્ટે યુનિફોર્મ સિવિલ કોડની તરફેણ કરી હતી છતાં હજુ દેશભમાં યુનિફોર્મ સિવિલ કોડનો અમલ નથી થયો.

ભાજપ પોતાનું શાસન છે એવાં એક પછી એક રાજ્યમાં યુનિફોર્મ સિવિલ કોડનો અમલ કરાવવા માટેના કાયદા બનાવે છે પણ એ કાયદા બંધારણીય રીતે ટકે એમ નથી કેમ કે કોઈ રાજ્ય નાગરિકતાને લગતા કાયદા ના બનાવી શકે. ભાજપ ગમે તે કારણોસર રાષ્ટ્રીય સ્તરે યુનિફોર્મ સિવિલ કોડ લાવવાની હિંમત બતાવી નથી શકતો તેથી યુનિફોર્મ સિવિલ કોડનો મુદ્દો ભાજપ શાસનના ૧૦ વર્ષ પછી પણ લટકેલો છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ), બુધવાર, તા. ૫-૨-૨૦૨૫, દુર્ગાષ્ટમી, બુધાષ્ટમી, ખોડિયારમા જયંતી,

- ભારતીય દિનાંક ૧૬, માહે માઘ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ સુદ - ૮
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ સુદ-૮
- પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૧મો ગોવાદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩મુસ્લિમ રોજ ૬ઠ્ઠો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૭મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- નક્ષત્ર ભરણી રાત્રે ક. ૨૦-૩૨ સુધી, પછી કૃત્તિકા.
- ચંદ્ર મેષમાં મધ્યરાત્રિ પછી ક. ૨૬-૧૫ સુધી (તા. ૬ઠ્ઠી). પછી વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ), વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૨, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૮ સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સાંજે ક. ૧૭-૨૯, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૦ (તા. ૬)
- ઓટઃ સવારે ક. ૧૦-૫૪, રાત્રે ૨૩-૧૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માઘ શુક્લ - અષ્ટમી. દુર્ગાષ્ટમી, ભીષ્માષ્ટમી, બુધાષ્ટમી, ખોડિયારમા જયંતી, ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૩-૩૧.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ખાતમુહૂર્ત, યમદેવતાનું પૂજન, આમલીનું વૃક્ષ વાવવું, માલ વેંચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, બુધ ગ્રહદેવતાના જાપ આજ રોજ શ્રેષ્ઠ છે. બુધવાર અને અષ્ટમીનો સુંદર યોગ હોય શિવ અને શક્તિની ઉપાસનાનો શ્રેષ્ઠ યોગ છે. વેપારનો પ્રારંભ કરવો.
- આચમનઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ ઉગ્ર પ્રકૃત્તિના, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ સામાન્ય વ્યવહારમાં તકલીફ પડે, ચંદ્ર-હર્ષલ યુતિ અચોક્કસ સ્વભાવના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ, ચંદ્ર-હર્ષલ યુતિ (તા. ૬).
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, વક્રી મંગળ-મિથુન, બુધ-મકર, માર્ગી ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# કૅનેડા, મેક્સિકો સામેનો ટેરિફમાંનો વધારો 30 દિવસ મોકૂફ રાખતા ટ્રમ્પ

વૉશિંગ્ટનઃ અમેરિકાના નવા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ કૅનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડો અને મેક્સિકોનાં પ્રમુખ ક્લાઉડિયા શેઇન્બમ સાથે અલગ-અલગ મંત્રણા કર્યા બાદ ટેરિફમાંના વધારાનો અમલ ૩૦ દિવસ માટે મુલતવી રાખવા માટે સહમત થયા હતા.

અબજોપતિ ઇલોન મસ્કે જાહેર કર્યું હતું કે યુએસ એજન્સી ફોર ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ હાલમાં બંધ કરવાના મારા સૂચનની સાથે પ્રમુખ ટ્રમ્પ સહમત થયા હોવાથી આ એજન્સીના કર્મચારીઓને વૉશિંગ્ટનમાંના વડા મથક ખાતે ફરજ પર નહિ આવવાની સૂચના અપાઇ હતી.

દરમિયાન, કર્મચારીઓના સંગઠનોની યુતિએ કર્મચારીઓની છટણી કરવાના અને કર્મચારીઓના અન્ય લાભ રોકવાના સરકારના નિર્ણયને મુદ્દે ડિપાર્ટમેન્ટ ઑફ ગવર્મેંટ એફિસિયન્સીની સામે વૉશિંગ્ટનની ફેડરલ કોર્ટમાં કેસ કર્યો છે.

કર્મચારીના સંગઠનોએ આક્ષેપ કર્યો હતો કે ઇલોન મસ્કનો ડિપાર્ટમેન્ટ પ્રાઇવસી (અંગત ગુપ્ત બાબત)ના અનેક કાયદાનો ભંગ કરી રહ્યો છે.

આ ઉપરાંત, ટ્રમ્પે વિદેશી સહાય બંધ કરવાની કરેલી જાહેરાત સામે અનેક રાજકારણી પણ સવાલ ઉઠાવી રહ્યા છે. (એજન્સી) ■

# મોદી-ટ્રમ્પની મુલાકાત પહેલા અમેરિકામાં ગેરકાયદે વસતા ભારતીયોનો દેશનિકાલ

વોશિંગ્ટનઃ યુએસ રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે અમેરિકામાં ગેરકાયદે વસતા ઇમિગ્રન્ટ્સ સામે કાર્યવાહી કરવા આપેલા વચનોનો અમલ કરી રહ્યા છે. જે અંતર્ગત અમેરિકામાં ગેરકાયદે વસતા ભારતીય ઇમિગ્રન્ટ્સ સામે પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે. અહેવાલ મુજબ ગેરકાયદે ભારતીય ઇમિગ્રન્ટ્સને લઈને યુએસ મિલિટરી એરક્રાફ્ટ ભારત માટે રવાના થઈ ગયું છે. ઈ-૧૭ એરક્રાફ્ટ ૨૪ કલાક બાદ ભારત પહોંચશે, જોકે આ ફ્લાઇટમાં કેટલા લોકો છે હજુ સ્પષ્ટ થયું નથી.

ટ્રમ્પે અમેરિકન ઇતિહાસમાં સૌથી મોટા દેશનિકાલ અભિયાન ચલાવવાનું વચન આપ્યું હતું, અને યુએસ ઇમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ એ અમેરિકામાં વસતા લગભગ ૧૮,૦૦૦ ગેરકાયદે ભારતીય નાગરિકોની પ્રારંભિક યાદી તૈયાર કરી છે. આ યાદીમાં કુલ ૧૫ લાખ લોકોનો સમાવેશ થાય છે.

રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે પદભાર સાંભળ્યા પછી ભારતીય નાગરીકોના દેશ નિકાલની આ પ્રથમ ઘટના છે. ટ્રમ્પ અને યુએસના વિદેશ સચિવ માર્કો રુબિયો ભારત વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને વિદેશ પ્રધાન એસ જયશંકર સાથેની વાતચીત દરમિયાન અમેરિકામાં ભારતીયો દ્વારા ગેરકાયદે ઇમિગ્રેશન અંગે ચિંતા વ્યક્ત કરી ચુક્યા છે. અહેવાલ મુજબ ટૂંક સમયમાં ગેરકાયદે ઇમિગ્રન્ટ્સ વધુ ફ્લાઈટ્સ ભારત મોકલવામાં આવી શકે છે.

નોંધનીય છે કે ટૂંક સમયમાં વડા પ્રધાન મોદી અમેરિકાના પ્રવાસે જવાના છે, આ દરમિયાન તેઓ યુએસ રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે મહત્ત્વપૂર્ણ બેઠક કરવાના છે, જેના પર સૌની નજર છે. આ બેઠક દરમિયાન ભારતીય ઇમિગ્રન્ટ્સ અંગે ચર્ચા થઇ શકે છે.

નોંધનીય છે કે ટ્રમ્પ વહીવટીતંત્રે ગેરકાયદે ઇમિગ્રન્ટ્સ સામે કાર્યવાહી કરવામાં માટે યુએસ સૈન્યની મદદ માગી છે. જે અંતર્ગત યુએસ-મેક્સિકો સરહદ પર વધુ સૈનિકો મોકલવામાં આવ્યા છે, ઇમિગ્રન્ટ્સને દેશનિકાલ કરવા માટે લશ્કરી વિમાનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે અને ગેરકાયદે ઇમિગ્રન્ટ્સને મિલીટરી બેઝમાં રાખવામાં આવી રહ્યા છે.એક રિસર્ચ સેન્ટરના ડેટા અનુસાર, આશરે ૭,૨૫,૦૦૦ ભારતીય ઇમિગ્રન્ટ્સ ગેરકાયદે અમેરિકામાં રહે છે, જે મેક્સિકો અને અલ સાલ્વાડોર પછી સૌથી વધુ ગેરકાયદે ઇમિગ્રન્ટ્સ છે. ગયા મહિને, ભારતના વિદેશ પ્રધાન એસ જયશંકરે કહ્યું હતું કે અમેરિકામાં ગેરકાયદે વસતા ભારતીયોને દેશમાં પરત સ્વીકારવા ભારત સરકાર તૈયાર છે. ■

# હિંડનબર્ગ રિસર્ચ કોઇની ધમકીથી ડરીને બંધ નથી કરીઃ એન્ડરસન

નવી દિલ્હીઃ શોર્ટ-સેલર નેટહન એન્ડરસને સ્પષ્ટતા કરી હતી કે અમે હિંડનબર્ગ રિસર્ચ કોઇની ધમકી કે કાનૂની પગલાંથી ડરીને બંધ નથી કરી, પરંતુ વધુ પડતા કામ (વર્કલોડ)ને લીધે તે બંધ કરી છે. અમે અદાણી ગ્રૂપ સહિતની વિવિધ કંપની પર ભૂતકાળમાં કરેલા આક્ષેપને વળગી રહીએ છીએ.

હિંડનબર્ગ રિસર્ચે ૨૦૨૩ના જાન્યુઆરીમાં અદાણી ગ્રૂપ સામે ગેરરીતિનો આક્ષેપ કરતો અહેવાલ જાહેર કર્યો હતો, પરંતુ અદાણી ગ્રૂપે આ બધા આક્ષેપ નકાર્યા હતા. ન્યૂ યોર્કમાંના એન્ડરસને ફોન પર અને ટેક્સ્ટ મેસેજ દ્વારા આપેલા ઇન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે હિંડનબર્ગ રિસર્ચને સીસીઆરપી જેવા ભારત-વિરોધી ગ્રૂપ્સ કે જ્યોર્જ સોરોસની સાથે સંબંધ હોવાનું કહેતા આક્ષેપ માત્ર બદનામ કરવાનું ષડ્યંત્ર હતું.

એન્ડરસને પોતાના દ્વારા આઠ વર્ષ પહેલાં શરૂ કરાયેલી ફોરેન્સિક રિસર્ચ કંપનીને બંધ કરવાની ગયા મહિને જાહેરાત કરી હતી. એન્ડરસને ઇલેક્ટ્રિક ટ્રકની કંપની નિકોલાની વિરુદ્ધમાં અહેવાલ જાહેર કરીને પ્રસિદ્ધિ મેળવી હતી. બાદમાં તેણે અનેક મોટી કંપનીમાંની કે તેઓ દ્વારા આચરવામાં આવતી કહેવાતી ગેરરીતિના અહેવાલ જાહેર કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે મેં હિંડનબર્ગ બંધ કરવાની ૧૬ જાન્યુઆરીએ જે પત્ર દ્વારા જાહેરાત કરી હતી, તેમાં સ્પષ્ટતા કરી હતી કે હું કોઇ ધમકી, તબિયતને લગતી સમસ્યા કે અન્ય કોઇ અંગત બાબતસર કંપની બંધ નથી કરતો. (એજન્સી) ■

# વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે મહાકુંભમાં પવિત્ર સ્નાન કરશે

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં ભાગ લેશે અને લગભગ ૧૧ વાગ્યે સંગમ ખાતે પવિત્ર સ્નાન કરશે, એમ વડા પ્રધાનના કાર્યાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

૧૩ જાન્યુઆરીએ પોષી પૂર્ણિમાના દિવસે શરૂ થયેલો મહાકુંભ વિશ્વનો સૌથી મોટો આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મેળાવડો છે. વિશ્વભરના દેશોમાંથી લોકો મહાકુંભમાં આવે છે. આ મહાકુંભ ૨૬ ફેબ્રુઆરી મહાશિવરાત્રીના દિવસ સુધી ચાલશે.

દેશના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાને જાળવવા અને તેને આગળ વધારવા મોદી પ્રતિબદ્ધ છે અને એ માટે તેઓ ધાર્મિકસ્થળોએ માળખાકીય સહિતની સુવિધાઓ સુધારવા સતત પગલાં રહ્યા છે, એમ બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. ગયા વર્ષની ૧૩ ડિસેમ્બરે લીધેલી પ્રયાગરાજની મુલાકાત દરમિયાન મોદીએ સામાન્ય લોકોની સેવા અને સગવડ માટે કનેક્ટિવિટી વધારવા કુલ રૂ. ૫.૫૦૦ કરોડના ૧૬૭ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. (એજન્સી) ■

# ચૂંટણી પંચનો 'આપ' પર વળતો પ્રહારઃ 'અમે ત્રણ સભ્યોની સંસ્થા, એક વ્યક્તિથી નથી ચાલતી'

નવી દિલ્હીઃ આમ આદમી પાર્ટી (આપ) દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર પર લગાવવામાં આવેલા આરોપો બાદ ચૂંટણી પંચે મંગળવારે વળતો જવાબ આપ્યો હતો અને કહ્યું હતું કે ચૂંટણી પંચ એ ત્રણ સભ્યોની સંસ્થા છે જેણે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ચૂંટણી સત્તાવાળાઓએ બદનામ કરવા માટે ''ઇરાદાપૂર્વક વારંવાર દબાણ ઊભું કરવાની રણનીતિ''નું સામૂહિક રીતે નોંધ લીધી છે. ચૂંટણી પંચે કહ્યું કે એવી છાપ ઊભી કરવામાં આવી રહી છે કે ચૂંટણી પંચ એક સભ્યની સંસ્થા છે.

ચૂંટણી પંચે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર લખ્યું હતું કે તેણે બંધારણીય સંયમ રાખવા, આવા આરોપોને સમજદારી અને ધીરજથી સહન કરવાના તથા આવા આક્ષેપોથી પ્રભાવિત ન થવાનો નિર્ણય લીધો છે. આપના કન્વીનર અરવિંદ કેજરીવાલ સહિત પક્ષના ટોચના નેતાઓએ દાવો કર્યો છે કે ચૂંટણી પંચ ભારતીય જનતા પાર્ટી દ્વારા ચૂંટણી આચારસંહિતાના કથિત ઉલ્લંઘનની અવગણના કરી રહ્યું છે.

કેજરીવાલે આરોપ લગાવ્યો હતો કે રાજીવ કુમાર નિવૃત્તિ બાદ પદ મેળવવાની ઈચ્છામાં ભાજપ વિરુદ્ધ કાર્યવાહી કરી રહ્યા નથી. કુમાર ૧૮ ફેબ્રુઆરીએ ૬૫ વર્ષના થશે ત્યારે પદ પરથી નિવૃત્ત થશે. જ્ઞાનેશ કુમાર અને સુખબીર સિંહ સંધુ અન્ય ચૂંટણી કમિશનર છે.

ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, ત્રણ સભ્યોના પંચે દિલ્હીની ચૂંટણીમાં ઇસીઆઇને બદનામ કરવા માટે જાણીજોઇને વારંવાર દબાણ ઊભું કરવા માટેની રણનીતિની સામૂહિક રીતે નોંધ લીધી છે. એવી છાપ ઊભી કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે જાણે ચૂંટણી પંચ એક સભ્યની સંસ્થા હોય. ચૂંટણી પંચે આવા આરોપોનો સામનો કરતી વખતે સમજદારી અને ધીરજ સાથે બંધારણીય સંયમ રાખવાનો અને આવા આરોપોથી પ્રભાવિત ન થવાનો નિર્ણય લીધો છે. ■

# અમેરિકાના અનેક ઉત્પાદન પર ઇમ્પોર્ટ ડ્યૂટી વધારતું ચીન

## બીજિંગ ગૂગલ સામે તપાસ કરશે

બીજિંગઃ ચીનના વાણિજ્ય મંત્રાલયે અમેરિકાથી આયાત કરાતા અનેક માલસામાન પર ટેરિફ વધારવાની અને ગૂગલ સામે તપાસ યોજવા સહિતના વેપારને લગતા વિવિધ પગલાં લેવાની મંગળવારે જાહેરાત કરી હતી.

અમેરિકાએ ચીનથી આયાત કરવામાં આવતા માલસામાન પરના ટેરિફમાં વધારો કરતા, બીજિંગે વળતાં પગલાં લેવાનું શરૂ કર્યું છે.

ચીનની સરકારે જણાવ્યું હતું કે અમે અમેરિકાથી આયાત કરાતા કોલસા, લિક્વિફાઇડ નેચરલ ગૅસ ઉત્પાદનો પર પંદર ટકા અને ખનિજ તેલ, ખેતીની યંત્રસામગ્રી, મોટી કાર પર દસ ટકા ટેરિફ લાદ્યા છે.

તેણે સ્પષ્ટ શબ્દોમાં અમેરિકા પર આક્ષેપ કર્યો હતો કે અમેરિકાએ ટેરિફમાં એકપક્ષી વધારો કરીને વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશનના કાયદાનો ભંગ કર્યો છે અને તેનાથી બન્ને દેશ વચ્ચેના આર્થિક અને વેપાર અંગેના સહકારને નુકસાન થશે.

ટ્રમ્પે ચીનથી આયાત કરવામાં આવતા મોટા ભાગના માલસામાન પર દસ ટકા ટેરિફ નાખવાની અગાઉ જાહેરાત કરી હતી.

ટ્રમ્પ અને ચીનના પ્રમુખ શી જિનપિંગની વચ્ચે આગામી થોડા દિવસમાં દ્વિપક્ષી મંત્રણા યોજાવાની શક્યતા છે. ચીનના બજારના નિયંત્રકે મંગળવારે જણાવ્યું હતું કે અમે ગૂગલ સામે 'એન્ટિટ્રસ્ટ લૉ' હેઠળ તપાસ હાથ ધરીશું. (એજન્સી) ■




ચૂંટણીની તૈયારીઃ દિલ્હી વિધાનસભા ચૂંટણીની પૂર્વસંધ્યાએ એટલે કે મંગળવારે વિતરણ કેન્દ્ર પરથી ચૂંટણી સામગ્રી મેળવ્યા બાદ જઈ રહેલા ચૂંટણી અધિકારીઓ. (એજન્સી)

# સેનાના વડાના નિવેદનને મામલે રાહુલ ગાંધી ખોટા આક્ષેપો કરી રહ્યા છેઃ રાજનાથ

નવી દિલ્હીઃ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે મંગળવારે આક્ષેપ કર્યો હતો કે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી ભારત-ચીન સરહદ પરની સ્થિતિ અંગે સેનાના વડાએ કરેલા નિવેદનને મામલે ખોટા આક્ષેપો કરી રહ્યા છે.

સેનાના વડા માટે રાહુલ ગાંધીએ જે શબ્દો ઉચ્ચાર્યા હતા તેવા અગાઉ કોઈએ ક્યારેય ન ઉચ્ચાર્યા હોવાનું રાજનાથે કહ્યું હતું. રાષ્ટ્રહિતની બાબતોને મામલે પણ રાહુલ ગાંધી બેજવાબદાર રાજકારણ કરી રહ્યા છે એ ખરેખર ખેદજનક બાબત છે, એમ તેમણે કહ્યું હતું.

રાષ્ટ્રપતિના સંબોધનને મામલે સોમવારે મોશન ઑફ થૅન્ક્સ પરની ચર્ચા દરમિયાન વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે ચીનની સેનાએ ભારતીય સરહદમાં ઘૂસણખોરી કરી હતી, પરંતુ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેને રદિયો આપ્યો હતો, પરંતુ સેનાએ મોદીના નિવેદન અંગે અસહમતી દર્શાવી હતી.

ચીનની સેના ભારતીય સરહદમાં હોવાની વાતને મોદીએ નકારી કાઢી હતી, પરંતુ કોઈ અકળ કારણોસર ભારતીય સેના ચીનની સેના ભારતીય સીમામાં પ્રવેશી હોવાનું સતત કહેતી રહી છે અને ચીફ ઑફ આર્મી સ્ટાફે કહ્યું હતું કે ચીનની સેના ભારતીય સીમામાં છે.

ત્રણ ફેબ્રુઆરીએ લોકસભામાં ભાષણ દરમિયાન રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવેલા આ દાવાને રાજનાથ સિંહે મંગળવારે નકારી કાઢ્યો હતો અને આક્ષેપ કર્યો હતો કે રાહુલ ગાંધી ભારત-ચીન સરહદ પરની સ્થિતિ અંગે સેનાના વડાએ કરેલા નિવેદનને મામલે ખોટા આક્ષેપો કરી રહ્યા છે. ભારત-ચીન સરહદે પરંપરાગત પેટ્રોલિગંને મુદ્દે બંને સેના વચ્ચે મતભેદ હોવાનો સેનાના વડાએ ઉલ્લેખ કર્યો હતો, પરંતુ એ મતભેદ ઉકેલી લઈ સ્થિતિ પૂર્વવત કરી દેવામાં આવી હોવાની માહિતી લોકસભામાં આપવામાં આવી હોવાનું રાજનાથે કહ્યું હતું.

લોકસભામાં ભાષણ દરમિયાન રાહુલે અનેક મુદ્દે કરેલા ખોટા દાવાઓને મામલે તેમની વિરુદ્ધ વિશેષાધિકાર ભંગનું પગલું લેવામાં આવવું જોઈએ એવી ચર્ચા ભાજપના નેતાઓમાં થઈ રહી છે. (એજન્સી)

# મણિપુરમાં મોટી માત્રામાં હથિયારો અને વિસ્ફોટકો જપ્ત

ઇમ્ફાલઃ મણિપુરમાં સુરક્ષાદળોએ એક સર્ચ ઓપરેશન દરમિયાન વિષ્ણુપુર અને તેંગનોપાલ જિલ્લામાંથી મોટા પ્રમાણમાં હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો છે. પોલીસે મંગળવારે આ માહિતી આપી હતી. સોમવારે બિષ્ણુપુર જિલ્લામાં ખુગા નદીના કિનારે આવેલા ફૌગાકાચાઓ મમાંગ લેઇકાઇ વિસ્તારમાં સર્ચ ઓપરેશન દરમિયાન સુરક્ષાદળોએ એક મેગેઝિન સાથે એક એકે-૪૭ રાઈફલ, એક બે ઇંચનું એક મોર્ટાર, બે એસએમજી કાર્બાઈન, બે દેશી બનાવટની નવ એમએમ પિસ્તોલ જપ્ત કરી હતી. તે સિવાય ત્રણ હેન્ડ ગ્રેનેડ, બે આઇઇડી વિસ્ફોટકો, ૨૦ જિલેટીન સ્ટિક અને પાંચ નવ એમએમ કારતૂસ જપ્ત કરવામાં આવ્યાં હતાં. પોલીસે સોમવારે ઇમ્ફાલ પશ્ચિમ જિલ્લાના ખુયાથોંગ ક્રોસિંગ વિસ્તારમાંથી એક વ્યક્તિની ધરપકડ કરી હતી અને તેના કબજામાંથી પિસ્તોલ અને એક મેગેઝિન જપ્ત કર્યું હતું. રવિવારે તેંગનોપાલ જિલ્લાના દુથાંગ લાઇચિંગમાં સર્ચ ઓપરેશન દરમિયાન સુરક્ષાદળોએ મેગેઝિન સાથે ૯ એમએમ પિસ્તોલ, મેગેઝિન સાથે એકે-૪૭ રાઇફલ, ૩૦૩ રાઇફલ, ૧૨ બોર રાઇફલ (દેશી) અને અન્ય દારૂગોળો જપ્ત કર્યો હતો.

# સુરત, વડોદરા અને રાજકોટથી વોલ્વો બસ પ્રયાગરાજ મહાકુંભમાં જવા રવાના

અમદાવાદઃ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ મેળામાં ગુજરાતથી જતાં શ્રદ્ધાળુઓ માટે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત એસટી નિગમની વોલ્વો બસનો પ્રારંભ અમદાવાદથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ૪ ફેબ્રુઆરીથી સુરત, વડોદરા અને રાજકોટથી પણ વોલ્વો બસનો પ્રારંભ થયો હતો. પહેલા દિવસની ટ્રિપમાં ૭૦ ટકાથી વધુ બસ ફુલ છે. ૮ વર્ષના બાળકથી લઈને ૭૨ વર્ષીય વૃદ્ધામાં ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવવાને લઈ ઉત્સાહ જોવા મળ્યો હતો. શ્રદ્ધાળુઓનું ફૂલોથી સ્વાગત કરી અને મોઢું મીઠું કરાવી ભાજપ નેતાઓએ આવકાર્યા હતા. જે બાદ મહાકુંભની વોલ્વો બસને લીલીઝંડી આપી રવાના કરાઈ હતી. સુરતથી મહાકુંભ માટેની વોલ્વો બસને હર્ષ સંઘવીએ લીલીઝંડી આપી હતી. પ્રથમ દિવસે પ્રયાગરાજ માટે એક બસ ઊપડી હતી, જેમાં ૩૫ ભક્તો પ્રયાગરાજ ગયા હતા. સુરતથી હજુ બે બસ ઊપડશે, જેનું પણ ૫૦ ટકાથી વધુ બુકિંગ થઈ ચૂક્યું છે. મહાકુંભમાં જવા માગતા શ્રદ્ધાળુઓ માટે સરકારે સુરતથી પ્રયાગરાજ માટેની રોજ ૨ એસી વોલ્વો બસ દોડાવવા જાહેરાત કરી છે, જેને કારણે સુરતી શ્રદ્ધાળુઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ૨,૦૦૦ જેટલા સુરતી શ્રદ્ધાળુઓ પ્રયાગરાજના મહાકુભમાં સરળતાથી આસ્થાની પવિત્ર ડૂબકી લગાવી શકશે. બીજી તરફ સુરત એસટી નિગમને પણ રૂ. ૧.૬૧ કરોડની આવક થવાની સંભાવના છે. વડોદરાથી પ્રયાગરાજ મહાકુંભમાં જવા માટે ગુજરાત એસટીની વોલ્વો બસ સવારે ૬ વાગ્યે ઊપડી હતી, સવારે નીકળેલા શ્રદ્ધાળુમાં મહાકુંભમાં સંગમ સ્નાન કરવા માટે ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. વડોદરાથી પ્રયાગરાજ જવા માટે છેક બેંગ્લોર, મુંબઈ, અમદાવાદ અને ભરૂચથી લોકો આવ્યા હતા. વડોદરાથી પ્રયાગરાજ જવા માટે વોલ્વો બસનું ભાડું ૮૨૮૩ રૂપિયા છે. આ વોલ્વો બસ રાત્રે ૮ વાગ્યે શિવપુરી પહોંચશે. જ્યાં તમારે ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા કરાયેલી વ્યવસ્થા મુજબ રાત્રિ રોકાણ કરવાનું રહેશે. ત્યારબાદ બીજા દિવસે બસ સાંજે ૬ વાગ્યે પ્રયાગરાજ પહોંચશે. પ્રયાગરાજમાં રાતવાસો કર્યા પછી, બપોરે ૧ વાગ્યે સ્નાન કર્યા પછી શિવપુરી પરત ફરશે. ત્યારબાદ ચોથા દિવસે સવારે ૯ કલાકે બસ પરત વડોદરા જવા રવાના થશે. એસટી વિભાગના જણાવ્યા અનુસાર આ વોલ્વો બસ ૨૫ ફેબ્રુઆરી સુધી ચાલશે. રાજકોટથી પ્રયાગરાજ જતી એસટી બસને મેયર અને ધારાસભ્યો દ્વારા લીલીઝંડી બતાવવામાં આવી હતી. રાજકોટથી ૮ વર્ષના બાળક સહિત ૩૦ શ્રદ્ધાળુઓ આસ્થાની ડૂબકી લગાવશે, રાજકોટથી પ્રયાગરાજ અને પ્રયાગરાજથી રાજકોટ પરત આવવા માટેનું ભાડું રૂ. ૮,૮૦૦ છે અને રાજકોટથી જતા સમયે મધ્ય પ્રદેશ બોર્ડર પર બારણ ખાતે એસટી વિભાગ દ્વારા મુસાફરો માટે નાસ્તા અને રહેવાની સુવિધા રાખવામાં આવી છે અને રિટર્નમાં પણ આ જ પ્રકારે સુવિધા રહેશે. પ્રથમ બસ હોવાથી ૪૭માંથી ૩૦ સીટ પર બુકિંગ થયું છે. મહાકુંભ ચાલુ રહેશે, ત્યાં સુધી એસટી વિભાગ દ્વારા રાજકોટથી પ્રયાગરાજની બસ ચાલુ રાખવામાં આવશે.

# સમૃદ્ધ ગુજરાતના ખેડૂતો પર ₹ ૧.૪૪ લાખ કરોડનું દેવુંઃ સંસદમાં સરકારે આપ્યો જવાબ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશના સમૃદ્ધ રાજ્યોમાં ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે, જો કે સિક્કાની બીજી બાજુ એ છે કે, રાજ્યના ખેડૂતો ઉપર દેવાનું જંગી ભારણ છે.ભાજપ સરકાર છેલ્લા ઘણાં વર્ષોથી ખેતીનો વૃદ્ધિ દર બે આંકડામાં હોવાનો અને ખેડૂતોની સ્થિતિ ઉત્તમ હોવાનો દાવો કરે છે તેમ છતાં રાજ્યના ખેડૂતો વ્યાજના વારસ કેવી રીતે બન્યા તે મોટો સવાલ છે. ગુજરાતના ખેડૂતો ઉપર સહકારી, ક્ષેત્રિય ગ્રામીણ બેન્ક અને કોમર્શિયલ બેન્ક સહિતનું કુલ ૧.૪૪ લાખ કરોડ જેટલું દેવું છે. ત્રણે પ્રકારની બેન્કમાં કુલ ૫૫.૭૭ લાખ જેટલા ખાતામાં ખેડૂતોને આ ધિરાણ અપાયેલું છે. અનેક રાજ્યના ખેડૂતો ઉપર ગુજરાત કરતાં દેવાનું ભારણ ઓછુ હોવાનું આંકડા દર્શાવી રહ્યા છે.

રાજ્યમાં વર્ષોથી સિંચાઇ યોજનાઓ હેઠળ ખેડૂતોને પૂરતું પાણી, જરૂરિયાત મુજબ વીજળી અને કૃષિ પેદાશોને ટેકાના ભાવે ખરીદવામાં આવી રહી હોવાના સરકારના દાવા છતાં ખેડૂતોને ભારે દેવું કરવાની ફરજ પડી રહી છે. લોકસભામાં ૩ ફેબ્રુઆરીએ નાણા મંત્રાલય દ્વારા એક સવાલના જવાબમાં ગુજરાત સહિત વિવિધ રાજ્યમાં ખેડૂતો પરના દેવાની માહિતી આપવામાં આવી હતી. જેમાં ગુજરાતમાં કોમર્શિયલ બેન્કોમાં ૩૮.૪૦ લાખ ખાતાના ખેડૂતો પર ૧,૧૧,૪૫૯ કરોડ, સહકારી બેન્કોમાં ૧૨.૦૯ લાખ ખાતાના ખેડૂતો પર ૨૨,૫૪૬ કરોડ અને ૫.૨૮ લાખ ખાતાના ખેડૂતો પર ૧૦,૬૦૯ કરોડ રૂપિયાનું દેવું બાકી છે. કુલ મળીને ૫૫.૭૭ લાખ ખાતાનું ૧,૪૪,૬૧૪ કરોડ રૂપિયા થવા જાય છે. રાજ્યના ખેડૂતો એકંદરે સમૃદ્ધ ગણાતા હોવા છતાં અન્ય રાજ્યની સરખામણીમાં દેવાના આંકડાનું પ્રમાણ ખૂબ મોટું છે.

# યાત્રાધામ અંબાજીમાં બુલડોઝર ફરી વળતા ૮૯ પરિવારો છત વિહોણા બન્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લામાં આવેલા સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં કોરિડોરની કામગીરીને લઈ તંત્ર દ્વારા દબાણ ઝુંબેશ હાથ ધરાઇ હતી. જેમાં ૮૯ જેટલા દબાણો ઉપર તંત્રનું બુલડોઝર ફરી વળતા વર્ષોથી આ છત નીચે આશરો મેળવી રહેલા ૮૯ પરિવારો છત વિહોણા બન્યા હતા. જોકે તંત્રએ આશરો ગુમાવી બેઠેલા આ ૮૯ પરિવારના છત માટે વૈકલ્પિક વ્યવસ્થા તો કરી પરંતુ માત્ર ૧૧ રૂમ ફાળવી વૈકલ્પિક વ્યવસ્થાને નામે તંત્રએ નાટક રચ્યું છે અને તંત્રના આ નાટકને પગલે અનેક પરિવારો આજે પણ ખુલ્લામાં આશરો મેળવવા મજબૂર બન્યા છે. અંબાજીમાં છેલ્લા કેટલાક સમયથી કોરીડોરની કામગીરીની શરૂઆત થઈ છે અને આ કોરીડોરની કામગીરી દરમિયાન અનેક વિસ્તારોમાં દબાણ દૂર કરવામાં આવી રહ્યા છે. અત્યારે છેલ્લા કેટલાય વર્ષોથી ગબ્બર રોડ પર આવેલા રબારીવાસમાં પોતાનું કાચું પાકું મકાન બનાવી છતનું આશરો મેળવી રહેલા ૮૯ જેટલા પરિવારોના આશરા પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું હતું.દબાણ હટાવ્યાને એક સપ્તાહ વીત્યા બાદ પણ તંત્ર હજુ સુધી આ પરિવારોના આશરાની પૂરતી વૈકલ્પિક વ્યવસ્થા કરી શક્યું નથી. ૮૯ પરિવાર છત વિહોણા બન્યા અને તંત્રએ વૈકલ્પિક વ્યવસ્થાને નામે ઠાકોર સમાજની બોર્ડિંગમાં માત્ર ૧૧ રૂમોની વ્યવસ્થા કરી છે.

# દ્વારકા ડિમોલિશન પર સ્ટે માગતી તમામ અરજી હાઈ કોર્ટે ફગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઇ કોર્ટે બેટ દ્વારકા મેગા ડિમોલિશન માટે ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. ગુજરાત હાઈકોર્ટે સુનાવણી કરી વકફ બોર્ડ દ્વારા ડિમોલિશન પર રોક માગતી તમામ અરજી ફગાવી હતી. વકફ બોર્ડ પાસે ધાર્મિક દબાણો પરના પૂરતા પુરાવા ન હોવાથી સ્ટે ઓર્ડર કોર્ટે હટાવ્યો હતો. બેટ દ્વારકા વિસ્તારમાં ગૌચરની જમીન પર બાંધકામ કરવામાં આવેલી મસ્જિદો, મદરેસા અને દરગાહો ધરાશાયી કરવાની પ્રક્રિયા પર સ્ટે મૂકવાની માગ સાથે વકફ બોર્ડ દ્વારા અરજી કરવામાં આવી હતી.

દ્વારકા ડિમોલિશન મામલે વકફ બોર્ડ દ્વારા ડિમોલિશન પર રોક માગતી તમામ અરજી ગુજરાત હાઈ કોર્ટે ફગાવી હતી. બેટ દ્વારકા વિસ્તારમાં ગૌચરની જમીન પર બાંધકામ કરવામાં આવેલ મસ્જિદો, મદરેસા અને દરગાહો ધરાશાયી કરવાની પ્રક્રિયા પર રોક મૂકવાની માગ સાથે વકફ બોર્ડ દ્વારા અરજી કરવામાં આવી હતી. મુસ્લિમ સમાજ દ્વારા દાખલ કરવામાં આવેલ ૩ અરજીઓ પણ અદાલતે ફગાવી હતી. કોર્ટના ચુકાદા પર સ્ટે માગતી અરજી પણ કોર્ટે ફગાવી હતી. આ નિર્ણય પાછળ હવે દેવભૂમિ દ્વારકા જિલ્લાના વહીવટી તંત્ર માટે બંધારણોને (મસ્જિદ, મદરેસા, દરગાહ) ધરાશાયી કરવા માટેનો રસ્તો સાફ થયો છે. આ કોર્ટના નિર્ણયથી દબાણો દૂર કરવાના કાર્યને વેગ મળશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દ્વારકા જિલ્લામાં અગાઉ અમુક તત્વો દ્વારા અનઅધિકૃત રીતે સરકારી જમીન પર દબાણ કરવામાં આવેલા અતિક્રમણ સંદર્ભે જિલ્લા પ્રશાસન દ્વારા જરૂરી સરવે તેમજ નોટિસ આપવા સહિતની કાયદેસરની કાર્યવાહી બાદ આ અંગેની મુદત પૂર્ણ થયે દ્વારકાના પ્રાંત અધિકારી તેમજ તેમની ટીમ દ્વારા જિલ્લા પોલીસ પ્રશાસનને સાથે રાખીને આ પંથકમાં કરાયેલા રહેણાંક તેમજ કોમર્શિયલ વિસ્તારની સરકારી જગ્યાના દબાણને ખુલ્લી કરવાનો પ્લાન બનાવવામાં આવ્યો હતો. જેને અનુલક્ષીને દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડાને સાથે રાખી અને દબાણ દૂર કરવા માટેની તૈયારીઓ કરવામાં આવી હતી.

# કડીના ધારાસભ્ય કરશન સોલંકી કેન્સર સામેનો જંગ હાર્યાઃ ૬૮ વર્ષની વયે નિધન થયું

અમદાવાદઃ કડી વિધાનસભા ક્ષેત્રના ભાજપના ધારાસભ્ય કરશનભાઈ સોલંકીનું લાંબી માંદગી બાદ ૬૮ વર્ષની વયે અવસાન થયું હતું. ૩ ફેબ્રુઆરીના રોજ તેમની તબિયત વધુ લથડતા તેમને તાત્કાલિક અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન તેમણે અંતિમશ્વાસ લીધા હતા. જે બાદ તેમના વતન નગરાસણ ગામે તેમના પાર્થિવદેહના અંતિમસંસ્કાર કરાયો હતો. તેમની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં નાગરિકો, રાજનેતા જોડાયા હતા. તેમના અવસાનના સમાચાર મળતાં જ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, ઋષિકેશ પટેલ, નીતિન પટેલ સહિત ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓ પહોંચ્યા હતા. સમગ્ર કડી પંથકમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. ખાસ કરીને ભાજપના કાર્યકર્તાઓમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ હતી.અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકીય વર્તુળોમાં '૧૦૮' તરીકે જાણીતા કરશનભાઈ છેલ્લા દોઢ વર્ષથી કેન્સરની બીમારીથી પીડાઈ રહ્યા હતા.

કરશનભાઈ સોલંકી ૬૦ વર્ષની વયે ધારાસભ્ય બન્યા હતા. તેઓ ૨૦૨૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનું પ્રતિનિધિત્વ કરતા કડી વિધાનસભા મતવિસ્તારમાંથી જીત્યા હતા. તેમણે કૉંગ્રેસના પરમાર પ્રવિણભાઈ ગણપતભાઈને ૨૮,૧૯૪ મતોના માર્જિનથી હરાવ્યા હતા.

# સિનિયર આઈપીએસ અભય ચુડાસમાએ વયનિવૃત્તિ પહેલા પદ પરથી રાજીનામું આપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના સિનિયર આઈપીએસ અભય ચુડાસમાએ વયનિવૃતિના સમય પહેલા જ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું. અભય ચુડાસમાએ રાજીનામું આપતાં ચકચાર મચી ગઈ હતી.રાજીનામું આપ્યાં બાદ તેઓ રાજકારણમાં જોડાય તેવી શક્યતા છે. ૧૯૯૮ બેચના આઈપીએસ અધિકારી અભય ચુડાસમા ઑક્ટોબર મહિનામાં નિવૃત્ત થઇ રહ્યા હતા. તેઓ કરાઈ પોલીસ તાલીમ શાળામાં આચાર્ય તરીકે કાર્યરત હતા. વયનિવૃત્તના સાત મહિના પહેલા રાજીનામું આપતા અનેક પ્રકારના તર્કવિતર્ક થઈ રહ્યા છે, ગુજરાતમાં નગરપાલિકાની ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. આ પૂર્વે જ તેમણે રાજીનામું આપતા રાજકીય ક્ષેત્રે સક્રિય બને તેવી શક્યતા છે. તેઓ ભાજપ સંગઠનમાં સામેલ થાય તેવી અટકળો હાલ વહેતી થઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, અનેક મોટા ગુનાઓનો ભેદ ઉકેલનાર અભય ચુડાસમાની ગણના જાંબાઝ આઈપીએસ અધિકારી અભય ચુડાસમા મૂળ ધોળકા નજીક રતનપુર ગામના વતની છે. તેમને નાની ઉંમરે જ અંકલેશ્વર ખાતે ડી.વાય.એસ.પી. તરીકે પ્રથમ પોસ્ટિંગ મળ્યું હતું. સોહરાબુદ્દીન નકલી એન્કાઉન્ટર કેસમાં સસ્પેન્ડ કરાયેલા અભય ચુડાસમાને ફરીથી પોસ્ટીંગ કરવામાં આવ્યા હતા. રાજ્ય સરકાર દ્વારા અભય ચુડાસમાની ગાંધીનગરમાં ડીજી તરીકે નિમણૂક કરવામાં પણ આવી હતી. વિજિલન્સ સ્કવોડના એસપી તરીકેની સેવા પણ બજવી ચૂક્યા છે.ચુડાસમાની નકલી એન્કાઉન્ટર કેસમાં ૨૮ એપ્રિલ ૨૦૧૦ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. ચાર વર્ષની કાર્યવાહી બાદ ૨૮ એપ્રિલ ૨૦૧૪ના રોજ મુંબઈની કોર્ટે તેમની જામીન અરજી મંજૂર કરી હતી. અભય ચુડાસમા ૬ મહિનાના જામીન બાદ અમદાવાદ પરત ફર્યા છે. તેઓ ત્રણ વર્ષ સુધી નડિયાદ (ગુજરાત)ની બિલોદરા જેલમાં કેદ હતા. આ પછી તે એક વર્ષ સુધી મુંબઈ સેન્ટ્રલ જેલમાં રહ્યાં હતા.જેલમાંથી બહાર આવ્યા બાદ ફરી તેમનું પોસ્ટિંગ કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારે તેમની ગાંધીનગરમાં ડી જી વિલિલન્સ સ્કવોડના એસપી તરીકે નિમણૂક કરી હતી.

# હીરા ઉદ્યોગ વિશે બજેટમાં જાહેરાત ના થતા કારીગરો નારાજઃ ડાયમંડ વર્કર્સ યુનિયનના ઉપપ્રમુખ

અમદાવાદઃ હીરા ઉદ્યોગમાં છેલ્લા બે વર્ષથી મંદીનો માહોલ છે અને સરકારે પણ રત્નકલાકારોની અવગણના કરતા બજેટમાં કોઈ વિશેષ પેકેજની જોગવાઈ કરી નથી. આ દરમિયાન ડાયમંડ વર્કર યુનિયનના ઉપપ્રમુખ ભાવેશ ટાંકે જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષથી હીરા ઉદ્યોગ અંદર ભયંકર મંદી ચાલી રહી છે. મંદીના કારણે અસંખ્ય રત્નકલાકારો બેરોજગાર બન્યા છે, આર્થિક તંગી અને બેરોજગારીના કારણે એક વર્ષમાં ૫૦ કરતા વધારે રત્નકલાકારોએ આત્મહત્યા કરી છે. રત્નકલાકારો અને અમને એવી આશા હતી કે, બજેટમાં ડાયમંડ ઇન્ડસ્ટ્રીઝમાં કામ કરતા રત્નકલાકારોને ખાસ જોગવાઈ આપવામાં આવશે.

આર્થિક પેકેજ જાહેર કરવામાં આવશે. કોઈ યોજના જાહેર કરવામાં આવશે પરંતુ સરકારે રત્નકલાકારોની અવગણના કરી છે. સરકારે રત્નકલાકારોની દરકાર લીધા વગર જ જે લોકો બેરોજગાર છે તેને કોઈ પણ સહાય નહીં. જે લોકો આત્મહત્યા કરે છે તેને કોઈ સહાય નહીં કરીને સરકારે રત્નકલાકારોની અવગણના કરી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ બાબતે આવનારા સમયમાં ઈલેકશનની અંદર અમે રત્નકલાકારોને જાગૃત કરીશું અને રત્નકલાકારોને સમજાવીશું કે, આ એ સરકારે છે જયારે તમે મુસીબતમાં હતા. ત્યારે આ બજેટની અંદર જોગવાઈઓ કરવામાં આવી નથી. આ એ જ સરકાર છે જયારે આપણા ભાઈઓ આત્મહત્યા કરતા હતા.

# અમદાવાદ સિવિલ હૉસ્પિટલ ફરી એકવાર વિવાદમાંઃ દારૂની બોટલો મળતા ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં આવેલી એશિયાની સૌથી મોટી સિવિલ હૉસ્પિટલમાં દારૂની બોટલનો વીડિયો વાઇરલ થયો હતો. ૧૨૦૦ બેડની હોસ્પિટલ પાસે જાહેરમાં દારૂની બોટલ પડી હોવાનો વીડિયો વાઇરલ થયો હતો. આ ઉપરાંત હોસ્પિટલના ઠેર-ઠેર પડેલા કચરાના ઢગલા અને ગંદકીના વીડિયો પણ બહાર આવ્યા હતા. આ અંગે સિવિલ તંત્ર દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. સિવિલ હૉસ્પિટલ ભુવા બાદ ફરીથી દારૂની બોટલના મામલે વિવાદમાં આવી છે .સિવિલ હૉસ્પિટલમાં ૧૨૦૦ બેડ હોસ્પિટલ પાસેનો એક વીડિયો બહાર આવ્યો હતો, જેમાં દારૂની બોટલો પડેલી જોવા મળી રહી છે. જાહેરમાં જ કોઈ વ્યક્તિઓને દારૂ પીને બોટલ સિવિલ કેમ્પસમાં ફેંકી હતી. આ ઉપરાંત સિવિલ હૉસ્પિટલમાં કચરાના ઢગલા જેમાં કચરા પેટી ભરાયા બાદ પણ આસપાસ કચરાનો ઢગલો જોવા મળ્યો હતો.

સિવિલ હૉસ્પિટલમાં ખાનગી સિક્યુરિટી એજન્સી રાખવામાં આવી છે જે દરેક જગ્યાએ કામ કરતી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે, પરંતુ હોસ્પિટલ કેમ્પસમાં અજાણી વ્યક્તિઓ દારૂ પીને બોટલ નાખી ગયા છતાં સિક્યુરિટીને જાણ પણ થઈ નથી. અગાઉ પણ સિક્યુરિટીની હાજરીમાં જ ભૂવો આઈસીયુ સુધી પહોંચીને વિધિ કરી ગયો હતો. ત્યાર હવે ફરીથી દારૂની બોટલો મળી આવતા સિક્યુરિટી એજન્સી સામે સવાલ ઊભા થયા છે.

# વલસાડમાં સ્ટેટ મોનિટરિંગ સેલનો સપાટોઃ ૯૧ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વલસાડ જિલ્લામાં સ્ટેટ મોનિટરિંગ સેલે સપાટો બોલાવ્યો હતો. ભીલાડ ચેકપોસ્ટ નજીકથી લાખો રૂપિયાનો દારૂ ઝડપી પાડ્યો હતો, પોલીસે ૯૧ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.વલસાડ જીલ્લામાં એસએમસીની ટીમે દારૂ ભરેલી ટ્રક ઝડપી પાડી હતી. બાતમીના આધારે રેડ પાડી ૭૧ લાખ રૂપિયાના વિદેશી દારૂ ભરેલી ટ્રક ઝડપી પાડી હતી. તેમજ એસએમસીએ ૧ આરોપીની ધરપકડ કરી હતી, અન્ય ૩ આરોપીઓ ફરાર થઈ જતાં વોન્ટેડ જાહેર કરાયા હતા. એસએમસીએ ટ્રક સહિત ૯૧.૪૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. એસએમસીના દરોડા દરમિયાન ભીલાડ પોલીસ ઊંઘતી ઝડપાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ અગાઉ મોરબીમાં વધુ એક વખત એસએમસીના દરોડા પડ્યા હતા. શનાળા ગામ પાસે ગોડાઉનમાં ૧ હજાર જેટલી દારૂની પેટી સાથે ટેલર ઝડપી પાડી ૪ લોકોની ધરપકડ કરી છે. એસએમસીના દરોડા પડતા મોરબી પોલીસ પર સવાલો ઉઠ્યા હતા.

# દાહોદમાં મહિલા પર અત્યાચાર મામલે હાઈ કોર્ટની સુઓમોટો અરજીઃ સરકારને રિપોર્ટ આપવા હુકમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દાહોદના સાંજેલી ગામમાં એક મહિલાને ૧૫ જેટલા લોકોના ટોળા દ્વારા બાઈકની પાછળ સાંકળ વડે બાંધીને અર્ધનગ્ન હાલતમાં દોડાવવામાં આવી હતા. આ મહિલા પરિણીત હોવા છતાં તે પોતાના કોઈ પ્રેમીને મળતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાઇરલ થયો હતો. જો કે, પોલીસે આ મુદ્દે સમાચાર સંસ્થાઓના અહેવાલોના આધારે કેટલાક આરોપીઓને ઝડપીને કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. આ દરમિયાન ગુજરાત હાઇકોર્ટે આ ઘટનાનું સ્વયં સંજ્ઞાન લેતા જાતે અરજી દાખલ કરી હતી. આ મામલે રાજ્યના ગૃહ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તેમજ દાહોદ ડીએસપીને એક્શન ટેકન રિપોર્ટ હાઈકોર્ટ સમક્ષ રજૂ કરવાનો આદેશ કર્યો હતો. ૧૨ ફેબ્રુઆરીએ ચીફ જજની બેન્ચ સમક્ષ સરકાર જવાબ રજૂ કરશે.

આ ઘટનાની પીડિત મહિલા સહિત આવી ઘટનાઓમાં પીડિત મહિલાઓના માનસિક સ્વાસ્થ્ય, મેડિકલ સારવાર અને સુરક્ષા માટે કેવાં પગલાં લેવાય છે, તેનો રાજ્ય સરકાર જવાબ આપશે. દાહોદની આ દુર્ભાગ્યપૂર્ણ ઘટનામાં પીડિત મહિલાનો નિર્વસ્ત્ર વીડિયો કેટલાક પરપીડન વૃત્તિવાળા લોકોએ સોશિયલ મીડિયા ઉપર વાઇરલ કર્યો હતો.

આવા વીડિયોને ફેલાતા રોકવા સરકાર શું પગલાં લઈ રહી છે, તેનો જવાબ આપવાની પણ સૂચના આપી હતી. આ અરજી ચીફ જજની બેન્ચને રિફર કરાઈ હતી.

# સુરત રેલવે સ્ટેશન પર યુવક ટ્રેનના એન્જિન પર ચઢી ગયોઃ સાત ટ્રેનો મોડી પડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત રેલવે સ્ટેશન પર એક યુવકે ભારે હોબાળો કર્યો હતો, જેમા યુવક ટ્રેનના એન્જિન પર ચઢી ગયો હતો. જેના કારણે સ્ટેશન પર ઊભેલા મુસાફરોનો જીવ પણ અધ્ધર થઈ ગયો હતો. કારણકે યુવક ઈલેક્ટ્રિક તાર અડતા તેનો જીવ જઈ શકતો હતો. ટ્રેન પર ચઢીને યુવકે જે રીતે હંગામો કર્યો હતો તેનો વીડિયો પણ વાયરલ થયો હતો, જેને જોઈને મોટા ભાગના લોકોને આશ્ચર્ય થયું હતું. આ બનાવને પગલે સાત જેટલી ટ્રેનો મોડી પડી હતી, જેમા ટ્રેનો અડધો કલાક કરતા પણ વધારે સમય વિલંબિત થઇ હતી.

યુવક માનસિક રીતે બીમાર હોવાનું જાણવા મળ્યું હતું, જેના કારણે તેણે આ પગલું ભર્યું હતું. આ યુવક ટ્રેનના એન્જિન પર ચઢીને ઈલેક્ટ્રિક વાયર પકડવા જતો હતો. જોકે કોઈ અઘટિત ઘટના બને તે પહેલા રેલવે પોલીસ દ્વારા યુવકનો જીવ બચાવી લેવામાં આવ્યો હતો. યુવક ટ્રેન ઉપર ચઢી જવાની જાણ થતા જ રેલવે અધિકારીઓ દ્વારા ઈલેક્ટ્રિક સપ્લાય બંધ કરી દેવામાં આવી હતી. અંદાજે ૪૫ મિનિટ કરતા પણ વધારે સમય સુધી યુવક ટ્રેનના એન્જિન પર બેઠો રહ્યો બાદમાં રેલવે પોલીસ દ્વારા તેને નીચે ઉતારવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે યુવક ટ્રેનના ડબ્બા પર ચઢી જવાને કારણે જયપુર સુપરફાસ્ટ, મેમુ, ડબલ ડેકર, તેજસ એક્સપ્રેસ, હમસફર એક્સપ્રેસ, સયાજીનગરી અને ડિલક્ષ એક્સપ્રેસ મોડી પડી હતી, જેમાં આ બધી ટ્રેનો અંદાજે ૪૫ મિનિટ મોડી પડી હોવાનું જાણવા મળ્યું હતું.

# અમદાવાદના ગુલબાઈ ટેકરા વિસ્તારમાં પોલીસ પર હુમલા મુદ્દે કાર્યવાહીઃ છ આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં છેલ્લા ઘણા સમયથી કાયદો અને વ્યવસ્થા કથળી છે, અમદાવાદમાં પ્રજાના રક્ષક જ સુરક્ષિત નથી. અમદાવાદમાં ગુલબાઈ ટેકરા વિસ્તારમાં સોમવાર મોડી રાત્રે પોલીસે પર કેટલાક અજાણ્યા શખ્સોએ પથ્થરમારો કર્યો હતો. ડીજે બંધ કરાવવા પહોંચેલી પોલીસ પર પથ્થમારો કરવામાં આવ્યો હતો. પોલીસ પર પથ્થરમારો થતા સમગ્ર વિસ્તારોમાં દોડધામ મચી ગઇ હતી, પોલીસ પર હુમલા મુદ્દે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સીસીટીવીના આધારે ૬ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે ધીરુ મકવાણા, દિલીપ ભાટી, સુરજ ભાટી, ગોપાલ રાઠોડ, દેવા ભાટી અને વિનોદ ભાટી સહિતની ધરપકડ કરી હતી. આ ઉપરાંત પોલીસ અન્ય આરોપીની તપાસ શરૂ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરના ગુલબાઈ ટેકરા પાસે લગ્ન પ્રસંગ હતો, ૨ કલાક સુધીની પરવાનગી પૂર્ણ થયા બાદ પણ ડીજે વગાડ્યું હતું. સ્થાનિકોએ ફોન કરીને પોલીસને જાણ કરી હતી. ઉશ્કેરાયેલા લોકોએ પોલીસ પર પથ્થર ફેંક્યા હતા. તોફાની તત્ત્વો સાથે તકરાર વધતા અન્ય પોલીસ મોબાઈલ વેન બોલાવવી પડી હતી. ૩૦ જેટલા લોકોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો.

પથ્થરમારાના વીડિયોના આધારે ૬ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. વહેલી સવારથી પોલીસનું ગુલબાઈ ટેકરામાં પેટ્રોલિંગ શરૂ કર્યું હતું. સમગ્ર વિસ્તારમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# ગોંડલ તાલુકાના ગુંદાસરામાં મૂર્તિ વિસર્જન દરમિયાન બે બિહારી શ્રમિક ચેકડેમમાં ડૂબ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગોંડલ તાલુકાના ગુંદાસરા ગામે વસંત પંચમી નિમિત્તે ઉજવણીનો માહોલ અચાનક માતમમાં ફેરવાઈ ગયો હતો. સુપ્રીમ કાસ્ટ ફેક્ટરીમાં કાર્યરત બે બિહારી યુવાન શ્રમિકોએ સરસ્વતી માતાની મૂર્તિના વિસર્જન દરમિયાન જીવ ગુમાવ્યો હતો. આ ઘટના ૩ ફેબ્રુઆરીની સાંજે બની હતી, જ્યારે ૧૨થી ૧૫ લોકોનું જૂથ ગાજતે-વાજતે મૂર્તિને ગ્રામજનો નજીકના ચેકડેમ સુધી વિસર્જન માટે લઈ ગયા હતા. વિસર્જન દરમિયાન ૨૩ વર્ષીય અમનકુમાર ગૌતમરાય અને ૨૦ વર્ષીય કુમાર ગૌરવ સુભાષ માલાહર ઊંડા પાણીમાં આગળ વધ્યા અને ડૂબવા લાગ્યા હતા. લોકો બચાવ કરે તે પહેલાં જ બંને યુવાનો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં ફેક્ટરીના માલિક અને ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ગોંડલ ફાયરબ્રિગેડની ટીમે બંને મૃતદેહોને બહાર કાઢ્યા અને શિવમ સાર્વજનિક ટ્રસ્ટની એમ્બ્યુલન્સ મારફતે ગોંડલ સિવિલ હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. કરુણતા એ છે કે મૃતક કુમાર ગૌરવ પરિણીત હતો અને તેમને છ માસનો પુત્ર છે, જયારે અમનકુમાર અપરિણીત હતો. બંને યુવાનો છેલ્લા છ મહિનાથી સુપ્રીમ કાસ્ટ ફેક્ટરીમાં કાર્યરત હતા. સમગ્ર ઘટનાની તપાસ તાલુકા પીએસઆઈ કરી રહ્યા છે.

# મુંબઈની લોકલ ટ્રેનસેવામાં દસ ટકાનો વધારો કરાશે

મુંબઈઃ મુંબઈગરા માટે સારા સમાચાર છે. મુંબઈ લોકલ ટ્રેનની કાયાપલટ થવા જઈ રહી છે. મુંબઈ ઉપનગરીય રેલવેને અદ્યતન ઇલેક્ટ્રિક મલ્ટિપલ યુનિટ (ઇએમયુ) રેક મળવા જઈ રહ્યા છે. આ જાહેરાત કરતા રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે ભવિષ્યમાં મુંબઈ લોકલનું વેન્ટિલેશન 'વંદે ભારત એક્સપ્રેસ' જેવું જ હશે. સારી વેન્ટિલેશન સુવિધાઓને કારણે મુસાફરોને સુખદ અનુભવ થશે.

રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે મુંબઈની લોકલ ટ્રેનોની કાયાપલટ તો થશે, જ્યારે આગામી વર્ષોમાં ટ્રેનોની સર્વિસમાં પણ દસ ટકા વધારો થવાની ઉજ્જવળ શક્યતાઓ છે.

અહીં એ જણાવવાનું કે નાણાકીય બજેટમાંથી ભારતીય રેલવેની ફાળવણી અંગે રેલવે પ્રધાને કહ્યું હતું કે આ વખતે મહારાષ્ટ્રને રેકોર્ડ ૨૩,૭૭૮ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે, જે કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકાર દ્વારા ફાળવવામાં આવેલી રકમ કરતાં ૨૦ ગણી વધારે છે.

૨૦૨૫-૨૬ માટે રેલ્વે બજેટ ફાળવણી પર બોલતા, રેલવે પ્રધાને કહ્યું કે આ વખતે રાજ્યને રેકોર્ડ ૨૩,૭૭૮ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે, જે કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકાર દ્વારા ફાળવવામાં આવેલી રકમ કરતાં ૨૦ ગણી વધારે છે.

તેમણે વધુમાં માહિતી આપી હતી કે વિવિધ મુંબઈ અર્બન ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ્સ (એમયુટીપી) હેઠળ ૩૦૧ કિ.મી. નવી રેલવે લાઈનો નાખવામાં આવી રહી છે, જેમાં કુલ ૧૬,૪૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું છે.

તેમણે એ પણ માહિતી આપી હતી કે વર્તમાન ૩,૦૦૦ દૈનિક ઉપનગરીય ટ્રેન સેવાઓમાં ઓછામાં ઓછો ૧૦ ટકા વધારો કરવાની યોજના છે.

લોકલ ટ્રેનો અને લાંબા અંતરની ટ્રેનોની ક્ષમતા વધારવા માટે મુંબઈ સેન્ટ્રલ, પનવેલ, પરેલ, બાંદ્રા ટર્મિનસ, એલટીટી, કલ્યાણ જેવા હાલના ટર્મિનલ્સની ક્ષમતા વધારવામાં આવશે. તેમજ પરેલ, જોગેશ્વરી અને વસઈમાં નવા ટર્મિનલ વિકસાવવામાં આવશે. સેવાઓ વધારવા તેમજ સર્વિસ હેડવે (ટ્રેનો વચ્ચેનો સમય) ઘટાડવા માટે કવચ ૪.૦ જેવી અદ્યતન સુરક્ષા અને સિગ્નલિંગ સિસ્ટમનો અમલ કરવામાં આવશે. આનાથી ટ્રેનો વચ્ચેનો સમય ૧૮૦ સેકન્ડથી ઘટીને ૧૫૦ સેકન્ડ અને બાદમાં ૧૨૦ સેકન્ડ થઈ જશે.

મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ કોરિડોર અંગે વૈષ્ણવે કહ્યું કે ૩૪૦ કિલોમીટરનું કામ પૂર્ણ થઈ ગયું છે. અન્ડરસી ટનલનું બાંધકામ સંતોષકારક ગતિએ ચાલી રહ્યું છે.

અમૃત ભારત સ્ટેશન

અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ૧૩૨ સ્ટેશનનો પુનઃવિકાસ કરવામાં આવી રહ્યો છે જેમાં મુંબઈના ૨૯ સ્ટેશનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. વધુમાં, મહારાષ્ટ્ર સરકાર, રેલવે મંત્રાલય અને ભારતીય રિઝર્વ બેંક વચ્ચે ત્રિપક્ષી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, જેથી રેલ્વે પ્રોજેક્ટ્સને વેગ મળશે. આ કરાર હેઠળ, આરબીઆઈ મહારાષ્ટ્રના રેલવે પ્રોજેક્ટ માટે તેનો ૫૦ ટકા હિસ્સો સૌપ્રથમ રિલીઝ કરશે, જે બાદમાં રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવશે.

## ડિજિટલ એરેસ્ટ ફ્રોડમાં બોરીવલીની વૃદ્ધાને છેતરનારો રાજકોટનો લોન એજન્ટ પકડાયો

મુંબઈઃ ડિજિટલ એરેસ્ટ ફ્રોડમાં બોરીવલીની વૃદ્ધા પાસેથી ૧૭ લાખ રૂપિયા કથિત રીતે પડાવનારા રાજકોટના લોન એજન્ટની પોલીસે ધરપકડ કરી હતી.

નૉર્થ રિજન સાયબર પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ જયદેવ દવે (૪૨) તરીકે થઈ હતી.

ગુજરાતના રાજકોટમાં રહેતો દવે લોન એજન્ટ તરીકે કામ કરતો હતો. વિવિધ બૅન્ક અને ખાનગી ફાઈનાન્સ કંપનીમાંથી ગ્રાહકોને લોન અપાવવામાં તે મદદ કરતો હતો.

લોન અપાવવાને નામે આરોપી ગ્રાહકોના બૅન્ક ખાતાની વિગતો મેળવી લેતો હતો. બાદમાં સાયબર ફ્રોડથી રૂપિયા મેળવવા માટે તે બૅન્ક ખાતાનો ઉપયોગ કરતો હતો. છેતરપિંડીથી મેળવેલા રૂપિયા આ ખાતામાં જમા થતાં જ તાત્કાલિક તે બીજા બૅન્ક ખાતામાં ટ્રાન્સફર કરી દેતો હતો. પછી એ ખાતામાંથી રૂપિયા કઢાવીને તે આ ફ્રોડ સાથે સંકળાયેલા અન્ય આરોપીઓને નાણાં પહોંચતાં કરતો હતો. આ કામ માટે તેને કમિશનની નક્કી કરેલી રકમ મળતી હતી, એવું તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું.

બોરીવલીની વૃદ્ધાને ડિજિટલ એરેસ્ટને નામે દવેએ ૧૭ લાખ રૂપિયા ટ્રાન્સફર કરવાની ફરજ પાડી હતી, જેમાંથી ૧૦ લાખ રૂપિયા તેણે પોતાના કાકાના નામના બૅન્ક ખાતામાં પ્રાપ્ત કર્યા હતા.

તપાસ દરમિયાન બૅન્ક ખાતાની વિગતને આધારે પોલીસની ટીમ રાજકોટ પહોંચી હતી અને દવેના કાકાને તાબામાં લીધો હતો. પૂછપરછમાં એ ખાતાનો ઉપયોગ જયદેવ દવે કરતો હોવાનું જાણવા મળતાં પોલીસે તેની ધરપકડ કરી હતી.

## રાહુલ ગાંધી, મહારાષ્ટ્ર તમને ક્યારેય માફ નહીં કરેઃ ફડણવીસ

મુંબઇઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા લગાવવામાં આવેલા આરોપો સામે પ્રહારો કર્યા હતા અને જણાવ્યું હતું કે મહારાષ્ટ્રની પ્રજા રાહુલ ગાંધીને ક્યારેય માફ નહીં કરે. રાહુલ ગાંધીએ આક્ષેપ કરતા લોકસભામાં જણાવ્યું હતું કે મહારાષ્ટ્રમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી વચ્ચેના પાંચ મહિનાના સમયગાળામાં લગભગ ૭૦ લાખ નવા મતદારો ઉમેરવામાં આવ્યા છે. ફડણવીસે જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીએ મહારાષ્ટ્રના લોકોનું, છત્રપતિ શિવાજી મહારાજનું, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરનું અને વીર સાવરકરની જન્મભૂમિનું અપમાન કર્યું છે. વિધાનસભાની ચૂંટણીમાં તમારો પરાજય થયો અને મહારાષ્ટ્રના લોકોએ એનડીએને લોકશાહીનો આદેશ આપ્યો ત્યારે આત્મનિરીક્ષણ કરવાને બદલે તમે નિંદા કરી રહ્યા છો.

મહારાષ્ટ્રના લોકો તમને આ માટે ક્યારેય માફ નહીં કરે. માફી માગો રાહુલ ગાંધી!. સોમવારે બજેટ પરના રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર આયોજિત ચર્ચામાં લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી અંગે ઘણા આક્ષેપો કર્યા હતા અને કહ્યું હતું કે અહીં લોકસભાની ચૂંટણી પછી અને વિધાનસભાની ચૂંટણી પહેલા માત્ર પાંચ મહિનાના સમયગાળામાં છેલ્લા પાંચ વર્ષમાં જેટલા મતદારો ઉમેરવામાં આવ્યા તેનાથી વધુ મતદારો ઉમેરવામાં આવ્યા છે. લગભગ ૭૦ લાખ મતદારો નવા ઉમેરાયા છે.

જોકે, લોકસભામાં એ જ સમયે રાહુલના આક્ષેપોનો જવાબ આપતા ભાજપના સાંસદ પી.પી. ચૌધરીએ જણાવ્યું હતું તે, સંસદે મતદાર યાદીમાં નામ ઉમેરવા અને દૂર કરવા અંગે કાયદો બનાવ્યો છે. એમ લાગે છે કે રાહુલ ગાંધીને આની જાણ નથી. તેમનું નિવેદન તેમની અજ્ઞાનતાને કારણે છે. તેમણે કાયદો વાંચ્યો જ નથી. કાયદામાં બધી જોગવાઇઓ છે, જો તેમને લાગે છે કે એ ખોટો છે તો તેઓ વાંધો ઉઠાવી શકે છે, પણ અહીં સવાલ ઉઠાવવાથી ખબર પડે છે કે તેમને કાયદાની કોઇ જાણ જ નથી.

ટૉરેસ સ્કૅમઃ

## યુક્રેનિયન એક્ટર પાસે બીએમસીનું બોગસ બર્થ સર્ટિફિકેટ

મુંબઈઃ કરોડો રૂપિયાના ટૉરેસ ઇન્વેસ્ટમેન્ટ સ્કૅમમાં ધરપકડ કરાયેલા યુક્રેનિયન એક્ટર અર્મેન અતેઇન બોગસ બર્થ સર્ટિફિકેટ ધરાવે છે અને પોતે ભારતીય નાગરિક હોવાનો તેણે ખોટી રીતે દાવો કર્યો હતો, એવી માહિતી મુંબઈ પોલીસને કોર્ટને આપી છે.

એક્ટરની ગયા સપ્તાહે ધરપકડ કરવામાં આવી હતી અને તેની પોલીસ કસ્ટડી પૂરી થતી હોવાથી તેને સોમવારે કોર્ટમાં હાજર કરાયો હતો, જ્યાં તેને ૧૪ દિવસની જુડિશિયલ કસ્ટડી ફટકારાઇ હતી. પોલીસે કસ્ટડી વધારી આપવાની માગણી કરી નહોતી, પરંતુ જો જરૂર જણાશે તો નવેરસરથી અરજી કરી તેને પોલીસ કસ્ટડીમાં લેશે, એમ કોર્ટને જણાવ્યું હતું. તપાસ દરમિયાન એક્ટરે દાવો કર્યો હતો કે તે ભારતીય નાગરિક છે. તેણે પોતાની વાતને સમર્થન આપવા માટે બર્થ સર્ટિફિકેટ, આધાર કાર્ડ, ડ્રાઇવિંગ લાઇસન્સ અને અન્ય દસ્તાવેજો આપ્યા હતા. આ દસ્તાવેજોની તપાસ વખતે તેના બર્થ સર્ટિફિકેટ પર શંકા જાગી હતી. તેમાં મહાનગરપાલિકાના એફ વોર્ડ દ્વારા સર્ટિફિકેટ જારી કરાયું હોવાનો ઉલ્લેખ હતો. આથી કથિત સર્ટિફિકેટની એફ વોર્ડમાં ખરાઇ તપાસાઇ ત્યારે તે બોગસ હોવાનું જણાયું હતું. ટૉરેસ જ્વેલરી બ્રાન્ડ ધરાવતી પ્લેટિનમ હર્ન પ્રા.લિ. પર આકર્ષક વ્યાજ અને મલ્ટી-લેવલ માર્કેટિંગ (એમએલએમ) યોજનાઓના સંયોજન થકી રોકાણને નામે રોકાણકારો સાથે કરોડો રૂપિયાની ઠગાઇ કરવાનો આરોપ છે. આ કેસમાં છ જણની ધરપકડ કરવામાં આવી છે. અત્યાર સુધી ૧૦,૮૦૦ રોકાણકારોએ ફરિયાદ સાથે પોલીસનો સંપર્ક સાધ્યો છે. આ સંખ્યા રોજેરોજ વધતી જાય છે. આથી ઠગાઇનો આંકડો મોટો થવાની સંભાવના છે.

## લૂંટના ઇરાદે શિર્ડી સાંઈબાબા મંદિરના બે કર્મચારીની હત્યા

મુંબઈઃ શિર્ડીમાં લૂંટના પ્રયાસની અલગ અલગ ઘટનામાં તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી શ્રી સાંઈબાબા સંસ્થાન ટ્રસ્ટના બે કર્મચારીની હત્યા કરવામાં આવી હતી, જ્યારે એક ગંભીર રીતે ઘવાયો હતો.

અધિકારીના જણાવ્યા મુજબ હુમલો કરનારાઓમાંથી એક કિરણ જ્ઞાનદેવ સદા કુળેને પકડી પાડવામાં આવ્યો હતો, જ્યારે તેના સાથીની શોધ હાથ ધરવામાં આવી હતી. કિરણ શ્રી રામનગરનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. આરોપીઓએ લૂંટને ઇરાદે સોમવારની વહેલી સવારે હુમલો કર્યો હતો. હુમલામાં જીવ ગુમાવનારાઓની ઓળખ સુભાષ સાહેબરાવ ઘોડે (૪૩) અને નીતિન કૃષ્ણ શેજુલ (૪૫) તરીકે થઈ હતી. બન્ને જણ શિર્ડીના પ્રસિદ્ધ શ્રદ્ધાધામ સાંઈબાબા મંદિરના કર્મચારી હતા. અધિકારીના જણાવ્યા મુજબ ઘોડે ટેમ્પલ ડિપાર્ટમેન્ટમાં હેલ્પર હતો, જ્યારે સેજુલ સિક્યોરિટી ડિપાર્ટમેન્ટમાં કોન્ટ્રાક્ટ પર કામ કરતો હતો. બીજી ઘટનામાં એ જ આરોપીઓએ કરેલા હુમલામાં શ્રી કૃષ્ણનગરમાં રહેતા કૃષ્ણ દેહરકર જખમી થયો હતો. બન્ને હુમલા એક કલાકના સમયગાળામાં થયા હતા.

લૂંટને ઇરાદે આ હુમલા થયા હોવાનું પોલીસે જણાવ્યું હતું. આરોપીઓ વિરુદ્ધ અનેક ગુના નોંધાયેલા હોવાનું પોલીસ તપાસમાં જણાયું હતું.

## મહારાષ્ટ્રમાં જીબીએસના પાંચ નવા કેસ

પુણેઃ મહારાષ્ટ્રમાં જીબીએસના કેસમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. પુણેમાં પાંચ નવા કેસ સામે આવતા કુલ કેસ ૧૬૩ કેસ થઈ ગયા છે, એમ આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું. રાજ્યમાં આ બીમારીથી અત્યાર સુધીમાં પાંચ લોકોનાં મોત થયા છે.

અધિકારીઓના જણાવ્યા મુજબ સોમવારે પાંચ કેસ મળી આવ્યા હતા. પુષ્ટિ થયેલા જીબીએસ કેસોની સંખ્યા ૧૨૭ છે. ૧૬૩ સંદિગ્ધ કેસમાંથી ૩૨ કેસ પુણે શહેરના, ૮૬ કેસ પુણે કોર્પોરેશનની હદ સાથે જોડાયેલા ગામના, ૧૮ પિંપરી ચિંચવડના અને ૧૯ કેસ પુણેના અન્ય ગ્રામીણ વિસ્તારના અને ૮ અન્ય જિલ્લાઓના છે. અધિકારીએ જણાવ્યું હતું કે ૧૬૩ દર્દીઓમાંથી ૪૭ દર્દીઓને અત્યાર સુધીમાં રજા આપવામાં આવી છે, ૪૭ દર્દીઓ આઈસીયુમાં હતા અને ૨૧ દર્દીઓ વેન્ટિલેટર સપોર્ટ પર હતા. તેમણે જણાવ્યું હતું કે પુણે શહેરના વિવિધ ભાગોમાંથી કુલ ૧૬૮ પાણીના નમૂના રાસાયણિક અને જૈવિક વિશ્લેષણ માટે જાહેર આરોગ્ય પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા હતા, જેમાં આઠ પાણીના નમૂનાઓ દૂષિત હોવાનું જાણવા મળ્યું હતું.

## પુણે અને સતારા જિલ્લાઓને સીધો ફાયદો કરતા બે નિર્ણય કેબિનેટમાં લેવાયા

મુંબઈઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મંગળવારે રાજ્ય પ્રધાન મંડળની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ત્રણ વિભાગો અંગે મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. તેમાં મહેસૂલ, જળ સંસાધન અને જમીન અને જળ સંરક્ષણ વિભાગોના મહત્ત્વપૂર્ણ નિર્ણયોનો સમાવેશ થાય છે. આ બે નિર્ણયો પુણે અને સતારા જિલ્લાઓના સંદર્ભમાં લેવામાં આવ્યા છે અને અભય યોજનાને એક વર્ષ માટે લંબાવવાનો આ નિર્ણય રાજ્યભરના નાગરિકો માટે રાહતનો વિષય છે.

## લાડકી બહેન યોજના ચાલુ રહેશેઃ એકનાથ શિંદે

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું છે કે લાડકી બહેન યોજના કોઈપણ અવરોધ વગર ચાલુ રહેશે. તેમણે ફરી એક વખત રાજ્યની મહિલાઓ માટે કલ્યાણકારી યોજના અંગેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

થાણેમાં સોમવારે રાતે આયોજિત એક કાર્યક્રમમાં કહ્યું હતું કે મહાયુતિ સરકાર ક્યારેય લાડકી બહેન યોજનાને બંધ કરવા દેશે નહીં.

તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે મહાયુતિ સરકાર સામાજિક કલ્યાણની યોજનાઓ પ્રત્યે પ્રતિબદ્ધ છે.

અમારી જવાબદારીમાં વધારો થયો છે, કેમ કે અમને ફરી એક વખત જનતાની સેવા કરવાની તક આપવામાં આવી છે, એમ રાજ્યના નાયબ મુખ્ય પ્રધાનની સાથે જ ગૃહનિર્માણ અને નગરવિકાસ ખાતાની જવાબદારી સંભાળતા એકનાથ શિંદેએ કહ્યું હતું. તેમણે મુંબઈ, થાણે, પુણે અને બાકીના રાજ્યમાં પડતર ગૃહનિર્માણ પ્રકલ્પની ચિંતાઓને દૂર કરવાનું કામ કર્યું હતું.

તેમણે એવી ખાતરી આપી હતી કે અટકી પડેલા પ્રોજેક્ટ, જેમાં કેટલાક પચીસ વર્ષથી અટકી પડ્યા છે તેમને સમયબદ્ધ પદ્ધતિએ પૂરા કરવામાં આવશે.

તેમણે મહારાષ્ટ્ર સરકાર દ્વારા લાવવામાં આવેલી ક્લસ્ટર ડેવલપમેન્ટ યોજનાની પ્રશંસા કરી હતી અને તેને અન્ય કોઈ દેશમાં જોવામાં ન આવેલી વિશેષ પદ્ધતિ ગણાવી હતી. ક્લસ્ટર યોજના બધા જ પ્રકારના પુનર્વસન અને વિકાસના પ્રકાર માટે સારામાં સારો ઉકેલ છે. આનાથી દરેક અસરગ્રસ્ત પરિવારને તેમને મળવા જોઈતા લાભ મળે છે. રાજકીય વિરોધીઓની ટીકા કરતાં તેમણે કહ્યું હતું કે સરકાર ફક્ત ફોટા દેખાડીને મોટી મોટી જાહેરાતો નથી કરી, પરંતુ કામ કરીને પરિણામ આપે છે. હવે હું ગૃહનિર્માણ પ્રધાન છું અને લાંબા સમયથી પડતર પ્રોજેક્ટ પૂરા થાય તેનું ધ્યાન રાખીશ, એમ પણ તેમણે કહ્યું હતું.

## ખીચડી કૌભાંડના આરોપી અને ઉદ્ધવ-સેનાના નેતાને જામીન

મુંબઈઃ કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન મુંબઈમાં સ્થળાંતરિત કામદારોને 'ખીચડી' પેકેટના વિતરણમાં કથિત ગેરરીતિઓ સાથે જોડાયેલા મની લૉન્ડરિંગ કેસમાં મુંબઈ હાઈ કોર્ટે ગઇ કાલે શિવસેના (યુબીટી) ના કાર્યકારી સૂરજ ચવાણને જામીન આપ્યા છે. ન્યાયાધીશ મિલિંદ જાધવે ચવાણની જામીન અરજી મંજૂર કરતા કહ્યું કે તેને એક વર્ષથી વધુ સમય માટે જેલમાં રાખવામાં આવ્યા છે અને આ કેસની ટ્રાયલ ''નજીકના ભવિષ્યમાં પૂર્ણ થવાની શક્યતા નથી.

'' કોર્ટે કહ્યું કે, ''જો અરજદારની અટકાયત વધુ ચાલુ રાખવામાં આવે તો તે ભારતના બંધારણની કલમ ૨૧ હેઠળ ઝડપી ટ્રાયલ અને વ્યક્તિગત સ્વતંત્રતાની ગેરંટીના તેના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન ગણાશે.'' એન્ફોર્સમેન્ટ ડિરક્ટોરેટએ જાન્યુઆરી ૨૦૨૪ માં ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી) ની યુવા પાંખ, યુવા સેનાના કોર કમિટી સભ્ય ચવાણની ધરપકડ કરી હતી. ઇડી મુજબ, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને કોવિડ-૧૯ ના કારણે લોકડાઉન દરમિયાન શહેરમાં ફસાયેલા સ્થળાંતરિત કામદારોને ખીચડીના પેકેટનું વિતરણ કરવા માટે ફોર્સ વન મલ્ટિ સર્વિસીસના બેંક ખાતામાં ૮.૬૪ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. ફોર્સ વન મલ્ટિ સર્વિસિસે ગુનામાંથી રૂ. ૩.૬૪ કરોડની આવક ઉભી કરી હતી, જેમાંથી રૂ.૧.૨૫ કરોડ ચવાણના બેંક ખાતામાં અને રૂ. ૧૦ લાખ તેમની ભાગીદારી કંપની ફાયર ફાઇટર્સ એન્ટરાઇઝના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા, એવો દાવો કરવામાં આવ્યો હતો. હાઈ કોર્ટે ચવાણને ૧ લાખ રૂપિયાના કામચલાઉ રોકડ જામીન પર મુક્ત કરવાનો નિર્દેશ આપ્યો હતો. જેલમાંથી મુક્ત થયાના ચાર અઠવાડિયામાં સમાન રકમની એક કે બે જામીનગીરી આપવાની પણ મંજૂરી આપી હતી.

## જૈન મરણ

**દશા મોઢ માંડલિયા વણિક**

મૂળ ગામ જસદણ હાલ મુંબઈ તે ચંદ્રકાંત બાબુલાલ પટેલના ધર્મપત્ની સ્વ. શોભનાબેન (ઉ.વ. ૭૫) તે ૩-૨-૨૫ના શ્રીજી ચરણ પામેલ છે. તે જતીન તથા અમિતના માતુશ્રી. તે વૈશાલી, શિલ્પાના સાસુ. તે સ્વ. કંચનબેન વ્રજલાલ મોદીના દીકરી. તે દિનેશભાઈ, મહેન્દ્રભાઈ, રશ્મિભાઈ તથા સુરેખાબેનના બેન. તે ધ્રૂમિલ, હર્ષિલના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

**જામનગર મોઢ વણિક**

હાલ મુંબઇ સ્વ. શશીકળાબેન અને સ્વ. શાંતિલાલ પુરુષોતમ મણિયારના સુપુત્ર અશ્વિન (ઉં. વ. ૭૪) તે સ્વ. શીલાબેન (સરોજબેન) અશ્વિનભાઇ મણિયારના પતિ. અમીત, સંધ્યા, હિરલના પિતા. નલીની અરવિંદ મહેતા, હરેશ, શૈલેશ, મનોજના ભાઇ. સ્વ. પોપટલાલ લધુભાઇ વડોદરિયાના જમાઇ. તા. ૩૦-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ભરૂચ વિશા લાડ વણિક**

ભાઇ પ્રશાંત (ઉં.વ.૫૮) તે સ્વ. સ્મિતાબેન તથા સ્વ. શિરીષભાઇ શાંતિલાલ દલાલના સુપુત્ર. કૈરવીના પતિ. નીલના પિતા. યેશાના સસરા. શ્રેયસના ભાઇ. સ્વ. ચારુબેન તથા મયંકભાઇ દરુના જમાઇ તા. ૩૧-૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા બુધવાર, તા. ૫-૨-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. વંદના બેંક્વેટસ, ઠાકુર વિદ્યા મંદિર પાસે, ઠાકુર કોમ્પ્લેક્સ, કાંદિવલી (ઇસ્ટ) લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી મોઢ વણિક**

સ્વ. પ્રીતમલાલ વેણીલાલ શાહના પુત્ર અને સ્વ. રમણીકલાલ કનૈયાલાલ મહેતાના જમાઇ પિયુષ પ્રીતમ શાહ (ઉં. વ. ૬૧) તે સોનલના પતિ. શ્રુંગેશ, જાનવીના પિતા. કેતન, કવિતા, નીપા, જયવંતીના ભાઇ. શ્રેયા, જયના સસરા તા. ૨-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૬-૨-૨૫ના ૪થી ૬. ઠે. પાવનધામ, એમસીએ મેદાનની બાજુમાં, સત્યા નગર, કાંદિવલી (વેસ્ટ).

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

મોણપુર (મહુવા) નિવાસી હાલ થાણા સ્વ. અનંતરાય જયંતીલાલ મહેતાના ધર્મપત્ની પુષ્પાબેન (ઉં. વ. ૮૩) તે અ. સૌ. અલકા સમીરભાઇ દોશી તથા ભાવેશ અનંતરાય મહેતાના માતુશ્રી. અ. સૌ. રૂચિતાના સાસુ. સ્વ. શારદાબેન વેણીલાલ દોશી, સ્વ. ભોગીભાઇ, સ્વ. બાબુભાઇ, ગં. સ્વ. હેમલતાબેન વિઠ્ઠલદાસ પારેખના બેન. તે અમીચંદ ન્યાલચંદ શેઠની સુપુત્રી. કિંજલ તથા ચાંદનીના નાની રવિવાર, તા. ૨-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**અનાવિલ બ્રાહ્મણ**

શારદાબેન દોલતરાય મિત્ર (ઉં. વ. ૯૪) તા. ૩-૨-૨૫ના સોમવારના અવસાન થયેલ છે. તે સ્વ. દોલતરાય મિત્રના પત્ની. ઉમેશભાઇ, જયંતભાઇના માતુશ્રી. ડૉ. ભૈરવી અને ડૉ. નિલના દાદી. તે ડૉ. અંક્તિભાઇ એન. દેસાઇના દાદી સાસુ. તે વલસાડ પારડી જીવણજી દેસાઇના પુત્રી. ઠે. એ-૫૦૪, આદીનાથ એપાર્ટમેન્ટ, ૨૮૧, તારદેવ રોડ, મુંબઇ-૭, બેસણું રાખવામાં આવેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**પરજીયા સોની**

મૂળ ગામ ચર વાળા હાલ બોરીવલી નિવાસી સ્વ. વિજયભાઇ હંસરાજભાઇ સતીકુવર (પટ્ટણી) (ઉં. વ. ૭૪) તે રેખાબેનના પતિ. તે જશવંતભાઇ, ડાયાભાઇ, સ્વ. કાંતિભાઇના ભાઇ. તે મયુર, ચીરાગ તથા દીપાબેન ધર્મેશભાઇ સલ્લાના પિતા. તે રુપલ, ગોપીના સસરા. તે સીમરન, આશી, ધિયાન, કિયાંશનાં દાદા. તે તુલસીદાસ પીતાંબરભાઇ ધકાણ (વીરનગરવાળા)ના જમાઇ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૬-૨-૨૫ ગુરુવારના ૪થી ૬. ઠે. રઘુલીલા મોલ, બોરીવલી (વેસ્ટ).

**કપોળ**

શિહોરવાળા સ્વ. રમાબેન તથા સ્વ. મંગલદાસ હરજીવનદાસ ભુતાના પુત્ર અરુણ (ઉં. વ. ૭૫) તે અરુણાના પતિ તા. ૧-૨-૨૫ના શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે દેવાંગ તથા જિગ્નેશના પિતા. અ. સૌ. શિવાંગી તથા અ.સૌ. દેવાંગીના સસરા. તે ડુંગરવાળા સ્વ. છોટાલાલ મોહનલાલ સંઘવીના જમાઇ. તે સ્વ. મૃદુલા વોરા, નીલા ગાંધી તથા દક્ષા વોરાના ભાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**હાલાઇ ભાટીયા**

ધરણગામ નિવાસી હાલ કાંદિવલી સ્વ. નિકુંજ દુતિયા (ઉં. વ.૪૩) તે ઉષા ઉદય દુતિયાના પુત્ર. તે ભૈરવીના પતિ. તે મનસ્વીના પિતા. દિનાબેન અજયભાઇ છીછીયાના જમાઇ. પંકજ, સ્વ. આશા સુરેશ ગોકલગાંધી, ગં. સ્વ. ભારતી પરેશ નેગાંધી, સ્વ. શશી હિતેશ મીરાણીના ભત્રીજા. સ્વ.લલિતાબેન મથુરાદાસ મોરપરીયાના દોહીત્ર તા. ૧-૨-૨૫ના શનિવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૬-૨-૨૫ના સાંજે ૫થી ૬.૩૦. ઠે. મહાવીર બેન્કવેટ, પંચશીલ આર્કેડ બિલ્ડિંગ, ૧લે માળે, મહાવીરનગર, ડીમાર્ટની સામે, કાંદિવલી (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

## હિન્દુ મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

**કપોળ**

ભેરાઇવાળા લલિતાબેન નારણદાસ ગોરડીયાના સુપુત્ર સ્વ. ડૉ. જિતેન્દ્રના ધર્મપત્ની હિરાલક્ષ્મી જે હિના જવાહર દેસાઇ, લોપા ચંદ્રેશ મહેતા, પારૂલ વિનોદ મહેતા, જીજ્ઞા મધુસુદન શાહના માતુશ્રી. તે દમુબહેન, ક્રિષ્ણાબહેન, કોકિલાબેનના ભાભી. અમરેલીવાળા વિજયાબેન ગંગાદાસ સંઘવીની દીકરી તે તા. ૪-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૬-૨-૨૫ ગુરુવારના ૫થી ૭. ઠે. બેન્કવેટ હોલ, લોઢા વર્લ્ડ ટાવર્સ, લોઅર પરેલ, મુંબઇ-૪૦૦૦૧૩.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

પ્રાંતિજ નિવાસી હાલ વિલેપાર્લે સ્વર્ગીય મુકુંદભાઈ મણીલાલ દેસાઈના ધર્મપત્ની ગં. સ્વ. નયનાબેન (ઉં. વ. ૮૫) તા. ૩૧.૧.૨૫ ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વર્ગીય કાંતિલાલ માણિકલાલ ખારીડિયાના દિકરી. તે નિરીક્ષાબેન, રત્નેશભાઈના માતા. તે કિશોરભાઈ ટોલિયા આને સોનલ બેનના સાસુ. તે કૈરવી, ધ્રુવી અને તિગ્માંશુના નાની. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટિયા**

હરિદાસ વલ્લભદાસ કામદાર (ઉં. વ. ૯૦) તે સ્વ. હેમલત્ત (ચંદુબેન)ના પતિ, તે સાકરીબાઈ (વેલાબાઈ) વલ્લભદાસ કામદારના પુત્ર. હરજીવન લીલાધરના જમાઈ. તે રવિ, નીતુ પ્રશાંત આશર તથા પ્રિતી વિમલ પુરેચાના પિતા. તે કલ્પના (રાધિકા)ના સસરા. ત્થા દિશાંકના દાદા. તે પ્રિતેય, તેજસ્વીની તથા અંકીતાના નાના તા. ૩-૨-૨૦૨૫ના સોમવારે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**૨૫ ગામ ભાટિયા**

હેમલતાબેન મહેન્દ્રકુમાર સરૈયા, (ઉં. વ. ૭૦) સીકંદ્રાબાદ મુકામે સોમવારે તા. ૩-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે મહેન્દ્રકુમાર કરસનદાસ સરૈયાના ધર્મપત્ની, પ્રિતી, રોહીનના માતુશ્રી. નીતલ, નીસીતના સાસુ. તે મુંબઈવાળા સ્વ. વીરમતી વલ્લભદાસ આશરના દિકરી. તે સ્વ. ગો. વાસ રણજીતભાઈ, સ્વ. રમેશભાઈ અને જયપ્રકાશભાઈના બેન, લૌકક પ્રથા બંધ છે.

**ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ ચોખડા સમાજ**

ગામ મઉ નિવાસી (હાલ અમદાવાદ) સ્વ.ગજેન્દ્ર નર્મદાશંકર ત્રિવેદી (ઉં. વ. ૭૫) તા.૩૧.૦૧.૨૫ના દેવલોક પામ્યા છે. તે ગીતા ત્રિવેદીના પતિ. ડો.સંજયના ભાઈ. ડો.નયના સંજય ત્રિવેદીના જેઠ. કંદર્પના પિતા. રાજીના સસરા, રિદ્ધિ નિશ્રુત પટેલ, સિદ્ધિ નરેશ શીંગાળાના કાકા. પ્રાર્થનાસભા તા.૦૬.૦૨.૨૫ના ગુરુવાર ૫ થી ૭. આધાર હોલ દૌલતનગર રોડ નંબર ૧૦, બોરીવલી ઈસ્ટ.

**વિશા લાડ વણિક**

હાલ મુંબઈ કાંદિવલી નિવાસી માલતીબેન ગોવિંદદાસ શ્રોફ (ઉં. વ. ૯૧) તે ૩/૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ.મથુરાદાસ, સ્વ.અનિલભાઈ, સ્વ.બકુલાબેન,જ્યોત્સનાબેન, સ્વ.ગોપાલભાઈના બહેન, અનિમેષ, નીરવ, મેહુલ તથા આનંદના ફઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી લોહાણા**

મૂળ વતન બાલમુકુંદજીની ધરાઈવાળા હાલ બોરીવલી સ્વ.સાકરબેન મણીલાલ વસાણીના પુત્ર ભુપેન્દ્રભાઈ (ઉં.વ.૭૬) સોમવારે તા. ૩. ૨.૨૦૨૫ના સુરત શ્રીજીચરણ પામેલ છે. તે ગં.સ્વ.આશાબેનના પતિ, જલ્પા ગૌરાંગકુમાર, રવિના પિતાશ્રી. મહેન્દ્ર, રમેશ, હર્ષદ, સ્વ.રમાબેન નંદલાલ રાજપોપટ, ગં.સ્વ.પુષ્પાબેન મંગલદાસ, સ્વ.જયશ્રીબેન જયંતીલાલના ભાઈ, સ્વ.મંજુલાબેન મગનલાલ ઠક્કર સાવરકુંડલા વાળાના જમાઈ, અ.સૌ.દક્ષાબેન, ગૌરાંગકુમાર ઠક્કરના સસરા. બી/૧- ૨૦૨, અમૃતકુંજ રેસિડેન્સી, ઓપેરા પેલેસની બાજુમાં, લસકાણા, સુરત.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

તળાજા નિવાસી હાલ મુંબઈ સ્વ.બળવંતરાય મોતીલાલ દાણીના ધર્મપત્ની ગં.સ્વ.શાંતાબેન તા.૩ -૨- ૨૦૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. યોગેશ, પૂર્ણિમા સ્વ.ધીરેન્દ્ર, હીના,અતુલ, અલકા, નિમેશ, સાધના, નીતા ,નીતિન, હેમંત, નમ્રતાના માતૃશ્રી. પિયરપક્ષે સ્વ.કપિલાબેન જેઠાલાલ છગનલાલ ઘીવાળા (શાહ)ના દીકરી. સ્વ.વિનુભાઈ સ્વ.ચંદુભાઈ, સ્વ. હિંમતભાઈ, સ્વ. વિમળાબેનના ભાભી. અભિષેક, ટ્વિંકલ, દીક્ષિત, કૌશિકા, આલોક, મેઘના, ધ્રુવિન, બીજલ, સેજલ, પૂજા, પ્રિયા, ચાંદની, રાધિકા, સલોની, આશિતા, કિંજલના દાદી, બંને પક્ષોની પ્રાર્થનાસભા તા.૬ ૨ ૨૦૨૫ના ગુરુવારના ૫ થી ૭. પાટીદાર સમાજ ફ્રેન્ચ બ્રિજ, હ્યુજીસ રોડ મુંબઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

નાનજી ડુંગરશી શેઠ પરિવારના લીંબડી નિવાસી હાલ ચિંચપોકલી મુંબઇ મુકેશભાઇ હિંમતલાલ શેઠ (ઉં. વ. ૭૧) રવિવાર, તા. ૨-૨-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે હર્ષાબેનના પતિ. નિમીત, પ્રતિક્ના પિતા. શ્વેતા, ખુશ્બુના સસરા. સ્વ. સરોજબેન, સ્વ. ઇન્દિરાબેન, સ્વ. રેખાબેન, સ્વ. જયેશભાઇના ભાઇ. ચોટીલા નિવાસી ચીમનલાલ નરોતમદાસ ગાંધીના જમાઇ. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ખંભાત વિશા શ્રીમાળી જૈન**

ખંભાત નિવાસી હાલ મુંબઇ સ્થિત કિરીટભાઇ પ્રભુલાલ કાપડીયા (ઉં. વ. ૭૨) તા. ૩-૨-૨૫ના સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે ચંદ્રીકાબેનના પતિ. અમીષા, રોનક, કરિશ્માના પિતા. નિતેશકુમાર, અમીતકુમાર, પુનીતકુમારના સસરા. સ્વ. ચીમનલાલ ચુનીલાલ પટવાના જમાઇ. તે જાનવી, શુભ, સાન્વી, વિધીના નાના. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૬-૨-૨૫ના ૫થી ૭. ઠે. ભાટીયા મહાજન વાડી, કાલબાદેવી ખાતે રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ઉમરાળા નિવાસી હાલ અંધેરી ગં.સ્વ.જયાબેન (ઉં. વ. ૯૩) તે સ્વ.મનહરલાલ છોટાલાલ મહેતાના પત્ની, કલીદાસ ગોરધનદાસ દોશીના દીકરી, પલ્લવીબેન પ્રવીણચંદ્ર શાહ, રાગીણીબેન વિજયભાઈ માંડલીયા, વર્ષાબેન વિક્રમભાઈ દફતરી, ચેતનકુમાર મહેતાના માતા, સ્વ.નલીનીબેન ચેતનકુમાર મહેતાના સાસુ, સૌ.નિશિતા નિક્કી મહેતાના મોટાસાસુ. ચિ.રિયાનાના દાદી તા. ૪-૨-૨૫ના અરીહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડિયાના સ્વ.ભારતી પરેશ નિસર (ઉં. વ. ૫૨) તા.૩૧.૦૧.૨૦૨૫ શુક્રવારના અવસાન પામેલ છે. સ્વ. મોંઘીબેન હરખચંદ્રના પૌત્રવધૂ. સ્વ. મણીબેન નાનજીના પુત્રવધૂ. પરેશના ધર્મપત્ની, શ્રેયા, ધ્વનીના માતુશ્રી, ભાવિ જમાઈ. ગં.સ્વ. હેમલતાબેન હંસરાજ સામત ગડાની દિકરી. પ્રાર્થનાસભા રાખેલ નથી. નિવાસસ્થાન. ૩- ડી, બી વીંગ, ધનરત્ન એપાર્ટમેન્ટ, હરખચંદ હિરજી નિસર માર્ગ, ભરડાવાડી, અંધેરી-વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૫૩.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડિયાના સ્વ.ચંદ્રાબેન જયંતીલાલ આસુ ગાલા (ઉં. વ.૬૧) શનિવાર, તા.૦૧.૦૨.૨૦૨૫ના અવસાન પામેલ છે. સ્વ. નાનુબેન આસુના પુત્રવધૂ. જયંતીલાલના ધર્મપત્ની, તેજલ, નિકુંજના માતુશ્રી, જીનલ, હાર્દિક સાવલાની સાસુ, સમ્રાજ, નિશીકાના નાનીમાં. લાકડીયાના અ.સૌ. ભમીબેન પ્રેમજી પૂંજા નિસરના દિકરી. પ્રાર્થના સભા બુધવાર તા. ૦૫.૦૨.૨૦૨૫ સમય ૩.૦૦ થી ૪.૩૦ કલાકે સ્થળ. યોગી સભાગૃહ, દાદર-ઈસ્ટ. ઠે. ૭૦૧, કેસર ઈકવીનેક્સ, ૬૨, સર ભાલચંદ્ર રોડ, દાદર-ઈસ્ટ, મું.૪૦૦૦૧૪.

**શ્રી વાગડ વિ. ઓ. જૈન**

ગામ સામખીયારીના સ્વ. વેલુબેન ગાંગજી નંદુના (ઉં. વ. ૭૨) શુક્રવાર તા.૩૧.૦૧.૨૫ના અવસાન પામેલ છે. સ્વ.દેમતબેન લાલજીના સુપુત્ર. ગાંગજી લાલજીના ધર્મપત્ની. અરૂણા, હસમુખ, મુકેશ, જ્યોતિના માતુશ્રી. અરવિંદ, રેખા, માયા, મયુરના સાસુ, મનન, તૃષ્ટિ, કશ્વી, હિતાર્થી, શ્રેયાના દાદી. સ્વ. કેશરબેન ભાણજી માંઈયા વધાણના દિકરી. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૦૬.૦૨.૨૫ સવારે ૧૦.૩૦ થી ૧૨. ઠે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, શ્રી કરશન લધુભાઈ નિસર, હોલ, જ્ઞાનમંદિર રોડ, દાદર-વેસ્ટ.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

પાટણ નિવાસી હાલ ભાયંદર શાંતિનાથ પોળના સ્વ.વસંતાબેન જેશીંગલાલ વાડીલાલ શાહ (શિરપૂરવાળા)ના પુત્ર, સ્વ.જમનાબેન દેવીલાલ સુરજમલ જૈનના જમાઈ. રાજેશભાઈ શાહ (ઉં. વ. ૭૫) તે સરલાબેનના પતિ. સાહીલ, હર્ષિતા તથા હસ્મિકાના પિતા. લબ્ધી, વિપુલકુમાર સંઘવી તથા વીરાંગકુમાર મસાલિયાના સસરા. તે ૨/૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે.

**શ્વેતામ્બર વાસી જૈન**

ચિત્તડીયા નિવાસી હાલ બોરીવલી સ્વ.મોતીલાલ ધનજીભાઈ ગાંધીના પુત્ર ચંદુલાલ ગાંધી (ઉં. વ. ૭૬) તે ઉષાબેનના પતિ. કવિતા, નૂતન, તુષારના પિતા. મોનીકા, સંજીવકુમાર, સ્વ.ચિરાગભાઈના સસરા. ઇડરના સ્વ.સાંકળચંદ શંખેસરાના જમાઈ. તે ૩/૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. બંનેપક્ષની પ્રાર્થનાસભા ૬/૨/૨૫ના ૩ થી ૫. વર્ધમાન સ્થા. જૈન સંઘ, સર્વોદય હોલ, એલ. ટી રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

પ્રાગપુરના મધુબેન અરવિંદ સોની (ઉં. વ. ૬૪) તા. ૩-૨-૨૫ના અરિહંતસરણ થયેલ છે. કુંવરબાઈ લાલજી રતનશી સોનીના પુત્રવધૂ. અરવિંદના ધર્મપત્ની. અક્ષય, અવનીના માતુશ્રી. મણીબેન મોરારજીના સુપુત્રી. બેરાજાના મંજુલા ડુંગરશી, વડાલાના નિર્મળા દામજી, ભુજપુરના લક્ષ્મી અરવિંદ, કુંદરોડીના અરૂણા શાંતિલાલ, નિલેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : અરવિંદ લાલજી સોની, ૫૦૩, બી વિંગ, શ્રીરામ એપાર્ટમેન્ટ, એસ.વી. રોડ, મિલાપ પી.વી.આર. સિનેમાની બાજુમાં, કાંદિવલી (વે) ૪૦૦૦૬૭.

લાકડીયાના અ.સૌ. ચંદ્રાબેન જયંતીલાલ આસુ ગાલા (ઉં. વ. ૬૧) શનિવાર, તા. ૧-૨-૨૦૨૫ના અવસાન પામેલ છે. સ્વ. નાનુબેન આસુ મેપશી ગાલાના પુત્રવધૂ. જયંતીલાલના પત્ની. તેજલ, નિકુંજના માતુશ્રી. લાકડીયા અ.સૌ. ભમીબેન પ્રેમજી પુંજાભાઇ નિસરના પુત્રી. રસિક, રતનશી, કંચન, મનસુખના બેન. પ્રા. સ્થળ : યોગી સભાગૃહ, દાદર (ઇસ્ટ) ટા. ૩ થી ૪.૩૦. ઠે. જયંતીલાલ ગાલા, એ-૭૦૧, કેસર ઇક્વીનોક્ષ, ૬૨, સર ભાલચંદ્ર રોડ, હિંદુ કોલોની, દાદર (ઇ) ૧૪.

દેશલપુરના અરવિંદ કુંવરજી છેડા (ઉં. વ. ૭૩) તા. ૦૨-૦૨-૨૫ના નાગપુરમાં અવસાન પામેલ છે. કેસરબેન કુંવરજી વેરશીના પુત્ર. હંસાના પતિ. હીરેન, સોહીલ, શોભિતનાં પિતાશ્રી. રમણીક, હીરાલાલ, ભુજપુર લીલાવંતી, શાંતિલાલ, તુંબડી અમૃત મગનલાલ, અરૂણા સુર્યકાંત, મેરાવા મધુ દિપક, કોડાય મંજુલા અશ્વિનના ભાઇ. બગડા લક્ષ્મીબેન વલભજી ખીમજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. અરવિંદ કુંવરજી, છેડા, ૬૮, વર્ધમાનનગર, નાગપુર-૪૪૦૦૦૮.

કપાયાના સ્વ. રતનબેન શીવજી લાલજી ગોગરીના જમાઇ નીતીન શ્રીમાન્કર (ઉં. વ. ૬૪) તા. ૩૧-૧-૨૫ના અવસાન પામેલ છે. કુસુમના પતિ. ચાર્મી, સાગરના પિતા. ભાયાવદળના સ્વ. રામાગૌરી હસમુખલાલ શ્રીમાન્કરના પુત્ર. શૈલેષ, પરેશના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કુસુમ નીતીન શ્રીમાન્કર, ઇ-૧૩૦૩, સુમુખ હીલ્સ, અકુરલી મેટ્રો સ્ટેશનની પાછળ, કાંદિવલી (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૧૦૧.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ગુડ ન્યૂઝ | બીએમસીએ બજેટમાં રાતી પાઈનોય બોજ મુંબઈગરા પર ન નાખ્યો

▸ ૭૪,૪૨૭ કરોડ રૂપિયાનું અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ ▸ ગયા વર્ષની સરખામણીમાં ૧૪.૧૯ ટકાનો વધારો
▸ નવા પ્રોજેક્ટની ઘોષણા નહીં, જૂના પૂરા કરવા પર ધ્યાન અપાશે ▸ બેસ્ટને ૧૦૦૦ કરોડ રૂપિયાની જંગી સહાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને મુંબઈ મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૫-૨૬ કોઈ પણ પ્રકારના કરવેરામાં વધારો નહીં કરતા ૭૪,૪૨૭.૪૧ કરોડ રૂપિયાનું અત્યાર સુધીનું સૌથી મોટું ૬૦.૬૫ કરોડ રૂપિયાની પુરાંત સાથેનું બજેટ મંગળવારે કમિશનર ભૂષણ ગગરાણીએ જાહેર કર્યું હતું. બજેટમાં પાલિકાએ પાયાભૂત સેવા સુવિધા, ગુણવત્તાપૂર્વક શિક્ષણ, સ્વચ્છતા,સામાજિક ઉપક્રમ વગેરે પર ભાર આપ્યો છે. પાલિકાએ પોતાના પ્રોજેક્ટને પૂરા કરવા માટે તેમ તમામ પ્રકારના ખર્ચા માટે બહારથી કોઈ પણ પ્રકારની લોન નહીં લેતા ૧૬,૬૯૯ કરોડ રૂપિયા ઈન્ટરનલ ટેમ્પરરી ટ્રાન્સફર (આઈટીટી) કરીને લીધું છે. આમ મહાનગરપાલિકાએ એકેય પૈસાનો નવો બોજ મુંબઈગરા પર નથી નાખ્યો.

ભૂષણ ગગરાણીએ પોતાનું પહેલું બજેટ રજૂ કર્યું હતું, જે વર્તમાનમાં ચૂંટાયેલા નગરસેવકોની ગેરહાજરીમાં સતત ત્રીજું બજેટ છે. ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષનું બજેટ ૨૦૨૪-૨૫ના ૬૫,૧૮૦.૭૯ કરોડ રૂપિયાના સુધારિત બજેટ કરતા ૧૪.૧૯ ટકા વધારે છે. પાલિકાએ પોતાના મહેસૂલ ખર્ચને ૭૫ ટકાથી ઘટાડીને ૪૨ ટકા કર્યો છે, જેનાથી પગાર અને વહીવટી ખર્ચમાં ઘટાડો થયો છે.

નવા નાણાકીય વર્ષમાં કોઈ પણ નવા પ્રોજેક્ટની જાહેરાત નહીં કરતા જૂના પ્રોજેક્ટને પૂરા કરવા પર ધ્યાન અપાશે. બજેટમાં ૪૩,૧૬૨ કરોડ રૂપિયા શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટના વિકાસ માટે ફાળવવામાં આવ્યા છે, જેમાં મુખ્યત્વે ખાડામુક્ત રસ્તા બનાવવા માટે સિમેન્ટ-કૉંક્રીટના રસ્તા, પુલના સમારકામ, નવા પુલના બાંધકામ, બહુસ્તરીય ઓટોમેટિક પાર્કિંગ લોટ, ટ્રાફિકની સમસ્યાના ઉકેલ લાવવા માટે કોસ્ટલ રોડ (ઉત્તર) પ્રોજેક્ટ અને ગોરેગામ-મુલુંડ લિંક રોડ, દહિસર પશ્ચિમથી ભાયંદર (પશ્ચિમ) સુધીનો એલિવેટેડ રોડ, પાણીપુરવઠો અને સ્યુએજનાં કામ, સમાન પાણી ધોરણ, સાત સ્યુએજ ટ્રીટમેન્ટમેન્ટ પ્લાન્ટ, પ્રોજેક્ટથી અસરગ્રસ્ત લોકો માટે દરેક ઝોનમાં પાંચથી છ હજાર ઘર ઊભા કરવા પર ધ્યાન અપાશે.

મુંબઈગરાના આરોગ્યના હિતને ધ્યાનમાં રાખીને સુપર સ્પેશ્યાલિટી હૉસ્પિટલ, હાલની હૉસ્પિટલોનાં રીનોવેશન, આપલા દવાખાનાની સંખ્યા વધારવામાં આવશે . પાલિકાની સ્કૂલના સમારકામ તેમ જ ડિજિટલ શિક્ષણ પર પણ ભાર આપવામાં આવશે.

પાલિકાએ પ્રદૂષણને રોકવા માટે આવશ્યક ઉપાયયોજના, સ્વચ્છ ભારત અભિયાન, દેવનાર ડમ્પિંગ ખાતે કચરામાંથી વીજળીનું ઉત્પાદન, કાટમાળનો નિકાલ, ડમ્પિંગ ગ્રાઉન્ડની જગ્યાને કચરામુક્ત કરને તે જગ્યાનો ઉપયોગ કરવો, પૂર પરિસ્થિતિને રોકવા માટે ઉપાયયોજના કરવી, ફાયરબિગ્રેડમાં સુધારો, શહેરમાં ખુલ્લા મેદાનોમાં હરિયાળી વધારવી, દિવ્યાંગ વ્યક્તિઓ માટે યોજના, બેરોજગાર મહિલાઓ માટે સ્વયંરોજગાર યોજના, પાલિકાની માર્કેટના રિડેવલપમેન્ટ તેમ જ બેસ્ટને ૧,૦૦૦ કરોડ રૂપિયાની જંગી સહાય વગેરેને સમાવેશ થાય છે. ■

## બજેટ આંકડાઓમાં

**૬૫૧૯**
આટલા કરોડ રૂપિયા રોડ અને ટ્રાફિક વિભાગ માટે ફાળવાયા

**૩૨૪૧**
આટલા કરોડ રૂપિયા શિક્ષણ વિભાગને ફાળવાયા

**૫૫૪૮**
આટલા કરોડ રૂપિયા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને ફાળવાયા

**૮૩૬૯**
આટલા કરોડ રૂપિયા પુલ વિભાગ માટે અપાયા

**૧૫૪૫**
આટલા કરોડ રૂપિયા કોસ્ટલ રોડ પ્રોજેક્ટ માટે

**૩૦૩૯**
આટલા કરોડ રૂપિયા સ્ટોર્મ વોટર ડ્રેનેજ વિભાગ માટે

**૧૦૦૦**
આટલા કરોડ રૂપિયાની સહાય બેસ્ટને

**૧૯૫૮**
આટલા કરોડ રૂપિયા આરોગ્ય વિભાગ માટે ફાળવાયા

**૨૪૫૫**
આટલા કરોડ રૂપિયા મુખ્ય હૉસ્પિટલો માટે અપાયા

**૫૭૯**
આટલા કરોડ રૂપિયા મેડિકલ કોલેજ માટે ફાળવાયા

**૪૩૭૨**
આટલા કરોડ રૂપિયા વોટર ડિપાર્ટમેન્ટમ માટે ફાળવાયા

**૪૦૫૬**
આટલા કરોડ રૂપિયા વોટર સપ્લાય એન્ડ પ્રોજેક્ટ માટે ફાળવાયા







## ૧૦ પોઈન્ટ બજેટના

૧ પ્રોપર્ટીટેક્સ, કચરા નિકાલ કે પાણી વેરામાં વધારો નથી કરાયો.

૨ મુંબઈખાડા-મુક્ત કરાશે. મે, ૨૦૨૬ સુધીમાં શહેરના દરેક રસ્તાનું કોંક્રીટીકરણ કરાશે.

૩ વિવિધ વોર્ડમાં સીબીએસસી બોર્ડની ચાર શાળા શરૂ કરવામાં આવશે જેમાં બાળમંદિરથી દસમા સુધીનું શિક્ષણ મફત હશે.

૪ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની યોજના અનુસાર પચીસ આપલે દવાખાના અને ત્રણ ફીઝિયોથેરપી સેન્ટર શરૂ કરાશે.

૫ વાયુ પ્રદૂષણ પર દેખરેખ રાખવા માટે સેન્સર બેસાડવામાં આવશે. મુંબઈ એર નેટવર્ક ફોર એડવાન્સ્ડ સાયન્સ (માનસ)નો પ્રસ્તાવ.

૬ પ્રાણીબાગમાં જિરાફ, ઝેબ્રા, સફેદ સિંહ, જેગ્વાર જેવા વિદેશી પ્રાણીઓ લાવવામાં આવશે.

૭ મુંબઈ રેસકોર્સ પર મુંબઈ પબ્લિક પાર્ક બનાવાશે.

૮ પ્રભાદેવી, ભાંડુપ, મુલુંડ, જુહુ, મલાડમાં પીએપી (પ્રોજેક્ટ અસરગ્રસ્ત લોકો) માટે ૩૨,૭૮૨ ઘર બંધાશે.

૯ દહિસર ઓક્ટ્રોય નાકા પર બંધાશે ફાઈવ સ્ટાર હોટેલ.

૧૦ મુંબઈમાં યોગ્ય સ્થળે લંડન આઈ જેવું મુંબઈ આઈ બંધાશે.

## વર્સોવા-દહિસર કોસ્ટલ રોડ ને દહિસર-ભાયંદર એલિવેટેડ રોડને અગ્રક્રમ

### આ સાથે કોસ્ટલ રોડ અને જીએમએલઆર પર પણ ફોકસ

મહારાષ્ટ્ર રિજનલ એન્ડ ટાઉન પ્લાનિંગ એક્ટ, ૧૯૬૬ હેઠળ બીએમસીએ રાજ્ય સરકારને તેના મુખ્ય પ્રોજેક્ટ જેમાં મરીન ડ્રાઈવથી બાન્દ્રા-વરલી સી લિંક સુધીના મુંબઈ કોસ્ટલ રોડ (દક્ષિણ), ગોરેગામ-મુલુંડ લિંક રોડ (જીએમએલઆર), વર્સોવાથી દહિસર સુધીના મુંબઈ કોસ્ટલ રોડ (ઉત્તર) અને દહિસર લિંક રોડથી ભાયંદર સુધીના એલિવેટેડ રોડને મહત્ત્વપૂર્વ શહેરી પરિવહન પ્રોજેક્ટ તરીકે વર્ગીકૃત કરવા વિનંતી કરી છે. આ પગલાથી પાલિકાને આ પ્રોજેક્ટમાં એકત્રિત થતી સ્ટેમ્પ ડ્યુટીનો હિસ્સો પ્રાપ્ત થશે, જે તેમના વિકાસ માટે મહત્ત્વની નાણાકીય સહાય પૂરી પાડશે. વધુમાં પાલિકાએ આ પ્રોજેક્ટમાંથી ઉત્પન્ન થતા સેસ અને સ્ટેમ્પ ડ્યુટી બંનેનો ૫૦ ટકા હિસ્સો તેના ભંડોળમાં ફાળવવાની માગણી પણ કરી છે. ■

## મુંબઈ આઈ પ્રોજેક્ટ

યુનાઈટેડ કિંગડમના પ્રતિષ્ઠિત લંડન આઈની માફક પાલિકાએ મુંબઈ આઈ પ્રોજેક્ટને પુનર્જીવિત કર્યો છે, જે છેલ્લા એક દાયકા પહેલા સ્થાગિત કરવામાં આવ્યો હતો. પ્રસ્તાવિત પ્રોજેક્ટ માટે બેથી ત્રણ એકર જમીનની જરૂર પડશે. અગાઉ ૨૦૧૧ની સાલમાં મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કૉર્પોરેશન દ્વારા આ યોજના આગળ કરવામાં આવી હતી. પરંતુ પ્રોજેક્ટ આગળ વધ્યો નહોતો. હવે પાલિકાએ મુંબઈમાં પ્રવાસીઓને આકર્ષવા આ યોજનાને અમલમાં મૂકવા માગે છે. ■


### ખોટ કરતા બેસ્ટ ઉપક્રમને અંદાજપત્રમાં મોટી આર્થિક મદદ

છેલ્લા અનેક વર્ષોથી બેસ્ટ ઉપક્રમ કરોડો રૂપિયાની ખોટ કરતું આવ્યું છે. બેસ્ટ ઉપક્રમ પાસે પોતાના કર્મચારીઓને માસિક પગાર આપવાને પણ ભંડોળ હોતું નથી. મુંબઈ મહાનગરપાલિકાએ ૨૦૧૨ની સાલથી અત્યાર સુધી બેસ્ટને ૧૧૩૦૪.૫૯ કરોડ રૂપિયાની આર્થિક મદદ કરી હોવાનું પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ કહ્યું હતું. આ વર્ષના બજેટમાં પણ બેસ્ટને એક હજાર કરોડ રૂપિયાની આર્થિક મદદની જોગવાઈ કરવામાં આવી છે.

આ ભંડોળમાંથી બેસ્ટ ઉપક્રમે નિવૃત્ત કર્મચારીઓના બાકી રહેલા નાણાં, નવી બસની ખરીદી, પગાર, લોનની ભરપાઈ વગેરે કરવાની રહેશે. તો ઈલેક્ટ્રિક બસની ખરીદી માટે ૧૫માં ફાઈનાન્સ કમિશન પાસેથી ૧,૯૯૨ કરોડ રૂપિયા મંજૂર થયા હતા, તેમાંથી ૧,૭૪૨ કરોડ રૂપિયા આપી દેવામાં આવ્યા છે. બાકીના ૨૫૦ કરોડ રૂપિયા બહુ જલદી બેસ્ટ ઉપક્રમને અપાશે એવી જાહેરાત પણ કમિશનરે પત્રકાર પરિષદમાં કરી હતી.■

### પાણીપુરવઠો વધારવા માટે બજેટમાં સરખી ફાળવણી

મુંબઈગરાની પાણીની માગને પહોંચી વળવા માટે શુદ્ધ પાણીપુરવઠો કરવા માટે પાલિકાએ જુદાં જુદાં કામ હાથમાં લીધા છે, જેમાં ૩,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચીને ગાર્ગઈ બંધ પ્રોજેક્ટ ઊભો કરવાની છે. તેમાંથી મુંબઈને દરરોજ ૪૪૦ મિલ્યન લિટર પાણી મળશે. આ પ્રોજેક્ટને ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટની મંજૂરીમળી ગઈ છે. અમુક મંજૂરીઓ અંતિમ તબક્કામાં છે. ત્યારબાદ કામ ચાલુ થશે. આ વર્ષના બજેટમાં ૩૬.૫૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. તેમ જ ઘાટકોપર-અમર મહાલથી ટ્રોમ્બે વોટર ટનલ, હેગડેવાર ઉદ્યાનથી પ્રતીક્ષા નગર સહિત વિહાર તળાવ છલકાઈ ગયા બાદ વહી જતા પાણીને ભાંડુપ કૉમ્પલેક્સના ફિલ્ટરેશન પ્લાન્ટમાં લાવવાનું અને તે પાણીનો ઉપયોગ કરવા સહિત તે માટે પમ્પિંગ સ્ટેશન ઊભું કરવું જેવા કામ કરવામાં આવવાના છે. ભાંડુપ કૉમ્પ્લેક્સમાં ૨,૦૦૦ મિલ્યન લિટર ક્ષમતાનો વોટર ફિલ્ટરેશન પ્લાન્ટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. તે માટે બજેટમાં ૪૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. ગુંદવલી, યેવઈ, ઘાટકોપરમાં પણ વોટર ટનલ બનાવવામાં આવવાની છે. તે માટે અનુક્રમે ૩૫૦ કરોડ રૂપિયા, ૬૦૦ કરોડ રૂપિયા અને ૫૪૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. ■



બજેટ સાથે મુંબઈ સુધરાઈના કમિશનર ભૂષણ ગગરાણી. (અમય ખરાડે)

### ભંડોળને અભાવે કામ નહીં અટકે

કોસ્ટલ રોડ, ગોરેગામ-મુલુંડ લિંક રોડ અને સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના અપગ્રેડેશનને લઈને કમિશનરે કહ્યું હતું કે પાલિકાએ નરીમન પોઈન્ટથી વરલી-કોસ્ટલ રોડ માટે ૧,૫૧૬ કરોડ રૂપિયા, વર્સોવા-દહિસર કોસ્ટલ રોડ માટે ૪,૦૦૦ કરોડ રૂપિયા, ગોરેગામ-મુલુંડ લિંક રોડ માટે ૧,૯૫૮.૭૩ કરોડ રૂપિયા અને સ્યુએજ ડિસ્પોઝલ પ્રોજેક્ટ માટે ૫,૫૪૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે. ભંડોળને કારણે આ પ્રોજેક્ટ અટકશે નહીં.■

### રોડ કૉંક્રીટાઈઝેશન

આ વર્ષે શહેરને ખાડામુક્ત બનાવવા માટેપાલિકાએ રસ્તાના કૉંક્રીટાઈઝેશન માટે ૩,૧૧૧.૦૭ કરોડ રૂપિયા ફાળવ્યા છે અને કૉન્ટ્રેક્ટરોને ૩૧ મે પહેલા રસ્તાનાં કામ પૂરા કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. અન્ય પ્રોજેક્ટમાં ઘાટકોપરમાં વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટથી ભાંડુપ વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી શુદ્ધિકરણ કરાયેલા પાણીના પરિવહન માટે ટનલ બાંધવામાં આવવાની છે. વધુમાં કાશેલીથી મુલુંડ સુધી એક વોટર ટનલ પણ બાંધવામાં આવવાની છે. એ સાથે જ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ જેની ૨,૦૦૦ મિલ્યન લિટર પ્રતિ દિનની ક્ષમતા હશે તે પણ બાંધવામાં આવવાની છે. ■

### વાઘનું સ્મારક

રાજ્યના વન અને પર્યટન વિભાગના સહયોગથી ગોરેગામ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટના ભાગરૂપે પાલિકાએ એક વાઘ સ્મારક બાંધવાની યોજના બનાવે છે. તે માટે સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાનની નીચેથી પસાર થતી સુરંગની અંદર એક યોગ્યસ્થાનને ટૂંક સમયમાં ઓળખી કઢાશે. ■

### ઝૂંપડાંમાંના વ્યાપારી એકમો પાસેથી વસૂલાશે પ્રોપર્ટી ટેક્સ

મુંબઈ મહાનગરપાલિકાએ મુંબઈગરા પર કોઈ પણ પ્રકારનો કરવેરો નાખ્યો નથી, પરંતુ પોતાની આવક વધારવા માટે ઝૂંપડપટ્ટીમાં રહેલા વ્યાપારી એકમો પાસેથી પ્રોપર્ટી ટેક્સ વસૂલવાની યોજના બનાવી છે. આ માટે હાલ પાલિકા દ્વારા મુંબઈના જુદા જુદા વિસ્તારમાં સર્વેક્ષણનું કામ ચાલી રહ્યું છે. પાલિકા કમિશનરના કહેવા મુજબ જે-જે વિસ્તારમાં સર્વેક્ષણનું કામ પૂરું થતું જશે અને જે લોકો ટેક્સ સ્લેબમાં આવતા હશે તે ઝૂંપડપટ્ટી વિસ્તારમાં સંબંધિતોને પ્રોપર્ટી ટેક્સ લાગુ કરવામાં આવશે. ■

## એફડીના ૧૬,૬૯૯ કરોડ રૂપિયા વાપરશે સુધરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ મહાનગરપાલિકા પાસે હાલ કુલ ૮૧,૭૭૪.૪૨ કરોડ રૂપિયાની ફિક્સ ડિપોઝિટ છે, જેમાંથી ૩૯,૫૪૩.૬૪ કરોડ રૂપિયા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ માટે અનામત રાખવામાં આવ્યા છે અને ૪૨,૨૩૦.૭૮ કરોડ રૂપિયા પેન્શન, પ્રોવિડન્ટ ફંડ અને ગ્રેચ્યુઈટી ફંડ અને કૉન્ટ્રેક્ટરની ડિપોઝિટ વગેરેની છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે પાલિકાએ ફિક્સ ડિપોઝિટમાંથી ઈન્ટરનલ ટેમ્પરરી ટ્રાન્સફર તરીકે ૧૬,૬૯૯. ૭૮ કરોડ રૂપિયા ઉપાડવાનો નિર્ણય લીધો છે,જ્યારે અંદાજિત ૧૨,૧૧૯.૪૭ કરોડ રૂપિયા ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષમાં ઉપાડાશે એવો અંદાજ છે.

આવકમાં થઈ રહેલા ઘટાડાને પગલે આવકના નવા સ્રોત ઊભા કરવાના પાલિકા પ્રયાસ કરી રહી છે. ફલોર સ્પેસ ઈન્ડેક્સ (એફએસઆઈ)ના માધ્યમથી આવક ઊભા કરવાની પાલિકાની યોજના છે. વધારાની એફએસઆઈ પ્રીમિયમ અને વેકેન્ટ લેટ ટેનન્સી પોલિસી પણ અમલમાં લાવવા માગે છે. પાલિકાએ રાજ્ય સરકારને એક વિનંતી કરી છે, જેમાં વધારાની એફએસઆઈના પ્રીમિયમના ૫૦ ટકા ભાગ પાલિકાને ફાળવવામાં આવે, જે અગાઉના ૨૫ ટકા કરતા વધારે છે. પરિણામે પાલિકાને ૭૦ કરોડ રૂપિયા વધારાના મળશે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં તેને કારણે આવક ૩૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી શકશે. ■

# ભારતની સ્પિન-ફોજમાં વરુણની ઓચિંતી એન્ટ્રી, બેમાંથી કયા એક સ્પિનરની બાદબાકી થશે?

## રોહિતના સુકાનમાં ઇંગ્લૅન્ડ સામે વન-ડે સિરીઝ રમનાર ૧૬ ખેલાડીમાં પાંચ સ્પિનર

નાગપુરઃ ભારતે રવિવારે મુંબઈમાં ઇંગ્લૅન્ડને ૧૫૦ રનના તોતિંગ માર્જિન સાથે છેલ્લી ટી-૨૦ હરાવવાની સાથે જે શ્રેણી ૪-૧થી જીતી લીધી એના ‘મૅન ઑફ ધ સિરીઝ’ અને શ્રેણીમાં સૌથી વધુ ૧૪ વિકેટ લેનાર સ્પિનર વરુણ ચક્રવર્તીનો ગુરુવાર, છઠ્ઠી ફેબ્રુઆરીએ ઇંગ્લૅન્ડ સામે શરૂ થનારી ત્રણ મૅચની વન-ડે સિરીઝની ભારતીય ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. રોહિત શર્માના સુકાનમાં ઇંગ્લૅન્ડ સામે રમનારી ટીમના ૧૬ ખેલાડીમાં પાંચ સ્પિનર છે.

ભારતની સ્પિન-ફોજમાં વરુણ ઉપરાંત બે લેફ્ટ-આર્મ સ્પિનર રવીન્દ્ર જાડેજા તથા અક્ષર પટેલ તેમ જ વૉશિંગ્ટન સુંદર અને એકમાત્ર રિસ્ટ-સ્પિનર કુલદીપ યાદવનો સમાવેશ છે.

‘મિસ્ટરી સ્પિનર’ તરીકે ઓળખાતા વરુણને આ સિરીઝમાં રમાડવામાં આવશે એ નક્કી છે એટલે બની શકે કે ચૅમ્પિયન્સ ટ્રોફીમાં તેને ચારમાંથી એક સ્પેશિયાલિસ્ટ સ્પિનરના સ્થાને રમાડવામાં આવશે. એવું મનાય છે કે વરુણને ઇલેવનમાં સમાવવા કુલદીપ યાદવ અથવા વૉશિંગ્ટન સુંદરને ચૅમ્પિયન્સ ટ્રોફી માટેની ટીમની બહાર રાખવામાં આવશે. જોકે વરુણ ઇંગ્લૅન્ડ સામેની વન-ડે સિરીઝમાં કેવું રમશે એના પર બધો આધાર રહેશે.

લેગબ્રેક ગૂગલી સ્પેશિયાલિસ્ટ વરુણ હજી સુધી વન-ડે નથી રમ્યો એટલે તેને ડેબ્યૂનો મોકો મળશે. ભારત વતી તે માત્ર ટી-૨૦ રમ્યો છે જેમાં તેણે ૧૮ મૅચમાં ૩૩ વિકેટ લીધી હતી.

ભારતે આઇસીસીને ચૅમ્પિયન્સ ટ્રોફી માટેની અંતિમ ટીમ ૧૨મી ફેબ્રુઆરી સુધીમાં આપી દેવાની છે.

ગઈ કાલે નાગપુરની નેટ પ્રૅક્ટિસમાં વરુણે ખૂબ પ્રૅક્ટિસ કરી હતી.

વાઇસ-કૅપ્ટન શુભમન ગિલે પત્રકારોને સમર્થન આપતા જણાવ્યું હતું કે ‘વરુણને ઇંગ્લૅન્ડ સામેની સિરીઝ માટેની ટીમમાં સમાવવામાં આવ્યો છે.’

કહેવાય છે કે હેડ-કોચ ગૌતમ ગંભીર ઇચ્છે છે કે વરુણનું ટી-૨૦ સિરીઝ પછી હવે રિધમ જળવાઈ રહે તેમ જ નેટમાં વિરાટ કોહલી, રોહિત શર્મા અને રિષભ પંત સામે બોલિંગ કરે.

વરુણે તાજેતરમાં રાષ્ટ્રીય વન-ડે સ્પર્ધામાં તામિલનાડુ વતી ૧૮ વિકેટ લીધી હતી. ■




### ઇંગ્લૅન્ડ સામે વન-ડે રમનારી ભારતીય ટીમઃ

રોહિત શર્મા (કૅપ્ટન), શુભમન ગિલ (વાઇસ-કૅપ્ટન), રિષભ પંત (વિકેટકીપર), યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, શ્રેયસ ઐયર, કે. એલ. રાહુલ (વિકેટકીપર), હાર્દિક પંડ્યા, રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, વરુણ ચક્રવર્તી, કુલદીપ યાદવ, વૉશિંગ્ટન સુંદર, હર્ષિત રાણા (ફક્ત પહેલી બે વન-ડે માટે), મોહમ્મદ શમી તથા અર્શદીપ સિંહ.

### ભારત - ઇંગ્લૅન્ડ વન-ડે શ્રેણીનું શેડ્યુલ

| વાર/તારીખ | મૅચ | સ્થળ | સમય |
|---|---|---|---|
| ગુરુ/૬ ફેબ્રુઆરી | પ્રથમ વન-ડે | નાગપુર | બપોરે ૧.૩૦ |
| રવિ/૯ ફેબ્રુઆરી | બીજી વન-ડે | કટક | બપોરે ૧.૩૦ |
| બુધ/૧૨ ફેબ્રુઆરી | ત્રીજી વન-ડે | અમદાવાદ | બપોરે ૧.૩૦ |

# ભારત-પાકિસ્તાનના મુકાબલાની ટિકિટો એક કલાકમાં વેચાઈ ગઈ

## બ્લૅકમાં ૧૨,૦૦૦ની ટિકિટ ૮૩,૦૦૦ રૂપિયામાં વેચાતી હોવાની ચર્ચા

દુબઈઃ બુધવાર, ૧૯મી ફેબ્રુઆરીએ શરૂ થઈ રહેલી વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે રવિવાર, ૨૩મી ફેબ્રુઆરીએ જે ટક્કર થવાની છે એની ઑનલાઇન બુકિંગમાં ટિકિટો એક કલાકમાં જ વેચાઈ ગઈ હોવાનો અહેવાલ આવ્યા બાદ પ્રાથમિક અહેવાલ મુજબ એવું પણ જાણવા મળ્યું છે કે આ હાઈ-વૉલ્ટેજ મૅચની ૫૦૦ દિરહામ (આશરે ૧૨,૦૦૦ રૂપિયા)ની ટિકિટ બ્લૅકમાં અંદાજે ૩,૫૦૦ દિરહામ (આશરે ૮૩,૦૦૦ રૂપિયા)માં વેચાઈ રહી છે.




એ રીતે, ભારત-પાકિસ્તાન મુકાબલાની ટિકિટ કાળા બજારમાં ૬૦૦ ટકા ઊંચા ભાવે મળી રહી હોવાનું મનાય છે. ચૅમ્પિયન્સ ટ્રોફીમાં રમવા માટે ભારત પોતાની ટીમને પાકિસ્તાન તો નથી મોકલવાની, પરંતુ હાઇબ્રિડ મૉડેલ હેઠળ દુબઈમાં રમાનારી ભારતની દરેક મૅચ રોમાંચક બની રહેશે અને એ મૅચની ટિકિટો લેવા માટે લોકો પડાપડી કરશે એમાં કોઈ શંકા નહોતી. એમાં હવે સમાચાર મળ્યા છે કે રવિવાર ૨૩મી ફેબ્રુઆરીએ (બપોરે ૨:૩૦ વાગ્યાથી) દુબઈમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે જે હાઇ-વોલ્ટેજ ટક્કર થવાની છે એ મૅચની ટિકિટો એક જ કલાકમાં વેચાઈ ગઈ છે.

ભારત-પાકિસ્તાનનો ફરી મુકાબલો ‘મૅચ ઑફ ધ ટૂર્નામેન્ટ’ બની રહેવાનો છે. આઇસીસી ટૂર્નામેન્ટોમાં પાકિસ્તાન સામે ભારતનો જબરદસ્ત વિનિંગ-રેકૉર્ડ હોવાને કારણે આ મૅચની ટિકિટો ખરીદવા ઘણા લોકો પડાપડી કરશે એવી ધારણા હતી જ. વર્ચ્યુઅલ ટિકિટ ખરીદવા માટે અંદાજે દોઢ લાખ લોકોએ પ્રયત્ન કર્યો હતો.

આઈએએનએસના એક અહેવાલ મુજબ દુબઈમાં રહેતી સુધાશ્રી નામની વ્યક્તિએ જણાવ્યું હતું કે ભારત-પાકિસ્તાન વચ્ચેના મુકાબલાની ટિકિટો ખરીદવા માટે અસંખ્ય ક્રિકેટપ્રેમીઓ પ્રયત્ન કરશે એવી મારી ધારણા હતી જ, પણ ટિકિટો એક કલાકમાં જ વેચાઈ જશે એ જોઈને મને જે નવાઈ લાગી છે અને આઘાત પણ લાગ્યો છે એ હું શબ્દોમાં સમજાવી શકું એમ નથી.’

સુધાશ્રીએ પ્રતિક્રિયામાં એવું પણ કહ્યું હતું કે ‘મારો નંબર આવે ત્યાં સુધીમાં તો માત્ર બે કૅટેગરીની ટિકિટો બાકી રહી હતી અને એ મારા બજેટ બહારની હતી.’

શારજાહના અબ્દુલ કરીમે એક મુલાકાતમાં કહ્યું, ‘મેં ઑનલાઇન બુકિંગ વખતે મારા પેજને કલાકો સુધી રીફ્રેશ કર્યું હતું, પણ મને ટિકિટ મળી જ ન શકી. મને એક પણ ટિકિટ તો ન મળી, ટિકિટ રીસેલ કરનારાઓએ ૬૦૦ ગણો ભાવ વધારી દીધો છે.’

ઘણા ક્રિકેટરસિકોએ આ મૅચની ટિકિટ ખરીદવા ઑનલાઇન બુકિંગમાં કલાકોનો સમય આપ્યો હતો, પરંતુ તેમને જાણવા મળ્યું હતું કે એક કલાકમાં જ ટિકિટો વેચાઈ ગઈ હતી. હવે જે ટિકિટો ઉપલબ્ધ છે એ તોતિંગ ઊંચા ભાવવાળી છે.

ચૅમ્પિયન્સ ટ્રોફીની પ્રથમ મૅચ બુધવાર ૧૯ ફેબ્રુઆરીએ (બપોરે ૨:૩૦ વાગ્યાથી) પાકિસ્તાન અને ન્યૂ ઝીલેન્ડ વચ્ચે કરાચીમાં રમાશે. ટૂર્નામેન્ટમાં ભારતની પ્રથમ મૅચ ગુરુવાર ૧૯ મી ફેબ્રુઆરીએ (બપોરે ૨:૩૦ વાગ્યાથી) દુબઈમાં રમાશે. ■

# ટીમ ઇન્ડિયાના ખેલાડીઓ પર પાકિસ્તાની સૈનિકોએ જ્યારે એકે-૪૭ તાકી દીધી હતી!

નવી દિલ્હીઃ આગામી ૧૯મી ફેબ્રુઆરીએ પાકિસ્તાનમાં વન-ડેની જે ચૅમ્પિયન્સ ટ્રોફી શરૂ થવાની છે એમાં રમવા માટે ભારતે પોતાની ટીમ પાકિસ્તાન મોકલવી જ પડશે એવી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) મહિનાઓ સુધી જીદ પકડીને બેઠું હતું, પરંતુ છેવટે ‘ધાર્યું તો ધણીનું જ થાય’ એ કહેવત સાચી પડી અને બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)એ ભારત સરકારના નિર્ણયને અપનાવીને ટીમ ઇન્ડિયાને પાકિસ્તાન ન મોકલવાનો નિર્ણય જાહેર કર્યો અને હવે સ્થિતિ એ છે કે આ ટૂર્નામેન્ટમાં ભારતની તમામ મૅચો હાઇબ્રિડ મૉડેલ હેઠળ દુબઈમાં રમાવાની છે. આ સ્થિતિમાં ભૂતકાળના એક ચોંકાવનારા બનાવે કરોડો ક્રિકેટરસિકોનું ધ્યાન ખેંચ્યું છે.

ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભારત-પાકિસ્તાન વચ્ચેની મૅચ દુબઈમાં રવિવાર, ૨૩મી ફેબ્રુઆરીએ રમાવાની છે.



આમ તો ભારત અને પાકિસ્તાનના ખેલાડીઓને લગતી ઘણી જૂની વાતો છે જે ક્રિકેટચાહકોએ જાણી હશે, પણ એમાં એક બનાવ એવો છે જેના વિશે ભાગ્યે જ કોઈને જાણ હશે. એક વાર એવી પરિસ્થિતિ નિર્માણ થઈ હતી જેમાં પાકિસ્તાનમાં ટીમ ઇન્ડિયાના ખેલાડીઓએ જેલમાં જવું પડે એવી હાલત ઊભી થઈ હતી. જો એ સમયના સુકાની સુનીલ ગાવસકર ત્યારે ટીમની સાથે ન હોત તો ટીમ ઇન્ડિયાના ખેલાડીઓને કદાચ જેલમાં જ મોકલવામાં આવ્યા હોત.

૧૯૮૩ના વર્લ્ડ કપના સુપર હીરો અને ઑલરાઉન્ડર મોહિન્દર અમરનાથે તાજેતરમાં જયપુર લિટરેચર ફેસ્ટિવલમાં આ જૂની વાત કરી હતી જેમાં તેમણે જણાવ્યું હતું કે ‘એક વાર ટીમના મૅનેજરે ખેલાડીઓને દારૂની બૉટલ પોતાની સાથે લઈ જવા કહ્યું હતું. પાકિસ્તાન ઇસ્લામી રાષ્ટ્ર છે એટલે ત્યારે સવાલ એ ચર્ચાઈ રહ્યો હતો કે ત્યાં શરાબનું સેવન કરવા દેવામાં આવશે કે નહીં?

મોહિન્દર અમરનાથે ૧૯૮૦ના દાયકાની ઘટનાની વાત કરતા કહ્યું કે જ્યારે તેઓ પાકિસ્તાન પહોંચ્યા ત્યારે ત્યાં દારૂની કોઈ તંગી હતી જ નહીં.

અમરનાથે સમારંભને સંબોધતા કહ્યું, ‘અમે બધા એક પાર્ટીમાં ગયા હતા જ્યાં પાકિસ્તાની ખેલાડીઓ પણ આવ્યા હતા. અમે જ્યારે ત્યાં પહોંચ્યા તો એ સ્થળે ખૂબ અંધારું હતું. અચાનક પાકિસ્તાની લશ્કરનો એક સૈનિક આવ્યો અને અમારી તરફ એકે-૪૭ તાકતા કહ્યું કે તમે અહીં દારૂ નહીં પી શકો. અમે તેને કંઈ પણ કહીએ એ પહેલાં તેણે પોલીસને બોલાવીને અમારી ધરપકડ કરવાની વાત કરી હતી.’

એ અરસામાં સુનીલ ગાવસકર ભારતીય ટીમના કૅપ્ટન હતા. તેમણે તરત જ સ્થિતિને માપી લઈને પેલા સૈનિકને કહ્યું કે જો તમે પાકિસ્તાની ખેલાડીઓની પણ ધરપકડ કરશો તો અમે અમારી ધરપકડ સામે કોઈ જ વિરોધ નહીં કરીએ.

ગાવસકરના આ સમજબૂઝવાળા પગલાં બાદ અમને બધાને છોડી દેવામાં આવ્યા હતા.

ગાવસકરે ૧૯૭૫થી ૧૯૮૫ દરમ્યાન કૅપ્ટન્સી સંભાળી હતી. તેમના સુકાનમાં ભારત ૪૭ ટેસ્ટ રમ્યું હતું જેમાંથી નવ ટેસ્ટમાં ભારતનો વિજય અને આઠ ટેસ્ટમાં પરાજય થયો હતો. ૩૦ ટેસ્ટ ડ્રૉમાં પરિણમી હતી. ■

# સાઉથ આફ્રિકા બે વર્ષમાં ચાર ટી-૨૦ વર્લ્ડ કપ હાર્યું!

ડરબનઃ વર્ષોથી સાઉથ આફ્રિકાના પુરુષ ક્રિકેટરોની ગણના ‘ચૉકર્સ’ તરીકે થાય છે અને એમાં હવે એની મહિલા ક્રિકેટરોનો પણ ઉમેરો થઈ ગયો છે એમ કહી શકાય. છેલ્લા બે વર્ષમાં સાઉથ આફ્રિકા ટી-૨૦ના કુલ ચાર વર્લ્ડ કપ હાર્યું છે. નવાઈની વાત એ છે કે આ ચારમાંથી ત્રણ પરાજય મહિલા ક્રિકેટરોના છે.

ટ્રોફીની લગોલગ (ફાઇનલમાં) આવીને પરાજિત થવામાં સાઉથ આફ્રિકાની તોલે કોઈ ન આવે.

ટી-૨૦ ટૂર્નામેન્ટની ફાઇનલમાં પરાજિત થવાની સાઉથ આફ્રિકાની પરંપરા ૨૦૨૩ની સાલમાં શરૂ થઈ હતી. ૨૦૨૩માં સાઉથ આફ્રિકાની મહિલા ટીમ ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં ઑસ્ટ્રેલિયા સામે પરાજિત થઈ હતી.

૨૦૨૪માં પુરુષોના ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં ભારત સામેની હારને પગલે સાઉથ આફ્રિકાની મેન્સ ટીમે આઘાત સહન કરવો પડ્યો હતો.

૨૦૨૪માં જ સાઉથ આફ્રિકાની મહિલા ટીમ ન્યૂ ઝીલૅન્ડ સામેની ફાઇનલની હારને કારણે વિમેન્સ ટી-૨૦ વર્લ્ડ કપની ટ્રોફીથી વંચિત રહી ગઈ હતી.

હવે ૨૦૨૫માં સાઉથ આફ્રિકાની મહિલા ટીમે ભારત સામેની ગર્લ્સ અન્ડર-૧૯ ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં નવ વિકેટે પરાજય જોયો અને એ સાથે સાઉથ આફ્રિકાએ સતત ચોથા વિશ્વ કપની ટ્રોફી હાથમાંથી સરી જતી જોવી પડી છે.

# સૂર્યા પાસેથી ટી-૨૦ની કૅપ્ટન્સી લઈ લેવાશે?

## સુકાની તરીકે સફળ છતાં બૅટિંગ-ફૉર્મ નબળું, હાર્દિકને નેતૃત્વ સોંપાઈ શકે

મુંબઈઃ ભારતની ટી-૨૦ ટીમ સાથે સંકળાયેલો એક ચોંકાવનારો અહેવાલ બહાર આવ્યો છે. સ્વાભાવિક રીતે આ સમાચાર સૂર્યકુમાર યાદવને લગતા જ છે. એક જાણીતા અખબારના રિપોર્ટ મુજબ સૂર્યાની કૅપ્ટન્સી છીનવાઈ જશે એવી સંભાવના છે.

ભારતે તાજેતરમાં જ ઇંગ્લૅન્ડ સામેની ટી-૨૦ સિરીઝ ૪-૧થી જીતી લીધી. કહેવાય છે કે ટી-૨૦ ટીમનું સુકાન સૂર્યા પાસેથી લઈને હાર્દિક પંડ્યાને સોંપાશે એવી શક્યતા છે. આનું મુખ્ય કારણ એ છે કે સૂર્યકુમાર હાલમાં ખરાબ ફૉર્મમાં છે. તે જ્યારથી ટી-૨૦ ટીમનો કૅપ્ટન બન્યો છે ત્યારથી તેનો પર્ફોર્મન્સ નબળો પડી ગયો છે. અગાઉ તેના બૅટમાંથી રનનો ઢગલો થતો હતો, પણ થોડા સમયથી એવું નથી જોવા મળી રહ્યું.

બીજી તરફ, હાર્દિક પંડ્યા બૅટ અને બૉલ બન્નેમાં સારું પર્ફોર્મ કરી રહ્યો છે. હાર્દિક નેતૃત્વની જવાબદારી વચ્ચે પણ સારું પર્ફોર્મ કરી શકે છે એવું ધ્યાનમાં આવતા આ અહેવાલ વાઇરલ થયો છે. ઇંગ્લૅન્ડ સામેની પાંચ ટી-૨૦માંથી પ્રથમ મૅચમાં સૂર્યકુમાર ઝીરોમાં આઉટ થયો હતો, બીજી ટી-૨૦માં ૧૨ રન બનાવ્યા હતા, ત્રીજી ટી-૨૦માં ૧૪ રન બનાવી શક્યો હતો, ચોથીમાં ફરી શૂન્યમાં આઉટ થઈ ગયો હતો અને છેલ્લી ટી-૨૦માં માત્ર બે રન બનાવીને પૅવિલિયનમાં પાછો આવી ગયો હતો. અગાઉ ભલભલા બોલરની ઍનેલિસિસ બગાડી નાખતો સૂર્યકુમાર આ વખતે પાંચ મૅચમાં કુલ ફક્ત ૨૮ રન બનાવી શક્યો. આવું જ તાજેતરમાં ઑસ્ટ્રેલિયામાં રોહિત શર્માના કિસ્સામાં બન્યું હતું જે ત્રણ ટેસ્ટમાં કુલ ફક્ત ૩૧ રન બનાવી શક્યો હતો. નવાઈની વાત એ છે કે ઇંગ્લૅન્ડના બોલર્સે સૂર્યકુમાર કરતાં વધુ રન બનાવ્યા હતા. સિરીઝના ટોચના ૧૫ બૅટર્સની વાત કરીએ તો છેલ્લા એટલે કે ૧૫મા નંબરે વૉશિંગ્ટન સુંદર (૩૨ રન) હતો. આ ૧૫ બૅટર્સમાં સૂર્યાનું નામોનિશાન નહોતું.




ઇંગ્લૅન્ડની પહેલાં સાઉથ આફ્રિકા અને શ્રીલંકા સામે પણ સૂર્યા સારું નહોતો રમી શક્યો. ભારતે આ ત્રણેય સિરીઝ જીતી લીધી, પરંતુ સૂર્યાના ખરાબ ફૉર્મની ખૂબ ચર્ચા થઈ રહી છે. ભારતીય ક્રિકેટના અને સૂર્યાના ચાહકો હેરાન-પરેશાન છે. જોઈએ હવે બીસીસીઆઇ શું નિર્ણય લેશે. ■

# બુમરાહ ઇંગ્લૅન્ડ સામેની વન-ડે સિરીઝની બહાર

નાગપુરઃ ટેસ્ટનો વર્લ્ડ નંબર-વન અને વન-ડેનો સાતમા નંબરનો બોલર જસપ્રીત બુમરાહ ગુરુવાર, છઠ્ઠી ફેબ્રુઆરીએ ઇંગ્લૅન્ડ સામે શરૂ થનારી વન-ડે સિરીઝની ત્રીજી અને છેલ્લી વન-ડેમાં (ચૅમ્પિયન્સ ટ્રોફી પહેલાં મૅચ-પ્રૅક્ટિસ કરવાના હેતુથી) રમવાનો હતો, પરંતુ ફિટનેસની સમસ્યાને લીધે તે આ મૅચમાં પણ નહીં રમે.

ભારતની ૧૬ ખેલાડીઓની ટીમમાંથી બીસીસીઆઇએ હળવેકથી તેનું નામ કાઢી નાખ્યું હતું.

ગયા મહિને સિડનીમાં ઑસ્ટ્રેલિયા સામેની છેલ્લી ટેસ્ટમાં બુમરાહ પીઠના દુખાવાને લીધે અધવચ્ચેથી નીકળી ગયો હતો અને પછીથી ભારત એ ટેસ્ટ અને સિરીઝ હારી ગયું હતું.

ત્યારથી તેની ફિટનેસના મુદ્દે સસ્પેન્સ જળવાઈ રહ્યું અને હવે એ સ્થિતિ આવી છે કે તે ૧૯મી ફેબ્રુઆરીએ શરૂ થનારી વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં રમી શકશે કે કેમ એમાં પણ શંકા છે.

એક જાણીતા અંગ્રેજી દૈનિકના અહેવાલ મુજબ બુમરાહ બેન્ગલૂરુની નૅશનલ ક્રિકેટ ઍકેડેમી (એનસીએ)માં પહોંચી ગયો છે અને ત્યાં થોડા દિવસ રહેશે. તેને એનસીએના ફિઝિયો-થેરપિસ્ટ તરફથી લીલીઝંડી મળશે તો જ તે ચૅમ્પિયન્સ ટ્રોફીમાં રમશે. ■

### ચૅમ્પિયન્સ ટ્રોફી માટેની ટીમઃ

રોહિત શર્મા (કૅપ્ટન), શુભમન ગિલ (વાઇસ-કૅપ્ટન), યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, શ્રેયસ ઐયર, રિષભ પંત (વિકેટકીપર), કે. એલ. રાહુલ (વિકેટકીપર), હાર્દિક પંડ્યા, રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, વૉશિંગ્ટન સુંદર, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ શમી અને અર્શદીપ સિંહ.

# વિરાટની વિકેટ લેનાર સાંગવાનને એક બસ ડ્રાઇવરે સલાહ આપી હતી કે...

નવી દિલ્હીઃ ગયા અઠવાડિયે બૅટિંગ-લેજન્ડ વિરાટ કોહલીની પ્રાઈઝ વિકેટ લેનાર રેલવેની ટીમના ફાસ્ટ બોલર હિમાંશુ સાંગવાને એક ઇન્ટરવ્યૂમાં કહ્યું છે કે વિરાટની વિકેટ લેવા વિશે તેને એક બસના ડ્રાઇવરે સલાહ આપી હતી.

બધા જાણે છે કે ઘણા મહિનાઓથી ઑફ સ્ટમ્પની બહારના બૉલમાં રમવામાં વિરાટ મૂંઝાઈ જાય છે અને તેને એ જે તકલીફ થાય છે એનો તાજેતરમાં ઑસ્ટ્રેલિયામાં તેણે વારંવાર કડવો અનુભવ કર્યો હતો. તે ઑસ્ટ્રેલિયામાં દરેક ઇનિંગ્સમાં ઑફ સ્ટમ્પની બહારના બૉલમાં શૉટ મારવાના પ્રયાસમાં વિકેટ ગુમાવી બેઠો હતો.

સાંગવાન આ મૅચ પહેલાં જે બસમાં પ્રવાસ કરી રહ્યો હતો એના ડ્રાઇવર સાથે તેની થોડી વાતચીત થઈ હતી જેમાં ડ્રાઇવરે તેને સલાહ આપી હતી કે ‘વિરાટની વિકેટ લેવા માટે તું તેને પાંચમા સ્ટમ્પની લાઈનમાં બૉલ ફેંકજે એટલે તે કૅચ આપી દેશે.’

જોકે સાંગવાને વિરાટની વિકેટ એવા બૉલમાં નહોતી લીધી. તેણે ઑફ સ્ટમ્પની જરાક બહાર બૉલ ફેંક્યો હતો જેમાં ટપ પડ્યા પછી બૉલ અંદર આવ્યો હતો અને વિરાટના બૅટ અને સ્ટમ્પની વચ્ચેથી થઈને સ્ટમ્પ્સ પર ગયો હતો જેમાં તેનું ઑફ સ્ટમ્પ ઊખડીને દૂર ફેંકાઈ ગયું હતું. કોહલીએ માત્ર ૧૫મા બૉલે વિકેટ ગુમાવી હતી અને ૬ રન બનાવીને નિરાશ હાલતમાં પૅવિલિયનમાં પાછો આવ્યો હતો.



સાંગવાને મુલાકાતમાં એવું પણ કહ્યું હતું કે ‘પહેલાં અમને એવું લાગ્યું હતું કે રિષભ પંત પણ આ મૅચમાં રમવાનો છે. જોકે આ મૅચ ટીવી પર લાઈવ બતાવવામાં આવશે એવી અમને જાણ નહોતી. અમને પછીથી ખબર પડી હતી કે રિષભ નથી રમવાનો પરંતુ વિરાટ કોહલી રમવાનો છે અને મૅચનું જીવંત પ્રસારણ થવાનું જ છે. અમારી રેલવેની ટીમના દરેક ખેલાડીને ખાતરી હતી કે વિરાટને હું જ આઉટ કરી શકીશ અને તેમની એ ધારણા સાચી પડી.’

સાંગવાને કહ્યું કે ‘બસ ડ્રાઈવરે મને બૉલ પાંચમા સ્ટમ્પ પર ફેંકવાની સલાહ આપી હતી, પરંતુ હું વિરાટને મારી રીતે આઉટ કરવા માગતો હતો. હું હંમેશાં સામેવાળાની નબળાઈને બદલે મારી તાકાત પર વધુ ધ્યાન આપતો હોઉં છું. મેં મારી ટૅલન્ટ મુજબ બૉલ ફેંક્યો અને એમાં વિરાટ ક્લીન બોલ્ડ થઈ ગયો.’

રણજી ટ્રોફીના એલીટ ગ્રૂપ ‘ડી’માંથી સૌરાષ્ટ્ર અને તામિલનાડુની ટીમ ક્વૉર્ટર ફાઈનલમાં પહોંચી છે અને દિલ્હી તથા રેલવેની ટીમ સ્પર્ધાની બહાર થઈ ગઈ છે, પણ સાંગવાનને કરીઅરમાં હવે પછી સારી તકો મળશે અને તેના પર્ફોર્મન્સ પર સૌની નજર રહેશે એમાં બે મત નથી. દિલ્હી, રેલવે તેમ જ ડોમેસ્ટિક ક્રિકેટના બીજા યુવાન ખેલાડીઓ માટે વિરાટ રોલ મૉડલ છે. સાંગવાને ગયા અઠવાડિયે વિરાટની વિકેટ લીધી ત્યાર પછી ડ્રેસિંગ રૂમમાં ખુદ વિરાટે તેની પ્રશંસા કરીને તેને તેની વિકેટવાળા બૉલ પર ફોટોગ્રાફ આપ્યા હતા. ■

# પેમેન્ટના પ્રશ્ને બાંગ્લાદેશમાં બબાલઃ ફ્રૅન્ચાઇઝીએ પૈસા ન આપતાં બસ ડ્રાઇવરે ક્રિકેટરોને કિટ પાછી ન આપી!

ઢાકાઃ બાંગ્લાદેશ પ્રીમિયર લીગ (બીપીએલ)માં પેમેન્ટને લઈને મોટો વિવાદ થયો છે. દરબાર રાજશાહી ટીમના ફ્રૅન્ચાઇઝીના માલિકોએ પૈસા ન ચૂકવ્યા એટલે આ ટીમની બસના ડ્રાઇવરે ટીમના તમામ ખેલાડીઓની કિટ એક ખાનામાં બંધ કરી દીધી હતી અને એ પાછી આપવાની ના પાડી હતી.

બસના ડ્રાઇવરે કહ્યું હતું કે જ્યાં સુધી તેના નીકળતા સાત લાખ રૂપિયા છૂટા નહીં કરવામાં આવે ત્યાં સુધી ખેલાડીઓને કિટ પાછી નહીં આપે.

નક્કી થયેલો પગાર ન મળતાં વિદેશી ખેલાડીઓએ એક મૅચમાં રમવાનું ટાળ્યું હતું.

પાકિસ્તાનના મોહમ્મદ હૅરિસ, અફઘાનિસ્તાનના આફતાબ આલમ, વેસ્ટ ઇન્ડિઝના માર્ક ડેયાલ, ઝિમ્બાબ્વેના રાયન બર્લ અને વેસ્ટ ઇન્ડિઝના મિગેલ કમિન્સને નિર્ધારિત પેમેન્ટ નહોતું થયું. કેટલાક ખેલાડીઓને આખી સૅલરી નથી અપાઈ, જ્યારે અમુકને ફક્ત પચીસ ટકા પગાર મળ્યો છે.

મોહમ્મદ બાબુલ નામના બસ ડ્રાઇવરે પત્રકારોને કહ્યું હતું કે ‘આ બહુ શરમજનક કહેવાય. મને મારા નીકળતા પૈસા નથી અપાયા એટલે મેં ટીમના સ્થાનિક અને વિદેશી ખેલાડીના કિટ બસમાં જ લૉક કરી દીધા છે. પૈસા મળશે પછી જ પાછા આપીશ.’

રાજશાહી ટીમના બસ ડ્રાઇવરે એવું પણ કહ્યું હતું કે ‘ઝિમ્બાબ્વેના રાયન બર્લ સાથે મારી વાત થઈ છે. તેણે અને અન્ય કેટલાકે મને કહ્યું છે કે અમને હજી અમારી નીકળતી રકમ નથી મળી. રાજશાહી ટીમના માલિકે મને કહ્યું છે કે તેઓ પેમેન્ટ માટે પ્રયત્ન કરી રહ્યા છે. બાંગ્લાદેશ સરકારના ખેલકૂદ સલાહકાર આસિફ મહમૂદ તેમને મળ્યા છે અને વહેલાસર પેમેન્ટ ચૂકવવાની સૂચના આપી છે.’ ■

# વિરાટ ફરી આરસીબીની કૅપ્ટન્સી સ્વીકારશે?

## જોકે બીજા ચાર-પાંચ ઉમેદવાર હોવાનો માલિકોનો દાવો

બેન્ગલૂરુઃ ૨૦૦૮થી ૨૦૨૪ સુધીની તમામ આઇપીએલ સીઝનમાં વિરાટ કોહલી ઉપરાંત એક એકથી ચડિયાતા સ્ટાર ખેલાડીઓ લઈને રમવા ઊતરતી રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ (આરસીબી) ટીમની કૅપ્ટન્સી ફરી વિરાટ કોહલી સંભાળશે એવી ચર્ચા તાજેતરના મેગા ઑક્શન બાદ થતી હતી, પરંતુ હવે બહાર આવેલા અહેવાલ મુજબ આરસીબીના ચીફ ઑપરેટિંગ ઑફિસર રાજેશ મેનને એક જાણીતી વેબસાઇટને મુલાકાતમાં મોટો ખુલાસો કર્યો હોવાનું મનાય છે. આઇપીએલ આગામી ૨૧મી માર્ચે શરૂ થશે. જેમાં પ્રથમ મૅચ કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં રમાશે. ફાઇનલ પચીસમી મેએ નિર્ધારિત છે. આ ટૂર્નામેન્ટના સૌથી મોંઘા (૨૭ કરોડ રૂપિયાની કિંમતના) ખેલાડી રિષભ પંતને લખનઊ સુપર જાયન્ટ્સે તાજેતરમાં જ કૅપ્ટન્સી સોંપી હતી.

આરસીબીના મેનને એવું કહ્યું છે કે તેમની ટીમમાં ઘણા લીડર છે એટલે કૅપ્ટન્સીની બાબતમાં હજી હમણાં નક્કી નથી કર્યું. અમારી પાસે ચારથી પાંચ ખેલાડી એવા છે જેઓ કૅપ્ટન બનવાને લાયક છે. ખરું કહું તો અમે કૅપ્ટન્સીની બાબતમાં વિગતે ચર્ચા કરી જ નથી. અમે વિચાર કરીશું અને પછી નિર્ણય પર આવીશું.’ ■

### ૨૦૨૫ની આઈપીએલ માટેની આરસીબીની ટીમ

વિરાટ કોહલી, દેવદત્ત પડિક્કલ, ફિલ સૉલ્ટ (વિકેટકીપર), ટિમ ડેવિડ, રજત પાટીદાર, જિતેશ શર્મા (વિકેટકીપર), કૃણાલ પંડ્યા, જૅકબ બેથેલ, લિઆમ લિવિંગસ્ટન, સ્વસ્તિક ચિકારા, મનોજ ભંડાગે, મોહિત રાઠી, રોમારિયો શેફર્ડ, જૉશ હૅઝલવૂડ, ભુવનેશ્વર કુમાર, લુન્ગી ઍન્ગિડી, રસિખ સલામ, સુયશ શર્મા, સ્વપ્નિલ સિંહ, નુવાન થુશારા, યશ દયાલ અને અભિનંદન સિંહ.

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com




# ચાઈનીઝ ડીપસીકના ભરડાથી ટેક કંપનીઓમાં ફફડાટઃ ભારત ઝંપલાવશે

**ચાઇનાએ** કોરોના વાઇરસ પછી ફરી એક વખત વિશ્વના તમામ દેશનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું છે. આ વખતે આટિફિશિયલ ઇન્ટેલિજેન્સ (એઆઇ)ના મોરચે ડ્રેગને ફૂંફાડો માર્યો છે. અમેરિકાનો દાવો છે કે ચીને તેની ટેકનોલોજીની ચોરી કરી છે.

આ તરફ ભારત પણ સ્વદેશી મોડેલ જનરેટિવ એઆઇ, ઝેન એઆઇ વિકસાવવાની તૈયારીમાં છે. જોકે, ચિતાનો વિષય એ છે કે ચીનનું સસ્તું એઆઇ એન્જિન ડીપસીકના આગમન સાથે વિશ્વભરની ટેકનોલોજી કંપનીઓને લાખો કરોડ ડોલરનું નુકસાન થયું છે.

ડીપસીક એઆઇ એન્જિનને રજૂ કરતા અમેરિકાના આધિપત્ય સામે સવાલ ઊભો થયો છે અને તેના પ્રેસિડેન્ટ ટ્રમ્પ આ જ કારણસર ટેરિફ સહિતના શસ્ત્રો સાથે ટ્રેડ વોરને ઉગતી જ ડામવા ફાંફા મારી રહ્યાં છે. માત્ર છ કરોડ ડોલરના એઆઈ એન્જીનથી ચાઇનાએ વિશ્વની ટેકનોલોજી કંપનીઓના મૂલ્યમાં લાખો કરોડ ડોલરનું ભંગાણ પાડ્યું છે.

તાજેતરમાં વિશ્વભરના ઇક્વિટી માર્કેટમાં બોલાયેલા કડાકા પાછળના કારણોમાં પણ આ એક મહત્ત્વનું કારણ ગણવામાં આવે છે. ભારત પણ આ ક્ષેત્રે ઝંપલાવવા તૈયારી કરી રહ્યું છે અને ઝડપી ગતિએ ભારત પણ આર્ટિફિશિયલ ઇન્ટેલિજેન્સ ક્ષેત્રે પોતાનો ડંકો વગાડશે.

દેશના ઇન્ફર્મેશન ટેકનોલોજી ખાતાના પ્રધાન અશ્વિની વૈષ્ણવે તાજેતરમાં જાહેરાત કરી છે કે, ભારત ટૂંક સમયમાં પોતાનું એઆઈ મોડેલ લોન્ચ કરવાની તૈયારીમાં છે. ભારતનું સ્વદેશી જનરેટિવ એઆઇ મોડલ આગામી દસેક મહિનામાં ઉપલબ્ધ થવાની સંભાવના છે.

આ એઆઈ મોડેલ ચેટજીપીટી, જેમીની અને ડીપસીક જેવા પોપ્યુલર એઆઈ મોડલને પડકાર આપશે. સરકારે સ્વદેશી એઆઈ મિશન માટે ૧૦ કંપનીઓને શોર્ટલિસ્ટ કરી છે, જેમાં રિલાયન્સ જિયો, ટાટા કોમ્યુનિકેશન, ઓરિએન્ટ ટેક, અને યોટ્ટા ડોટ કોમ જેવી કંપનીઓનો સમાવેશ થાય છે. સરકાર દ્વારા અન્ય કંપનીઓ પાસેથી પણ ફાઉન્ડેશનલ મોડલ માટે આવેદન મગાવવામાં આવ્યા છે. ઈન્ડિવિઝ્યુઅલ ડેવલપર્સ પાસેથી પણ અરજી મગાવાઈ છે.

આપણે ફરી ચાઇનીઝ ડ્રેગનની વાત કરીએ તો, અમેરિકાની એઆઈ જાયન્ટ ઓપન એઆઈ સહિતને હંફાવનાર ચાઈનીઝ ડીપસીકે હરીફોની ૧૪થી ૧૫ ડોલરના ખર્ચ સામે એક ડોલરની અંદરના ખર્ચે સર્વિસિઝ ઓફર કરી હાહાકાર મચાવતાં અમેરિકામાં આઈટી બબલ જેવી સ્થિતિ સર્જી દીધી છે. અમેરિકાને લાગે છે કે તેની જ ટેકનોલોજીની ચોરી થઇ છે અને તેનું કારણ એ છે કે એનવીડિયાની ચીપ વેચનાર લિયાંગ વેંગફેંગ ડીપસીકનો ફાઉન્ડર છે.

ચીનના હેન્ઝો પ્રાંતમાં ૨૦૨૩માં ૪૦ વર્ષીય લીયાંગ વેંગફેંગે ડીપસીકની સ્થાપના કરી હતી. લીયાંગ ઇન્ફર્મેશન અને ઈલેક્ટ્રોનિકમાં એન્જિનિયર છે. અને એણે પોતે જ હેજ ફંડ સ્થાપી ડીપસીક માટે નાણા એકત્ર કર્યા છે.

અગાઉ તેની પાસે એનવીડિયાના એ૧૦૦ મોડેલના ચીપનો સ્ટોર હતો. અમેરિકાએ ચીનમાં આ ચીપની નિકાસનો પ્રતિબંધ જાહેર કરતા પોતાની પાસે રહેલી ૫૦ હજાર જેટલી ચીપના આધારે તેને પોતાના એઆઈ માટેના લાર્જ લર્નિંગ મોડેલ બનાવવાનો વિચાર આવ્યો હતો. આ ઉપરાંત, તેણે જરૂર પડયે જે સસ્તી ચીપસેટની આયાત કરવાની છૂટ છે તેનો પણ ઉપયોગ કર્યો હોવાનું જાણવા મળે છે. તાજેતરમાં જ ચીનના પ્રીમિયર લી કીયાંગ સાથે તેણે એઆઇ અંગે એક લાંબી બેઠક કરી હોવાના અહેવાલ પણ ચાઇનીઝ અખબારોમાં ચમકયા હતા.

આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના લાર્જ લર્નિંગ મોડેલ ક્ષેત્રે ચીનના સ્ટાર્ટ અપ ડીપસીકે એક ક્રાંતિકારી તોફાન મચાવી દીધું છે. અમેરિકાના અબજો ડોલરના રોકાણ સામે માત્ર ૬૦ લાખ ડોલરના રોકાણથી ડીપસીકનું લર્નિંગ મોડેલ અત્યારે વિશ્વમાં સૌથી વધુ વપરાતા ચેટજીપીટી કરતા વધારે શક્તિશાળી, સરળ અને વધારે ઝડપી હોવાનું કહેવાઇ રહ્યું છે.

ચીનની આ શોધના સાક્ષાત્કાર સાથે તાજેતરમાં અમેરિકા, એશિયા અને યુરોપમાં એઆઈ માટે સેમીકન્ડકટર બનાવતી કંપનીઓના શેરમાં કડાકો બોલી ગયો હતો. આ કડાકાના કારણે ટેક કંપનીઓના બજાર મૂલ્યમાં ટ્રિલિયન ડોલરથી મોટું ધોવાણ જોવા મળ્યું હતું. નોંધવું રહ્યું કે, ઓપન એઆઈ વર્ષે પાંચ અબજ ડોલરનો ખર્ચ પોતાના લાર્જ લર્નિંગ મોડેલમાં કરે છે. આ ઉપરાંત, તેના મોડેલની જટિલતાની ગણતરી માટે ચીપસેટ, તેનું ટેસ્ટીંગ અને તેના ડેટા સ્ટોરેજ અને તેને લગતી સેવાઓ આપતી અમેરિકન કંપનીઓ પણ અબજો ડોલરનો ખર્ચ કરે છે.

ડીપસીકના એકદમ સસ્તા મોડેલથી આ બધી કંપનીઓએ કરેલા રોકાણ અને તેની સામેના વળતર સામે સવાલો ઉભા થઇ રહ્યા છે અને તેના કારણે શેરના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હોવાનું જાણકારો જણાવે છે. ડીપસીકની અસરથી એઆઈ ચીપસેટમાં અત્યારે વિશ્વમાં અવ્વલ ગણાતી એનવીડિયાના શેરમાં ૧૯ ટકાનો મહાભયાનક કડાકો બોલી ગયો હતો અને પરિણામે અમેરિકાનીં ટેકનોલોજી કંપનીઓના બજાર નેસ્ડેકનો ઇન્ડેક્સ એક તબક્કે પાંચ ટકાનો કડાકો નોંધાયો હતો, જે ઓગસ્ટ મહિના પછીનો સૌથી મોટો કડાકો છે.

માત્ર અમેરિકા જ નહીં એશિયન ટ્રેડીંગમાં જાપાનીઝ સેમીકન્ડકટર કંપનીઓના શેરના ભાવ પણ કડાકા બોલાયા હતા. એનવીડિયાના ચીપનું ટેસ્ટીંગ કરતી એડવાનટેસ્ટ, ટોકિયો ઈલેક્ટ્રોન, રેનેસસ ઇલેક્ટ્રોનિક્સ સહિતની કંપનીઓના શેરમાં મસમોટા ભંગાણ જોવા મળ્યા હતા. યુરોપની સૌથી મોટી સેમીકન્ડકટર કંપની એએસએમએલ, જર્મનીની સીમેન્સ અને ઇલેક્ટ્રોનિક્સ ઓટોમેશન ક્ષેત્રે અગ્રણી શ્નાઇડરના શેરમાં પણ જંગી ધોવાણ જોવા મળ્યું હતું.

બીજી તરફ, એપલના એપ સ્ટોરમાં ચેટજીપીટી અને અન્ય એઆઈ કરતા જાન્યુઆરી મહિનામાં જ લોન્ચ થયેલા ડીપસીકના ડાઉનલોડની સંખ્યા વધી ગઈ છે. એઆઈ ક્ષેત્રે અમેરિકાની અત્યાર સુધીની નંબર વન તરીકેની છાપ સામે ચીને સીધો પડકાર ફેંક્યો છે. ડીપસીકે વી૩ મોડેલ લોન્ચ કર્યું છે અને સ્ટાર્ટઅપનો દાવો છે કે આ માત્ર બે મહિનામાં જ તૈયાર કરવામાં આવ્યું છે.

આ મોડેલ ચેટજીપીટીના મોડેલ જેટલું જ કાર્યક્ષમ હોવાનું એઆઈ ઉપર રિસર્ચ કરી રહેલા નિષ્ણાતોએ સ્વીકારવાનું શરૂ કરી દીધું છે. આ મોડેલની કાર્યક્ષમતા ચકાસવા માટે મેથેમેટિક્સ, કોડીંગ અને ભાષાકીય તર્ક કેટલી ઝડપથી પ્રોસેસ કરી શકે છે એની ચકાસણી કરવામાં આવે છે.

ચેટજીપીટી કે ડીપસીક કે અન્ય કોઇપણ એઆઈ મોડેલ માટે આધુનિક ચીપ જરૂરી છે. વર્ષ ૨૦૨૧થી અમેરિકાએ ચીનને આવી એડવાન્સ ચીપ વેચવા ઉપર નિયંત્રણ મૂકેલા છે. આ નિયંત્રણ છતાં ચીનના સ્ટાર્ટઅપે ડીપસીકનું આધુનિક મોડેલ રજૂ કરતા દુનિયા દંગ રહી ગઈ છે.

નવા એઆઈ મોડેલના કારણે સૌથી મોટો સવાલ ઊભો થયો છે કે અમેરિકન કંપનીઓ જેટલા મોંઘા રોકાણનો દાવો કરી રહી છે એટલું રોકાણ એઆઈ માટે જરૂરી નથી. બીજું, એટલો સમય પણ લાગતો નથી અને સૌથી મહત્ત્વનું છે કે લાર્જ લર્નિંગ મોડેલ માટે જે એડવાન્સ ચીપ કે અતિ જટિલ ચીપની જરૂરીયાત હોવાનો દાવો થઇ રહ્યો છે એની પણ જરૂરિયાત નથી. ■

---

પ્રાસંગિક__
અમૂલ દવે
feedback@bombaysamachar.com

ટ્રમ્પનું ટેરિફ ૨.૦

# ગ્લોબલ ઈકોનોમી પર થશે કુઠારાઘાત

## અમેરિકા માટે પણ લાંબે ગાળે નુકસાનીનો ધંધો




**વિશ્વમાં** એક અલગ પ્રકારના યુદ્ધનો પ્રારંભ થઈ ચૂક્યો છે. આ યુદ્ધ કોઈ પ્રદેશ કે સંપત્તિ કે કોઈ શત્રુતા માટેનું નથી. આ યુદ્ધ વેપાર માટેનું નથી. ઊલટું આ યુદ્ધ ગમે તે હિસાબે અને જાગતિક વેપારના ભોગે પોતાના દેશની પ્રગતિ કરવા માટેનું છે.

આ યુદ્ધનું મુખ્ય હથિયાર ટેરિફ છે. કોરોનાની મહામારી, રશિયા અને યુક્રેન તથા ઈઝરાયલનું હમાસ અને હિજબુલ્લાહ સાથેનું યુદ્ધ તથા કુદરતી આપદાઓને લીધે ગ્લોબલ ઈકોનોમી લકવાગ્રસ્ત થઈ છે ત્યારે આ નવા ટેરિફ અને ટ્રેડ વોરથી ગ્લોબલ ઈકોનોમી પર જબરો વજ્રઘાત થવાનો છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ એક અકલ્પનીય તરંગી અને્ જીદ્દી માણસ છે.આ અકળ આદમીએ ચૂંટણી પ્રચારમાં જે ધમકીઓ આપી હતી એનો અમલ શરૂ કરી દીધો છે.

ટ્રમ્પ જાણે આખા વિશ્વનો સમ્રાટ હોય એમ દરેક દેશ અને તેમના વડાને ધમકાવે-ડરાવે છે. ટ્રમ્પનું આ ટેરિફાઈંગ ટેરિફ કૃત્ય અતિશય ખતરનાક છે. આને લીધે ચીન, મેક્સિકો અને કેનેડા જેવા દેશ તો લોહીલુહાણ થશે, પરંતુ અમેરિકા પોતે પણ ઘાયલ થશે. ટ્રમ્પની ધમકી અને અવિચારી ટેરિફને લીધે આખા વિશ્વમાં મોંઘવારી વધશે અને મંદી આવશે. ટ્રમ્પે મેક્સિકો, ચીન અને કેનેડા પર દબાણ લાવવા એ દેશોના માલસામાન પર જે ટેરિફ ફટકાર્યો છે. અમેરિકા પોતાના સાથીદારો યુરોપના દેશો ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, જર્મની વગેરે પર ટેરિફ નાખશે તો એ બધા દેશ પણ વળતાં પગલાં લેશે. આ દેશો ટ્રમ્પના જમણા હાથ સમા એલન મસ્કની ધમકીઓને લીધે અગાઉથી નારાજ છે. ટ્રમ્પનું અવિચારી પગલું એના સાથીદારોને પણ ચીન અને રશિયાની ધરી તરફ વળવા ફરજ પાડશે.

આવાં પગલાં પછી ટ્રમ્પનું માનવું છે કે આનાથી અમેરિકા વધુ સમૃદ્ધ બનશે અને તેની ગુમાવેલી તાકાત પાછી મેળવશે. હકીકત એ છે કે ટ્રમ્પ મૂર્ખાઓના સ્વર્ગમાં રાચે છે. મેક્સિકો અને કેનેડા એ તો વળતા ટેરિફ નાખી જ દીધો છે. દુનિયાને કોઈ દેશ સંપૂર્ણપણે સ્વાવલંબી ન હોઈ શકે. ટ્રમ્પે મોંઘવારી હટાવવાના નામે મત મેળવ્યા છે, પરંતુ એમણે છેડેલાં ટેરિફવોરને લીધે અમેરિકનોનું બજેટ ખોરવાઈ જશે. અમેરિકન કુટુંબને ઓછામાં ઓછું ૧,૦૦૦ ડોલરનું નુકસાન થશે. રમકડા. અમેરિકામાં ફુડ પ્રોડક્ટસ, પેટ્રોલ-ડિઝલ, કાર, બિયર, ઈલેક્ટ્રોનિક્સ અને બીજી વસ્તુઓ મોંઘી થશે. ટ્રમ્પે તો 'બ્રિકસ'ના દેશો જેમાં ભારત આવે છે એના પર ૧૦૦ ટકા ટેરિફ લગાવવાની ધમકી આપી છે. ટ્રમ્પની જાહેરાતથી આખા જગતના શેર બજારોનો આંક ઊંધે માથે પટકાયો છે. ભારતમાં તો પાંચ મિનિટમાં જ રોકાણકારોના પાંચ લાખ કરોડ સ્વાહા થઈ ગયા હતા. દુનિયામાં ૬૦ કલાકમાં ૭૬૦ અબજ ડૉલરનું નુકસાન થયું છે. એક વ્યક્તિના અવિચારી નિર્ણયથી આખા જગતનું અર્થ તંત્ર ડામાડોળ થઈ ગયું છે.

સત્તા સંભાળતા જ અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે દુનિયામાં ફરી એક વખત ટ્રેડવોરના મંડાણ કર્યા છે. ટ્રમ્પે પહેલા કાર્યકાળમાં ચીન સાથે ટ્રેડવોર શરૂ કરી હતી જ્યારે હવે પડોશી દેશોને પણ આડે હાથ લીધા છે. ટ્રમ્પે અમેરિકાના પડોશી દેશો કેનેડા અને મેક્સિકો ઉપર ૨૫ ટકા અને ચીન પર ૧૦ ટકા ટેરિફ લાદવાનો આદેશ આપ્યો છે. જવાબમાં કેનેડા અને મેક્સિકો અમેરિકા સામે આકરું વલણ અપનાવતા અમેરિકાના સામાન પર ૨૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. જ્યારે ચીને 'વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન' ('ડબલ્યુટી') ઓમાં જવાની ધમકી આપી છે. ત્રણેય દેશે ટ્રમ્પ સામે ઘૂંટણિયે ટેકવાનો ઈનકાર કરી દેતાં ટ્રેડ વોર વધુ વકરવાની આશંકા છે.

મેક્સિકન -કેનેડા- ચીન એમ આ ત્રણેય દેશ અમેરિકાની૬૫૦ બિલિયન ડૉલરની ખાધ માટે જવાબદાર છે.

ટેરિફની જાહેરાત પછી ટ્રમ્પ સોશિયલ મીડિયા પર કહે છે કે, અમેરિકાનાં હિતોના રક્ષણ માટે મેકસિકો -કેનેડા પર ર ટેરિફ લાદવા જરૂરી હતા. કેનેડા અને મેક્સિકો તેમની સરહદેથી ગેરકાયદે વસાહતીઓની અમેરિકામાં ઘૂસણખોરી કરાવતા હોવાથી તેમના પર ૨૫ ટકા ટેરિફ લાદવામાં આવ્યો છે , જ્યારે અમેરિકામાં જીવલેણ ડ્રગ્સ 'ફેન્ટાનીલ' ઘુસાડવા માટે ચીન જવાબદાર હોવાથી તેના પર ૧૦ ટકા ટેરિફ લાદ્યો છે. ટ્રમ્પે આ સાથે ચેતવણી આપી હતી કે ત્રણેય દેશ વળતો જવાબ આપશે તો તેમની સામે વધુ જંગી ટેરિફ લાદવામાં આવશે.

અલબત્ત, ટ્રમ્પને પણ ખ્યાલ છે કે એના આ પગલાંથી અમેરિકનોને પણ નુકસાન થશે. આથી એ ખુદ કહે છે કે અમેરિકાને મહાન બનાવવા અમેરિકનોને પણ સહન કરવું પડશે.

ડોનલ્ડ ટ્રમ્પના પગલાં સામે નમતું જોખવાનો ઈન્કાર કરતાં કેનેડા અને મેક્સિકોએ વળતા જવાબરૂપે અમેરિકાથી આયાત થતી વસ્તુઓ પર ૨૫ ટકા ટેરિફ લાદવાની રવિવારે જાહેરાત કરી છે. કેનેડાના કાર્યકારી વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ જણાવ્યું હતું કે, વ્હાઈટ હાઉસ દ્વારા લેવામાં આવેલાં પગલાંએ અમેરિકા-કેનેડાને સાથે રાખવાના બદલે વિભાજિત કરી દીધા છે. અમે અમેરિકામાં ૧૫૫ અબજ ડૉલર સુધીની વસ્તુઓ પર ૨૫ ટકા ટેરિફ લાદીશું.

કેનેડા અને મેક્સિકો સામે ટેરિફ લાદવાની જાહેરાત કર્યા બાદ ટ્રમ્પ કૂણા પડ્યા છે. ટ્રમ્પે બન્ને દેશોના વડા સાથે વાતચીત કર્યા બાદ સૂચિત ટેરિફ ૩૦ દિવસ માટે મોકૂફ રાખવા સંમત થયા છે. બન્ને દેશોએ ફેન્ટેલાઈનની દાણચોરી રોકવા પગલાં લેવાની અને સરહદની સલામતી મજબૂત બનાવવાની તૈયારી દાખવી છે. બીજી બાજુ ચીન અને અમેરિકા વચ્ચેનું ટેરિફવોર ચાલુ થઈ ગયું છે. ચીને અમેરિકાની વસ્તુઓ પર કાઉન્ટર-ટેરિફ લગાડ્યા છે. ચીને અમેરિકના કોલસા, એલપીજી પર ૧૫ ટકા તથા+ ખનીજ તેલ, કૃષિ મશીનરી અને કાર પર ૧૦ ટકા ટેરિફ લગાડ્યા છે. આ સાથે ચીને અમેરિકાને ટન્ગસ્ટેન, ટેલુરિયમ, મોલીબડીયમ અને રુથેનિયમની આઈટમની નિકાસ કરવા પર અંકુશો મૂક્યા છે.

ટેરિફ વધારાના ટ્રમ્પના પગલાંની વિદેશમાં જ નહીં, અમેરિકામાં પણ આકરી ટીકા થઈ રહી છે. ડેમોક્રેટ્સ આ મુદ્દે ટ્રમ્પની ઝાટકણી કરવાની તક ઝડપી લેતા કહ્યું કે, અમેરિકનો વધતી મોંઘવારીથી ચિંતિત હતા. ફુગાવા પર નિયંત્રણ માટે એમણે ટ્રમ્પને વોટ આપ્યા હતા, પરંતુ હવે મોંઘવારીમાં જે વધારો થશે તેના માટે ટ્રમ્પનાં પગલાં જવાબદાર હશે.. અમેરિકન અર્થતંત્ર પર તેની ગંભીર અસર થઈ શકે છે. અમેરિકામાં આયાત થતાં ઉત્પાદનોમાં કેનેડા, મેક્સિકો અને ચીનનો હિસ્સો ત્રીજા ભાગ કરતાં વધુ છે, જે લાખો અમેરિકનોને રોજગારી પૂરી પાડે છે. અમેરિકા મેક્સિકોમાંથી ઓટો અને ઈલેક્ટ્રિક ઈક્વિપમેન્ટ સેક્ટર્સમાં આયાત કરે છે જ્યારે કેનેડામાં મિનરલ પ્રોસેસિંગની આયાત કરવામાં આવે છે. જોકે, આ ટ્રેડ વોરના કારણે અમેરિકામાં કૃષિ, માછીમારી, ધાતુ અને ઓટો ઉત્પાદન પર સૌથી મોટું જોખમ ઊભું થવાની આશંકા છે. આ દેશોમાંથી આયાત થતાં ઉત્પાદનો પર ટેરિફ લાગુ થવાથી કેટલીક કંપનીઓ તેમના પરનો બોજો ઉત્પાદનોના ભાવ વધારીને ગ્રાહકો પર નાખે તેવી શક્યતા છે. બીજીબાજુ કેટલીક કંપનીઓ આ બોજો પોતે ઉપાડી શકે છે જ્યારે અન્ય કંપનીઓ વિદેશી સપ્લાયરને આ બોજો ઉપાડવા દબાણ કરી શકે છે.

ટ્રમ્પે પોતાના પહેલા કાર્યકાળમાં ચીન પર ટેરિફ નાખ્યા હતા ત્યારે મોટાભાગની કંપનીઓએ આ ખર્ચ અમેરિકન ગ્રાહકો પર નાખ્યો હતો. આવી જ સ્થિતિ ફરી એક વખત ઊભી થઈ રહી છે. અમેરિકામાં ગ્રોસરીની વસ્તુઓ, કાર અને પેટ્રોલના ભાવમાં જંગી વધારો થઈ શકે છે. અમેરિકા તેનું અંદાજે ૬૦ ટકા ક્રૂડ ઓઈલ કેનેડામાંથી આયાત કરે છે. ટ્રમ્પે કેનેડા પર ટેરિફ લગાડતા તેના ભાવ વધી શકે છે

**ભારતના રૂપિયાની હાલત કફોડી થઈ છે.....**

આ ટ્રેડ વોરની વ્યાપક અસર ભારતના અર્થતંત્ર અને તેની કરન્સી પર પણ જોવા મળી રહી છે. આ અઠવાડિયે બજાર ખુલ્યું ત્યારે કરન્સી માર્કેટમાં રૂપિયા ૬૦ પૈસાથી વધુ ઘટીને ૮૭ના સ્તરને પાર કરી ગયો. ટ્રમ્પના સત્તામાં આવ્યા બાદ રૂપિયામાં આટલો મોટો ઘટાડો એ કોઈ નવી વાત નથી. જો આપણે આંકડા પર નજર કરીએ તો ઓક્ટોબરની શરૂઆતથી અત્યાર સુધીમાં ડૉલર સામે રૂપિયામાં ૪%નો ઘટાડો જોવા મળી ચૂક્યો છે. નિષ્ણાતોનું કહેવું છે કે આગામી બે મહિનામાં રૂપિયામાં વધુ ઘટાડો જોવા મળી શકે છે અને આંકડો ૯૦ના સ્તરને પાર કરી શકે છે.

લાખો રૂપિયાનો સવાલ એ છે કે ટ્રમ્પના ટેરિફનો ડર ભારતની કરન્સીમાં કેમ જોવા મળી રહ્યો છે. ? નિષ્ણાતોનું માનવું છે કે ચીન પર ટેરિફ લગાવવામાં આવ્યા બાદ સમગ્ર એશિયન કરન્સીમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. એમાંથી રૂપિયો પણ બાકાત નથી રહ્યો. બીજી તરફ ટ્રમ્પ પહેલાથી જ બ્રિક્સ દેશોને ચેતવણી આપી ચૂક્યા છે કે, જો બ્રિક્સ દેશો નવી કરન્સી પર વિચાર કરશે તો તેમણે પણ મોટા ટેરિફ હુમલા માટે તૈયાર રહેવું પડશે.

ભારત પર પણ ટેરિફ લાદવામાં આવી શકે છે. એના કારણે રૂપિયો અને શેરમાર્કેટમાં ભય જોવા મળી રહ્યો છે. ટ્રમ્પની ટેરિફ ધમકીઓ વાસ્તવિકતા બન્યા બાદ એશિયન કરન્સી અને ઈક્વિટીમાં થયેલા ઘટાડાના પગલે ભારતીય રૂપિયો પ્રથમ વખત યુએસ ડૉલર સામે રેકોર્ડ નીચા સ્તરે આવી ગયો.. ભારતનાં નાણાપ્રધાન નિર્મલા સીતારમણે પણ સ્વીકાર્યું છે કે ટ્રમ્પના પગલાંની આડકતરી અસર ભારત પર પડશે.

નિષ્ણાતોનું માનીએ તો વિદેશી મૂડીનો સતત પ્રવાહ તથા તેલ આયાતકારો તરફથી ડૉલરની સતત માગના કારણે વિદેશી બજારોમાં યુએસ ચલણના વ્યાપક મજબૂતીકરણને કારણે રૂપિયા પર સતત દબાણ આવી રહ્યું છે. ■

### ભારતની અગમચેતી....

ભારત સરકાર આવા કોઈપણ પગલાનો સામનો કરવા માટે વ્યૂહરચના બનાવવામાં વ્યસ્ત છે. બજેટમાં ટ્રમ્પ ખુશ થાય એવી અનેક જાહેરાતો કરવામાં આવી છે.વિદેશ મંત્રાલય, નાણાં મંત્રાલય, વાણિજ્ય મંત્રાલય, ભારે ઉદ્યોગ મંત્રાલય અને કેટલીક અન્ય સરકારી એજન્સીઓ વચ્ચે ચર્ચા ચાલી રહી છે. ભારતનું સૌથી મોટું વેપારી ભાગીદાર અમેરિકા હોવાથી સરકાર આગળ વધવાની કાળજીપૂર્વક નીતિ અપનાવી રહી છે. કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬માં નાણાપ્રધાન નિર્મલા સીતારમણ દ્વારા કરવામાં આવેલી કેટલીક જાહેરાતોને અમેરિકાની નવી સરકારને સકારાત્મક સંકેતો મોકલવા તરીકે પણ જોવામાં આવી રહી છે. ખાસ કરીને, ભારતમાં પરમાણુ ઊર્જા પ્લાન્ટ સ્થાપતી કંપનીઓને નાગરિક જવાબદારી કાયદામાંથી રાહત આપવી અને વિદેશી ટુ-વ્હીલર્સની આયાત પરની ડ્યૂટી ઘટાડી છે.

અમેરિકાની નવી સરકાર ભારત અંગે શું પગલાં લેશે તે હજુ અનિશ્ચિચત છે, પરંતુ ભારત તૈયાર છે અને ભારતનો પ્રતિભાવ શું હોવો જોઈએ તે અંગે વિવિધ મંત્રાલયો વચ્ચે ચર્ચા ચાલી રહી છે. સામાન્ય બજેટમાં પરમાણુ ઊર્જા પ્લાન્ટ્સને નાગરિક જવાબદારી કાયદામાંથી રાહત આપવાના સરકારના નિર્ણયને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગામી અમેરિકાની મુલાકાત સાથે જોડવામાં આવી રહ્યો છે.

આ નવી આપદામાં અવસર પણ છે. જો ચીન અને અમેરિકા વચ્ચેના સંબંધો બગડે તો ભારત માટે અમેરિકન બજારમાં જબરદસ્ત હાજરી નોંધવાનો મોકો મળશે. જોકે ટ્રમ્પના ગાંડા અને તરંગી નિર્ણયો અમેરિકા જેવા વિશાળ દેશને વિભાજન તરફ ન દોરે તો સારું.

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# પ્રેમ- મોસમની અનોખી વાતઃ અમારૂશતકમ


ભારતીય સાહિત્ય પરંપરામાં ધર્મ- અર્થ અને મોક્ષની વિભાવના સાથે કામને એટલું જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. જે વિષય પર આધુનિક કહેવાતો ભારતીય સમાજ બોલતાં પહેલાં વિચાર કરતો હોય છે એ ‘કામ’ પર ભારતમાં અદભુત સાહિત્ય સર્જન થયું છે.



કામશાસ્ત્ર તથા કાલિદાસનાં મુક્તવર્ણનો પછી કોઈ એક રચના વિષે દુનિયાભરના સાહિત્યમાં ચર્ચા થતી રહી હોય તો એ સર્જનનું નામ છે : ‘અમરૂશતકમ’....

આ ‘અમરૂશતકમ’માં પ્રેમ- સંવાદ- વિયોગ- શૃંગાર- સંભોગ સહિત અનેક વિષયનો કાવ્યાત્મક સમાવેશ થયો છે.

‘અમરૂશતક’ પર સૌથી વધુ પ્રકાશ પાડ્યો છે એવા ગુજરાતી વિદ્વાન કેશવલાલ ધ્રુવના મતે આ ગ્રંથની ભાષા પરથી કહી શકાય કે તેની રચના સાતમી સદીના અંત ભાગમાં થઇ હોવાની શક્યતા સૌથી વધુ છે.





મુખ્ય નાયિકાને એની સખીઓ પ્રેમથી માંડીને રિસાવા સુધીની કળા શીખવે છે, પણ પ્રિયતમ પાસે આવતાં નાયિકા બધું ભૂલીને એની બાહોમાં સમાઈ જાય છે. પ્રેમ અને મિલનની તડપને કવિએ અદભુત રીતે વર્ણવી છે. કેવળ મનોવ્યથાની જ વાત નથી, પણ જીવનમાં જરૂરી એવા શરીરના મિલનના ભાવોને વારંવાર વાંચવાનું મન થાય એવો નાયિકાની એકલતામાં પણ કામદેવ સાથે હોય એવો શબ્દદેહ આપ્યો છે.

પ્રિયતમ બીજી પ્રિયા સાથે મિલન કરી ચુક્યો છે તેથી નાયિકા નારાજ છે. બંને સાથે હોવા છતાં અલગ પડખે સૂઈ જાય છે અને મધરાત્રે એકબીજાની નજર મળે છે. અચાનક ગુસ્સો ઓગળીને બધું ભૂલી જવાની વાતને પ્રેમજીવનમાં સર્જાતા વ્યંગ સાથે વ્યક્ત કરી છે.

‘અમરૂશતકમ’ મૂળે શૃંગાર સાહિત્ય છે, જ્યાં સ્ત્રી અને પુરુષ વચ્ચે કામવાસનાનું સર્જન થતું હોય એ શૃંગાર સાહિત્ય કહેવાય. આ સાહિત્યનો રચનાકાર કોણ છે એ હજુ વિદ્વાનોમાં ચર્ચાનો વિષય છે, પણ એ રચયિતાને કાવ્ય સાથે શૃંગારનું જ્ઞાન હતું.

શૃંગારની પરિકલ્પના સમજીએ તો બે પ્રકારની હોય છે. શૃંગારનો પહેલો પ્રકાર એટલે દરેક પ્રાણી માત્ર દેહથી ભોગવે છે એ સંભોગ. બીજો પ્રકાર જેમાં વિરહ હોવા છતાં મિલનની આશાઓ છુપાયેલી હોય છે , જેને ‘વિપ્રલમ્ભ’ કહેવાય.

શૃંગારના બીજા ત્રણ પ્રકાર પણ લખવામાં આવ્યા છે. અયોગ- વિપ્રયોગ- સંભોગ. અયોગમાં ફક્ત મિલનની તડપ હોય , પણ વિપ્રયોગમાં એક વાર મિલન થયા પછીની તડપ હોય. સંસ્કૃત સાહિત્યમાં લખાયેલા આ મુક્તકોમાં કામની સાથે ધર્મ અને મોક્ષને પણ વણી લીધો છે.

‘અમરૂશતકમ’ આપણા સાહિત્યનો અનોખો ગ્રન્થ છે, જેમાં પ્રેમ અને કામને કેન્દ્રમાં રાખ્યો છે, જેના પર દેશ -વિદેશના અનેક વિદ્વાનોએ સૈકાઓથી પાનાઓ ભરીને ટીકાઓ લખી છે. વાચકોને વિનંતી કે આ ગ્રંથનો અભ્યાસ કરજો. આપણા સાહિત્ય અને વિચારોની મહાનતા જાણવા મળશે.

અમરૂ નામ સાથે એક અનોખી કથા જોડાયેલી છે. જગદગુરુ શંકરાચાર્ય સનાતન ધર્મના પ્રસાર માટે યાત્રા પર નીકળ્યા હતા. એ અલગ અલગ પ્રદેશોમાં વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરતા હતા. શંકરાચાર્યનો આવો પ્રસિદ્ધ શાસ્ત્રાર્થ મંડાણ મિશ્ર સાથે થયો હતો. આ શાસ્ત્રાર્થમાં મંડાણ મિશ્રનાં વિદ્વાન પત્ની ઉભય ભારતી નિર્ણાયક હતાં. શાસ્ત્રાર્થ દરમિયાન મંડાણ મિશ્રનો પરાજય જોતા ઉભય ભારતીએ દલીલ કરી કે મંડન મિશ્રએ હાર કબૂલી છે, પણ આ પરાજય અધૂરો કહી શકાય. શંકરાચાર્યએ પૂરેપૂરી જીત મેળવવી હોય તો મંડનની પત્નીને પણ શાસ્ત્રાર્થ કરીને હરાવવી પડશે.

શંકરાચાર્યે ઉભય ભારતીની શરત મંજૂર રાખી અને શાસ્ત્રાર્થ શરૂ કર્યો. ઉભય ભારતીને ખબર હતી કે શાસ્ત્રમાં શંકરાચાર્યને પરાજય આપવો કઠિન છે તેથી કામ શાસ્ત્ર વિષય પર સંવાદ કરવો. શંકરાચાર્ય બાળ બ્રહ્મચારી હોવાથી એમને કામશાસ્ત્ર પર જાણકારીનો અભાવ હતો. શંકરાચાર્યએ જવાબ આપવા માટે એક ઉલ્લેખ મુજબ સો દિવસનો સમય માગ્યો. (જયારે અન્ય ઉલ્લેખ મુજબ ત્રીસ દિવસનો સમય માગ્યો.) સમયની પરવાનગી મળતાં શંકરાચાર્ય નર્મદા કિનારા પર આવ્યા અને એક વૃક્ષ પાસે સલામત રીતે દેહ ત્યાગ કર્યો અને શરીરનું રક્ષણ કરવા માટે શિષ્યોને આદેશ કર્યો. પોતાના યોગબળના આધારે યોગ્ય નિર્જીવ દેહની શોધ માટે પોતાના શરીરથી અલગ પાડીને નીકળી પડ્યા. યોગ્ય નિર્જીવ દેહમાં પ્રવેશ કરીને સંસારની માયાને સમજવી હતી.

શંકરાચાર્યના નસીબે કાશ્મીરનો રાજા અમરૂક મૃત્યુ પામ્યો હતો અને એના દેહને ચિતા પર મૂકીને અગ્નિદાહ આપવાની તૈયારી ચાલતી હતી. શંકરાચાર્યનો આત્મા અમરૂકના દેહમાં પ્રવેશ્યો અને રાજા જીવિત થઈ જતાં પરિવાર તથા નગરજનોમાં ખુશી વ્યાપી ગઈ. અમરૂકનાં દેહમાં પ્રવેશ પામેલા શંકરાચાર્યના વર્તનથી રાણીઓ તથા અગ્રણી નાગરિકોને અજુગતું લાગવા લાગ્યું. કોઈ સંતનો આત્મા રાજામાં પ્રવેશ પામ્યો હોવાની શંકા લાગતાં રાજવી પરિવારે દેશ- વિદેશમાં માણસો દોડાવીને કોઈ સંતનો દેહ મળે તો તત્કાલ નષ્ટ કરવાની આજ્ઞા આપી.

શંકરાચાર્યનો જો મૂળ દેહ નાશ પામે તો સંતના આત્માએ આજ દેહમાં રહેવું પડે અને રાજાને નવજીવન મળે.

આ તરફ શંકરાચાર્ય રાજાના દેહમાં પ્રવેશ પામીને રાણીઓ તથા અમાત્યોના વર્તનનો અભ્યાસ કરવા લાગ્યા. એક ગ્રંથની રચના કરવા લાગ્યા. આ ગ્રંથને ‘અમરૂશતક’ નામ આપ્યું. કેટલીક કથા મુજબ શંકરાચાર્ય પોતાનું મૂળ સ્વરૂપ છોડીને રાજાના દેહમાં રહેવાનું પસંદ કરતાં એમના શિષ્યોને ચિંતા થવા લાગી અને શંકરાચાર્યને શોધવાનો પ્રયાસ કરવા લાગ્યા. કાશ્મીરના રાજાની કથાની જાણ થતાં શિષ્યો એમને મળવા દોડી આવ્યા અને એમને મંત્રગાન થકી જાગ્રત કર્યા. આ તરફ રાજ્યના સેવકોએ શંકરાચાર્યનો દેહ શોધી કાઢ્યો અને એને નષ્ટ કરવાનું નક્કી કરતાં અગ્નિદાહ આપવાનું વિચાર્યું. શંકરાચાર્ય મૂળ શરીરમાં પ્રવેશ પામવા નીકળ્યા અને ભગવાન નરસિંહની કૃપાથી સળગતી ચિતા પર રહેલો દેહ પાછો મળ્યો.

જો કે આ કથામાં કેટલાક અભ્યાસુઓના મતે શંકરાચાર્યએ કામની વાતો કરતાં આત્માની જાગૃતિ વિષે બૃહદ ચર્ચા કરી હતી. એક કથા મુજબ શંકરાચાર્ય કાશ્મીર ગયા ત્યારે રાજાના દરબારમાં શૃંગાર પર વર્ણન કરવા પ્રાર્થના થઇ હતી. આ કથા સાથે ચોક્કસ અસહમતી હોઈ શકે પણ ‘અમરૂશતકમ’ વાંચ્યા પછી વસંતના વાયરા દિલમાંથી જશે નહીં. ■

**ધ એન્ડ :**
*પ્રેમ ક્યારેય અડચણરૂપ હોતો નથી.*

ઊડતી વાત___ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# મોંઘા ભાવની બાઈક કે કાર ઘેર આરતી ઉતારવા માટે છે?



‘ગિરધરભાઇ, એક પ્રશ્ન છે. તમે પરવાનગી આપો તો પૂછું.’ રાજુએ પ્રશ્ન પહેલાં પ્રસ્તાવનાની પાળ બાંધી.

અમારો રાજુ રદી વૈતાળ જેવો છે. દરિયાનું પાણી ખાલી થાય તો રાજુના પ્રશ્નો પૂરા થાય. રાજુના સવાલોના જવાબ આપતા ગૂગલબાબા પણ હાંફી જાય છે અને રાજુને હરાયા ઢોરની માફક તગેડી મુકે છે.

‘રાજુ, હું પ્રશ્ન પૂછવાની ના પાડું તો પણ તું પ્રશ્ર પૂછ્યા વગર રહેવાનો નથી. તારા ફુગ્ગા જેવા ફૂલેલા પેટમાં પ્રશ્ન ફૂટબોલની જેમ ઊછળ્યા કરશે.. તારો સવાલ પૂછીને જવાબનો અંતિમસંસ્કાર કર.’ મેં રાજુને સવાલ કરવાની અનુમતિ આપી.

‘ગિરધરભાઇ, યુવાનોએ શું કરવાનું?’ રાજુએ શાંત જળમાં કાંકરો ફેંક્યો.

‘રાજુ, યુવાનોએ એમબીએ,બી ટેક, એમ ટેક, ફાર્મસી, ડોકટરી વગેરેના થોથા ફાડવાના. પછી ખભે લેધરબેગ ટીંગાડી સવારથી સાંજ બાઇક પર એક દુકાનથી બીજી દુકાન ઓર્ડરો લેવાના. નોકરા કૂટવાના. લગ્ન માટે નખરાળી ભમરાળી રૂપાળી કાળી છોકરી જોવાની. એને ફૂલટાઇમ પ્રેમ કરવાનો. એકસ્ટ્રા ફાઈલ એટલે ‘જીએફ’ને પાર્ટટાઇમ પ્રેમ કરવાનો .બચ્ચા જણવાના. બચ્ચા ભણાવવાના . લાઇફ પૂરી થાય એટલે મરી જવાનું.’ મે યુવાનોની જિંદગીની કટુતમ યાત્રા જણાવી દીધી.

‘એટલે યુવાનોના ઘટમાં ઘોડા થનગનતા હોય અને આતમ વીંઝે પાંખ જેવા ધોધ જેવા ધખારા ઉછાળા મારતા હોય, કોઇ દિલધડક એડવેન્ચર કરવાની ઇચ્છા હોય તો સાહસિક એકિટવિટી કરવાની જ નહીં?’ રાજુના ડસ્ટબિન જેવા મગજમાં શંકાનો કીડો સળવળ્યો.

‘રાજુ, યુવાનોને હિમાલય સર કરવાની કોણ ના પાડે છે? બઝી જમ્પિંગ કરવા, મેરેથોન,હાફ મેરેથોન,સ્કૂબા ડાઇવ કરવા, પેરા ગ્લાઇડિંગ કરવાની કોણ ના પાડે છે?’ મેં રાજુને સાહસિક પ્રવૃત્તિનું લિસ્ટ થમાવી દીધું.

‘ગિરધરભાઇ, એ તો સમજ્યા. આપણે જે શહેરમાં રહેતા હોઈએ ત્યાં કશુંક અવનવું કરવાની હાથમાં ચળ આવતી હોય તો શું ?’ રાજુએ ‘લોકલ ધી વોકલ’ની મહેચ્છાને વાચા આપી.

‘જો, પંજાબી રેસ્ટોરેન્ટમાં જઇ જમવા માટે કલાક -દોઢ કલાકનું વેઇટિંગ કરવું ને એ પછી ગોદડા જેવા પંજાબી નાન ચાવવી એ પણ એડવેન્ચર એકિટવિટી છે. પત્નીએ યુટયુબની રેસિપીના સહારે અને આધારે મોડર્ન આર્ટ જેવી બનાવેલી વાનગીને પેટ નામની પ્રયોગશાળામાં પધરાવી બીજા દિવસે આંધી, તોફાન, વાયુ ગગડાટ માટે જખ મારીને તૈયાર રહેવું એ પણ દુસાહસિક એકિટવિટી છે.’

‘ગિરધરભાઇ, તમે કરવા જાવ છો કોમેડી ને પણ કરી નાખો છો ટ્રેજેડી.....હું સિરિયસ વાત કરું છું અને તમે.... યાર,. ક્યારેક તો ઉરાંગઉટાંગવેડા છોડી સિરિયસ બનો.’ રાજુએ મને ધોઈ નાખ્યો.

‘સોરી.,બોલ, રાજુ શું કહેવા માગે છે?’

‘ગિરધરભાઇ. સિટી સ્માર્ટ હોય કે ગર્દાબાદ હોય. ફૂટપાથ હોય, રોડ ડિવાઇડર હોય, ટ્રાફિક આઇલેન્ડ હોય છે. સિગ્નલ હોય, સર્વિસરોડ હોય, સાઇકલ ટ્રેક હોય છે. અરે, જૈન મહારાજ-સતીજીના વિહાર માટે અમદાવાદ શંખેશ્વર વચ્ચે પગદંડી કરવા સરકારે જાહેરાત કરેલી. પગદંડીનું નિર્માણ થયું કે ન થયું એ રામ જાણે, પરંતુ આપણા હાઈ-વે તો , સ્ટન્ટ ટ્રેક કે સ્ટન્ટપથ હોય છે ખરો? ‘ રાજુએ મૂળભૂત સવાલ ઉઠાવ્યો.

‘રાજુ,સ્ટન્ટ હાઇવે કે સ્ટન્ટ ટ્રેક બન્યો હોય તેવું જાણ્યું કે સાંભળ્યું નથી.’

‘ગિરધરભાઇ, આ જ રામાયણ છે. યુવાનો સાહસી થાય, યુવાનો આંતરરાષ્ટ્રીય તો સમજ્યા પણ લોકલ લેવલે ઝળકે તેની કોઇને તમા, ચિંતા કે પરવા જ નથી. યુવાનો મસાલા-માવા ખાઉ,શરાબ પી,બીડી-સિગારેટ ફૂંકી યુવાની વેડફી રહ્યા છે.’ રાજુએ યુનિયન લીડર જેવું સ્ફોટક પ્રવચન ઠપકાર્યું.

‘રાજુ, એવું નથી.યુવાનોને દિલધડક કરતબના કરતૂત કરવા હોય તો અગ્નિપથ યોજનામાં ભરતી થઇને ચીન બોર્ડરે લડવા જાય. પરેડમાં લશ્કરના જવાનો દિલધડક, હેરતઅંગેજ, સાહસિક કારનામા કરે છે..મેળામાં બાઇકસવાર કે કારચાલક મોતના કૂવામાં કરતબ કરે છે...’

‘ગિરધરભાઇ, આપણો સમાજ તમે જણાવેલી સાહસિક પ્રવૃત્તિની પ્રશંસાત્મક નોંધ લઇ તેને બિરદાવે છે, પરંતુ સ્વખર્ચે, સ્વજોખમે સ્વનુકસાને એ પણ મોડી રાત્રે સ્ટન્ટના દિલધડક ખેલ કરે તો પોલીસ તેવા સાહસિકોને પકડી જેલની સલાખોમાં ધકેલી દે છે. હવે, તો સ્ટન્ટ કરવામાં મહિલાઓ પણ ખભેખભા મિલાવી પુરુષ સમોવડી બનવા માંડી છે. આપણા અમદાવાદમાં એક કયુટ કોલેજિયન ગર્લે સ્વનિર્ભર સ્ટન્ટ કરેલાં . આવા સ્ટન્ટ કરવા સરકાર સબસીડી કે ગ્રાન્ટ આપતી નથી. સ્ટન્ટશ્રી કે સ્ટન્ટરત્ન જેવા એવોર્ડ આપતી નથી. આવો ડાબી-જમણી કે ઓગણીસ-એકયાશીનો અન્યાયી ભેદભાવ શા માટે? સ્ટાર્ટઅપ પ્રોજેકટના લિસ્ટમાં સ્ટન્ટનો કેમ સમાવેશ કરવામાં આવતો નથી ? ઊલ્ટાનું સરકાર ચલાવનારા સ્ટન્ટ સિવાય શું કરે છે? યુવાનો સ્ટન્ટ કરે તો કેરેકટર ઢીલા અને સરકાર કરે તે સાહસ? ’ રાજુએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો!

‘રાજુ, કોઇ વ્યક્તિ સાડા સાત લાખ રૂપિયાનું હાર્લી ડેવિડસન બાઇક ખરીદે, થાર કે ફોર્ચ્યુનર કે એસયુવી કાર ખરીદે તો અગરબત્તી અને ધૂપદાની કરવા માટે ખરીદતી હશે? મિનિટમાં એકસોવીસની સ્પિડની થ્રીલ લેવા રોડ પર જ વાહન ચલાવવું પડે કે નહીં? બાઇક પર ઊભા થઇ બાઇક ચલાવવી, પાણીના રેલાની જેમ સર્પન્ટ સ્ટાઇલથી ગાડી કે બાઇક ચલાવવી એ બિગડેલ બાપની બિગડેલ ઓલાદનો હક્ક બનતા હૈ કે નહીં? દોઢસોની સ્પિડે ચાલતી બાઇકમાં બ્રેક મારી બાઇકને સ્કિટ કરવાની થ્રીલ અને એકસાઇચમોન્ટ પંદરની સ્પિડે બાઇક કે ગાડી ચલાવનાર શું

જાણે? ‘અમે નિર્દોષ છૂટાછેડા જેવા નિર્દોષ સ્ટન્ટની ખુલેઆમ ફેવર કરી!’

‘ગિરધરભાઇ, સ્ટન્ટ કરવાને પ્રોત્સાહન આપવાનો બદલે સ્ટન્ટ નિષેધ કરવાનું શું પરિણામ આવે ?’ રાજુએ વધુ એક સવાલ પૂછયો.

‘રાજુ, મારી વાત સોના, ચાંદી કે તાંબાના પતરે લખી રાખજે કે જ્યારે જ્યારે સ્પ્રિંગની માફક યુવાનોને સ્ટન્ટ કરવાના બંધારણીય અધિકારોથી વંચિત રાખવામાં આવશે ત્યારે તથ્ય કે વિસ્મય જેવા જલજલા ઘરે ઘરે પેદા થશે.’

મારી આ નોસ્ટ્રોડોમસ જેવી સ્ટન્ટ વાણી ભરી આગાહી સાંભળી રાજુ રદી ખખડધજ સાઇકલ લઇ ઇન્સ્ટન્ટ સ્ટન્ટ કરવા સીધો રોડ પર ધસી ગયો.! ■

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# પાવાગઢ ડુંગર નીચે ૪૦૦ વર્ષ જૂની ભૂગર્ભ કેનાલ પુનઃ જીવંત!

કહેવાય છે કે જો કોઈ મનમાં મક્કમ નિર્ધાર કરી લે તો કોઈ કામ અશક્ય નથી. આ જ ઉક્તિને સાકાર કરી છે, પાવાગઢના વન્યખાતાના માજી ડી. એફ. ઓ. શ્રી જનકસિંહ એલ. ઝાલા અને ખંતીલા કર્મચારીઓએ. સરકારી કર્મચારીઓ પ્રત્યે આપણાં મનમાં એક વાત ઘર કરી ગઈ છે કે તેઓ કામમાં આળસ કરે છે કાં તો કામને ટાળવાની તેમને ટેવ હોય છે. જોકે આપણી આ ધારણાને ખોટી પૂરવાર કરી છે પાવાગઢના વન્યખાતાના ભૂતપૂર્વ અધિકારી અને કર્મચારીઓએ. તેમણે કરેલી અદ્ભુત કામગિરીની સાબિતી પાવાગઢમાં આવેલી ૪૦૦ વર્ષ જૂની ભૂગર્ભ ટનલ કેનાલ છે, જેને તેમણે પોતાની અથાક મહેનત અને દૃઢ વિશ્વાસથી ફરીથી ધમધમતી કરી નાખી છે.

ગુજરાતની વસુંધરામાં અંત ધગશથી કામ કરનારનો તોટો નથી ગોધરા જિલ્લાના હાલોલ તાલુકામાં મા જગતજનની પાવાગઢવાળીના અંબેરે અડી જતા ડુંગર પર બેસણા છે. આ પાવાગઢનો ડુંગર ગિરનાર પછી બીજા ક્રમે આવે. આ વિશાળ પાવાગઢના ડુંગરમાંથી વિશ્વામિત્રી નદીનું ઉદ્દગમસ્થાન છે, જે વડોદરાના પાધરમાંથી વહે છે. પાવાગઢના ડુંગરમાંથી નિર્મળ પ્રચંડ ધોધ પ્રાકૃતિક રીતે વહે છે. ચાંપાનેર, પાવાગઢ હિન્દુ, મુસ્લિમ રાજવીઓનું ગુજરાતનું એક સમયનું પાટનગર હતું. આજથી ૪૦૦ વર્ષ પહેલા પડતા ધોધને થોડો અવળોવાળી ઊંધી દિશામાં પાણીને વાળવાનું સર્વોત્કૃષ્ટ ભગીરથી કાર્ય તે સમયના જે તે રાજવીએ ૧૫ ફૂટ ભૂગર્ભમાં ૪x૪ ફૂટના પથ્થરો મજબૂત લગાવી પ્રમાણસર લાઈનદોરીથી પાણીને અવળી દિશામાં વાળી ચાંપાનેર, પાવાગઢનાં શહેર દરવાજા નજીક આવેલ ભવ્ય વિશાળ પાતાળ તળાવ (સકર તળાવ) સુધી પાણી લાવવાની યોજના સાકાર કરી હતી. ૭૩૦ મીટરનાં અંતરે ૫૦ મીટરનાં અંતરે એક... એક કુંડી મૂકી ને મધ્ય ભાગ ૩૫૦ મીટરે પાણીની દિશા બદલવા ૧૫ ફૂટ ઊંડો કૂવો ગોળાકાર બનાવેલ એક તરફથી ટનલમાંથી પાણીનો પ્રવાહ આવે ને બીજી બાજુ પાણીને વાળી સકર તળાવમાં લાવવામાં આવેલ. આથી ખાલી તળાવમાં ચોમાસામાં સાકર જેવું મીઠુમધુર પાણી ભરાય જતું. આવી સુંદર યોજના જૂના જમાનામાં ચાલતી હતી, આવી દેશી યોજના કદી મેં જોઈ નથી. અમુક વર્ષ જતા પથ્થરની એ ટનલમાં કાદવ, રેતી ભરાય જતા આ ટનલ યોજના બંધ થઈ ગઈ, પણ આ વિસ્તારનાં ભોમિયા એવા માજી ડી. એફ. ઓ. શ્રી જનકસિંહ એલ. ઝાલા આ વિસ્તારના ભોમિયા હતા. વન્યસૃષ્ટિનું ગમતું કામ તે ખંતથી કરતા. સકર તળાવ ખાલી ખમ નિહાળી તેમનું દિલ દ્રવી ઉઠ્યું અને આ ૭૧૦ મીટર લાંબી ટનલને પુનઃ જીવિત કરવા મનોમન ઈચ્છા જાગી. તેને મંત્રમુગ્ધ કરવા ફોરેસ્ટ ખાતાના ૧૦ કર્મચારીને કામે લગાડ્યાં. ૧૫ ફૂટ ઊંડે ને માત્ર ૪ ફૂટની ટનલમાં બેસીને કામ થાય, અંધારૂ માટે જોખમ ઉઠાવી, આછો થોડો પ્રકાશ લાવી, વન્યખાતાના ખંતીલા કર્મચારીઓ જાનના જોખમે ટનલમાંથી કાદવ-કીચડ-રેતી કાઢે. તેમાં સર્પ - વિંછી જેવા જીવજંતું નીકળતા તેમ છતાં લાંબી ટનલમાં અંધકાર ને નહીંવત પ્રકાશમાં ખોદકામ કરવું એક પડકાર બની ગયું. મહિનાઓ વિતવા લાગ્યા ઉચ્ચ અધિકારીઓ જનકસિંહ ઝાલાને કહે,‘હવે રેવા દો આ કામ નહીં પૂર્ણ થાય.’ તેમ છતાં હાર માને તે જનકસિંહ નહીં. તેઓ ફોરેસ્ટ ખાતાના ટાંચા સાધનો ને ૧૦ ફોરેસ્ટ ખાતાનાં કર્મચારીઓનો હોસલો બુલંદ રાખતા ગયા ને મહા મહેનતે ટનલનો ગાળ કાઢતા ગયા. એક વર્ષના અંતે આ ભગીરથી કાર્ય પૂર્ણ થયું. ૭૧૦ મીટર લાંબી ઐતિહાસિક ટનલ વરસો પછી તેમણે પુનઃજીવિત કરી.








તે યોજના પરિપૂર્ણ થતા ફોરેસ્ટ ખાતાના અધિકારીઓ ખુશીથી ઝૂમી ગયા અને બધાને અભિનંદનની વર્ષા કરી ને કહ્યું આજે એક ઉમદા ઉદાહરણ પૂરું પાડયું છે. જનકસિંહને કહેવામાં આવ્યુ હતું કે તમારી આ યોજના પડતી મુકો તો પણ તેમણે આ યોજના ચાલું રાખીને ટનલ યોજના પૂર્ણ કરતા ગયા. આથી સાચા અધિકારીએ રોજમદારનાં નામ સાથેની તકતી લગાવી તેમાં રોજમદારનાં નામ પણ લખ્યા છે. તે સકર તળાવના પાધરમાં મૂકેલી તકતીનું અનાવરણ કરવામાં આવ્યુ, વાવ, કૂવા, કિલ્લોને આ ટનલને સરકાર દ્વારા આ રક્ષિત સ્મારક તરીકે જાહેર કરીને અને વનખાતાને આ યોજના મગજમાં ઊતરી જતા સાચા અર્થ માં ‘જળ એજ જીવન છે.’ તે સાચા અર્થમાં સાર્થક કરી આ ટનલની મેં જાત મુલાકાત લેતા હું મંત્ર મુગ્ધ થઈ ગયો...!!!?. સદીઓથી ખંડેર બની ગયેલ આ ટનલને પુનઃ જીવિત કરનાર જનકસિંહ ઝાલાને તેના રોજમદારને લાખ...લાખ સલામ છે. ગુજરાતના મુખ્ય મંત્રી, મંત્રીઓ, અને સચિવો, નિયામક કે સામાજિક સંસ્થાના વડા આ ટનલ યોજના જોઈ નયન પુલકિત થઈ ગયા. વન વિભાગ દ્વારા ૪૦૦ વર્ષ જૂની ભૂગર્ભે પાણીની કેનાલ પુનઃ કાર્યરત થઈ, પાવાગઢ ચાંપાનેરના ધોધથી પાતાળ તળાવ (સકર તળાવ) સુધીની ૭૩૦ મીટરની લાંબી ભૂગર્ભ કેનાલે ખૂબ જ જહેમતથી સફળતા હાંસલ કરી. ઐતિહાસિક અવિસ્મરણીય કાર્ય કરી ‘સમષ્ટિગત’ ઉપયોગી તળાવ બનાવી સ્તુતિય કાર્ય કરી. એક અધિકારી ને કર્મચારી ધારે તો લોક ઉપયોગી કાર્ય કરી શકે તેનો ઉત્તમ દાખલો બેસાડેલ છે. આપ પાવાગઢ, ચાંપાનેર જાવ તો રસ્તામાંથી દરવાજા પાસે જ સકર તળાવ છે અને અંદર જંગલમાં આ પ્રાચીન યોજના જોવા જેવી છે તો એક વાર ચોક્કસ ટનલ યોજના જોવા જજો. ■



પ્રકરણ: ૩૦

# ચહેરા મોહરા

## મારે તો હવે માત્ર તને કેન્દ્રમાં રાખીને જ મારું શેષ જીવન પૂરું કરવાનું છે. તું મને આજે વચન આપ કે મારો ભરોસો ક્યારેય નહીં તોડે...



પ્રફુલ્લ કાનાબાર



'દુશ્મનને તો ઊગતો જ ડામી દેવો!' એવા વિચાર સાથે રણજિતના મનમાં સોહનને દાર્જીલિંગ લઈ જઈને ત્યાં એને પતાવી દેવાનો પ્લાન રમતો હતો, પણ સોહનને સાથે દાર્જીલિંગ લઈ જવાની બળવંતરાયની પરવાનગી ન મળતાં રણજિતનો એ પ્લાન તો કામચલાઉ પડી ભાંગ્યો હતો. એણે સોહન સામે જોયું ત્યારે સોહનના ચહેરા પર વિજયી સ્મિત રમતું હતું!

એ પછી તો બીજા પંદર દિવસમાં બંગલામાં દાદાજી સાથે સોહન એવો હળી-મળી ગયો હતો કે દાદાજીના જીવનમાં જાણે કે ફરીથી વસંત બેઠી હતી. ધનના ઢગલા વચ્ચે બેઠેલા માણસને પણ કોઈક અંગત વ્યક્તિની જરૂર હોય છે. ભાણિયો રણજિત મહિનામાં એકાદ વાર મુંબઈ આવતો. વર્ષમાં એકાદ વાર બળવંતરાય પણ દાર્જીલિંગ જતા. રણજિતને દાર્જીલિંગમાં વધારે ગમતું હતું એનાં બે કારણ હતાં.

એક તો ત્યાંનું આહ્‌લાદક વાતાવરણ અને બીજું ત્યાં એને રાજાની જેમ રહેવા મળતું હતું. ત્યાં એની ગતિવિધિ પર કોઈની દેખરેખ નહોતી. કોઈની રોક-ટોક નહોતી. દાર્જીલિંગમાં ઐયાશી તેના જીવનનો એક ભાગ બની ચૂકી હતી.


રણજિતને દાર્જીલિંગમાં પરત આવ્યાને ત્રણ દિવસ થઈ ગયા હતા. આજે જીપમાંથી બેસીને એ ચાના બગીચામાં રાઉન્ડમાં નીકળ્યો હતો. સવારના સૂર્યનાં સોનેરી કિરણો કાંચનજંઘાના પર્વતોની હારમાળા પર પથરાઈ રહ્યા હતા. પર્વત પર પડેલો છૂટોછવાયો બરફ સાચા હીરાની જેમ ચમકી રહ્યા હતો. રણજિતના ભ્રમર જેવા સ્વભાવથી બગીચામાં કામ કરતી તમામ ગરીબ સ્ત્રીઓ માહિતગાર હતી. અહીં કામ કરતી અનેક સ્ત્રીઓને રણજિતે જેમ ભમરો ફૂલમાંથી રસ ચૂસે તેમ ભોગવીને છોડી દીધી હતી.

જોકે આવી સ્ત્રીઓના વેતનમાં વધારો કરવાનું કામ રણજિત અવશ્ય કરી દેતો, જેથી કોઈ પણ પ્રકારનો ઊહાપોહ ન થાય. ગરીબી કેવો અભિશાપ છે એ વાત કદાચ અહીં કામ કરતી ગરીબ સ્ત્રીઓ જ સૌથી વધારે સમજી શકે તેમ હતી!

બ્લેક બ્લેઝર અને માથા પર લાલ હેટ પહેરેલા રણજિતની બાજનજર નવા શિકારની શોધમાં જ હતી. અચાનક એક યુવા રૂપાળી છોકરી પર તેની નજર પડી. રણજિતે જીપ ઊભી રાખી.

'આ પહેલાં તો મેં તને અહીં ક્યારેય જોઈ નથી. શું નામ છે..તારું?'

'જી સાહેબ, મારું નામ ગૌરી છે. બે દિવસ પહેલાં જ નોકરીએ રહી છું.' ગૌરીએ નીચે જોઈને કહ્યું હતું. રણજિત સમજી ગયો કે તેની ગેરહાજરીમાં ચંપકકાકાએ જ તેને રાખી હોવી જોઈએ. ચંપકકાકાને આંખે ઓછું દેખાતું હતું. એમની આંખની તકલીફને કારણે જ થોડાં વર્ષો પહેલાં બળવંતરાય શેઠે રણજિતને મુંબઈથી દાર્જીલિંગ શિફ્ટ કર્યો હતો.



બીજે દિવસે સાંજે રણજિત જીપમાં એકલો જ વિશાળ બગીચાના રાઉન્ડમાં નીકળ્યો હતો. એની ભૂખી નજર ગઈકાલે જોયેલી પેલી રૂપાળી ગૌરીને શોધી રહી હતી. અચાનક એ દેખાણી. એ એકલી જ હતી. રણજિતે જીપ ઊભી રાખી. 'ગૌરી, ચાલ બેસી જા.. તેં અમારી હવેલી જોઈ છે? ચાલ, તને હવેલી બતાવું.' રણજિતે દુનિયાભરની મીઠાશ જીભ પર લાવીને કહ્યું. વીસેક વર્ષની ગૌરી માથા પરથી ટોપલી ઉતારીને જીપમાં રણજિતની બાજુમાં જ બેસી ગઈ. સૂર્યાસ્ત થઈ રહ્યો હતો. રણજિતે હવેલીએ જતા રસ્તાની બદલે થોડે દૂર આવેલા ગેસ્ટ હાઉસ તરફ જીપ ભગાવી. રણજિત કાળા ધંધા કરવા માટે કાયમ એ ગેસ્ટ હાઉસ પર જ પસંદગી ઉતારતો. જીપ અંદર પ્રવેશી ત્યારે ધીમો ધીમો વરસાદ વરસી રહ્યો હતો.

રણજિતે જોયું કે ગૌરી ભીંજાઈ ગઈ હતી. ભીના થઈ ગયેલાં કપડાંમાં એ ધ્રૂજતી હતી. ગેસ્ટ હાઉસનો કેર ટેકર હાજર નહોતો. એક ચાવી હંમેશા રણજિત પાસે જ રહેતી. રૂમની અંદર પ્રવેશ્યા બાદ રણજિત એક પણ ક્ષણ ગુમાવવા માગતો નહોતો. એ દરવાજો બંધ કરીને ગૌરીને બાહુપાશમાં જકડવા ગયો ત્યાં જ બહાર વીજળીનો કડાકો થયો. બરોબર એ જ સમયે ગૌરીએ ચણિયામાં સંતાડેલી કટાર ચામડાના વોલેટમાંથી કાઢીને શરીરમાં હતી એટલી તાકાત ભેગી કરીને રણજિતના પેટમાં ખોસી દીધી. રણજિત લોહીલુહાણ થઈ ગયો. આવો અણધાર્યો જીવલેણ હુમલો રણજિતની કલ્પના બહારનો હતો. અનેક છોકરીઓના શિયળ લૂંટનાર રણજિતનો પાપનો ઘડો આજે ભરાઈ ચૂક્યો હતો. રણજિત ફર્શ પર તરફડિયા મારી રહ્યો હતો ત્યારે ગૌરીએ જાણે કે સાક્ષાત દુર્ગાનું સ્વરૂપ ધારણ કર્યું હતું. એ મોટા અવાજે બોલી: 'આજે મારી મોટી બેનના આત્માને શાંતિ મળશે.. યાદ કર નાલાયક, આવી જ એક વરસાદી રાતે તેં એને મોતને ઘાટ ઉતારી દીધી હતી.'

હા.. એકાદ વર્ષ પહેલાં આ જ જગ્યાએ રણજિતની ઇચ્છાને તાબે ન થનાર એક યુવતીને રણજિતે મારઝૂડ કરી હતી અને અનાયાસે જ એ ગર્ભવતી સ્ત્રીનું બળાત્કાર દરમિયાન જ મોત નીપજ્યું હતું. કોલકત્તામાં રહેતી નાની બેન ગૌરીને આખી ઘટનાની માહિતી આ જ બગીચામાં કામ કરતી એની ગરીબ કઝીન શીલા મારફતે થઈ હતી. ગૌરી ખાસ બદલો લેવા જ અહીં આવી હતી.

થોડીક ક્ષણોમાં જ જમીન પર તરફડિયા મારતું રણજિતનું શરીર શાંત થઈ ગયું હતું. એ જ સમયે પેલો કેરટેકર આવી પહોંચ્યો હતો એણે પોલીસને ફોન મારફતે જાણ કરી હતી. ગૌરીએ ભાગવાની બિલકુલ કોશિશ ન કરી. પોલીસ ગૌરીને લઈ જઈ રહી હતી ત્યારે ગૌરીના ચહેરા પર મોટીબહેનના ક-મોતનો બદલો લીધાનો ગર્વ અને સંતોષ હતો ...

૦૦૦૦૦૦૦

રણજિતના મોતના સમાચાર મુંબઈ બેઠેલા બળવંતરાય શેઠને મળ્યા હતા. ભાણિયાના અવસાનનું દુઃખ જેટલું થયું એના કરતાં વધારે દુઃખ તો એમને એ વાતનું થયું કે રણજિતનાં કરતૂતો વિશે એ અંધારાંમાં જ રહી ગયા હતા. ખુદના લાડ-પ્યારનો રણજિત આટલી હદે દુરુપયોગ કરતો હતો એ વાતનો એમને ઊંડો આઘાત લાગ્યો હતો. બળવંતરાયે તબિયતનું બહાનું કાઢીને દાર્જીલિંગ રણજિતની અંતિમ વિધિમાં જવાનું પણ ટાળી દીધું.

'સોહન દીકરા, રણજિતે મારો ભરોસો તોડ્યો છે. હું તેને ક્યારેય માફ નહી કરું. હવે મારા શરીરનો ભરોસો નથી. મારે તો હવે માત્ર તને કેન્દ્રમાં રાખીને જ મારું શેષ જીવન પૂરું કરવાનું છે. તું મને આજે વચન આપ કે મારો ભરોસો ક્યારેય નહીં તોડે. બળવંતરાયે સોહનનો જમણો હાથ પોતાના બંને હાથથી પકડીને એકદમ ભાવુક થઈને કહ્યું.

'દાદાજી. હું વચન આપું છું.' સોહને દાદાજીના ચરણસ્પર્શ કરીને કહ્યું હતું.

એ રાત્રે સોહનને ઊંઘ આવતી નહોતી. આજે પહેલી વાર એક વયોવૃદ્ધ માણસને છેતરવાનો અપરાધભાવ એને સતાવી રહ્યો હતો. એક બાજુ અબજો રૂપિયાની સંપત્તિ હતી તો બીજી બાજુ એનો અંતરાત્મા હતો!

અચાનક સોહનના સેલ ફોનની રિંગ વાગી. સામે છેડેથી અવાજ સંભળાયો:

'મારી વાત સાચી પડી ને? જેલમાંથી મહેલમાં પહોંચી ગયો ને?'

'કોણ?' સોહને અદ્ધર શ્વાસે પૂછ્યું.

'હું અંકુશ.. તારો હિતચિંતક... હવે તારો દોસ્ત!'

સોહનની નજર સમક્ષ લાંબા વાળ અને સ્ત્રૈણ ચાલવાળા અંકુશનો ગોરો ચહેરો તરવર્યો. જેલમાંથી છૂટવાના આગલા દિવસે એણે જ સોહનને અડાલજ નંદગીરી ગોસ્વામીનું સરનામું આપ્યું હતું.

'અંકુશ, તું જેલમાંથી ક્યારે છૂટ્યો?'

'ગઈ કાલે... આજે અહીં તુલસીરામબાપુના આશ્રમમાં આવ્યો છું.'

'બાપુ મજામાં છે ને?' સોહને ઔપચારિકતા દર્શાવતાં પૂછ્યું.

'લે વાત કર.. એમની બાજુમાં જ બેઠો છું.'

સોહનના હૃદયના ધબકારા વધી ગયા. હરિઓમ સામે છેડેથી તુલસીરામ બાપુનો અવાજ સંભળાયો.

'જય સિયારામ બાપુ.' સોહને સ્વસ્થ થવાની કોશિશ કરતાં ધીમેથી કહ્યું.

'ત્યાંના શું સમાચાર?'

'ખાસ કાંઈ નહી. અહીં સેટ થવાનો પ્રયાસ કરી રહ્યો છું.' સોહને જાણી જોઈને રણજિતના અવસાનના સમાચાર આપ્યા નહી.

'હું વિચારું છું કે અંકુશને કાલે મુંબઈ મોકલી દઉં.. એને તારે ત્યાં ડ્રાઈવરની નોકરી અપાવી દેવાની.'

'બાપુ, મને સમય આપો. અહીં બંગલામાં ઑલરેડી બે ડ્રાઈવર તો છે જ.'

'તો પછી બીજી કોઈ નોકરી આપીને ત્યાં બંગલામાં રખાવી દે.'

'બાપુ, પ્લીઝ મને એકાદ વીકનો સમય આપો.'

'ચાર દિવસનો સમય આપું છું, આજથી બરોબર પાંચમા દિવસે અંકુશ તારી પાસે પહોંચી જશે!'

સત્તાવાહી અવાજ સાથે બાપુએ ફોન કાપી નાખ્યો.

સોહનને એટલો તો ખ્યાલ આવી ગયો કે બાપુ અંકુશ મારફતે સોહનની દરેક ગતિવિધિનું ધ્યાન રાખવા માંગે છે. એક વાર અંકુશ અહીં બંગલામાં આવે તો સોહનની દશા સોનાના પિંજરામાં પુરાયેલા પોપટ જેવી થઈ જાય, કારણ કે અંકુશ બાપુનો જાસૂસ બનીને જ અહીં રહે એ વાત નજીકના ભવિષ્યમાં એના માટે થોડી અટપટી થઈ જાય...

(ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| PLUCK | ડૂબકી |
| PLANK | ગીરો મૂકવું |
| PLUNGE | વીણવું |
| PLEAD | પાટિયું |
| PLEDGE | વિનંતી |

### ઓળખાણ પડી?



ગુજરાતના કચ્છ વિસ્તારમાં જોવા મળતા મજબૂત બાંધો ધરાવતા ભારતીય પક્ષીની ઓળખાણ પડી? ડોક અને પગ લાંબા હોય છે.

અ) કલકલિયો બ) કસ્તૂરો ક) ઘોરાડ ડ) ઘંટી ટાંકણો

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ૨ ગ્ર | ૩ ગ | ણ્ય | ■ | ૪ હ | ૫ સ | ૬ ર | ત | ■ |
| ૭ વ | હ | ન | ■ | ૮ પ્ર | ક | ર | ણ | ■ | ૯ અ |
| ૧૦ ધ | ણ | ■ | ૧૧ અ | તિ | ■ | ■ | ૧૨ કા | ઢ | વા |
| ■ | ■ | ૧૩ યુ | ધિ | ષ્ઠિ | ર | ■ | ર | ■ | વ |
| ૧૪ પ | ■ | ૧૫ વ | ર | ત | ■ | ૧૬ ગિ | ■ | ૧૭ ભૂ | રુ |
| ૧૮ તિ | લ | ક | ■ | ■ | ૧૯ છ | લો | છ | લ | ■ |
| ત | ■ | ■ | ૨૦ ક | ૨૧ પિ | ■ | લ | ■ | ૨૨ ભૂ | ૨૩ લ |
| ■ | ૨૪ અ | ૨૫ મ | લ | તા | ૨૬ સ | ■ | ૨૭ બિ | લા | ડા |
| ૨૮ સં | થા | રા | ■ | ૨૯ મ | વા | ળ | ■ | ૩૦ મ | ય |
| ૩૧ ચ | હ | લ | પ | હ | લ | ■ | ૩૨ વ | ણી | ક |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ | | ■ |
| ૬ | | | ■ | ૭ | ■ | ■ | | ■ | ૮ |
| | ■ | ૯ | ૧૦ | | | ૧૧ | ■ | ૧૨ | |
| ૧૩ | | ■ | ૧૪ | | ■ | ૧૫ | ૧૬ | ■ | |
| | ■ | ૧૭ | | | ■ | ૧૮ | | ૧૯ | |
| ■ | ૨૦ | | ■ | ■ | ૨૧ | ■ | ૨૨ | | ■ |
| ૨૩ | | ■ | ૨૪ | ૨૫ | | ૨૬ | ■ | ■ | ૨૭ |
| ૨૮ | | ૨૯ | ■ | ૩૦ | | | ■ | ૩૧ | |
| | ■ | ૩૨ | | | ■ | ■ | ૩૩ | | |
| ૩૪ | | | ■ | ૩૫ | | | | ■ | |

**આડી ચાવી**

૧. તકરાર, કજિયો (૪)
૪. પિછાન, પરિચય (૪)
૬. લેખણ, દસ્કત, કંડિકા (૩)
૯. ભારતની વિશ્વ પ્રસિદ્ધ અજાયબી (૫)
૧૨. દુશ્મન (૨)
૧૩. રમવાની કે પ્રવાસની સામગ્રી (૨)
૧૪. અર્જુન, પૃથાનો પુત્ર (૨)
૧૫. સ્ત્રી (૨)
૧૭. જંગલ (૩)
૧૮. દરેકે દરેક રુંવાડે (૪)
૨૦. આંમળો (૨)
૨૨. સૌંદર્ય (૨)
૨૩. લાગવગ (૨)
૨૪. સંભારણું, સ્મારક (૪)
૨૮. હીરો (૩)
૩૦. વજનનું માપ (૩)
૩૧. સૂરજની ગેરહાજરી (૨)
૩૨. તમા, કાળજી, ચિંતા (૩)
૩૩. ફૂદડી, ઘુમરડી (૩)
૩૪. ઠોકનો રણકો (૩)
૩૫. બળવાન, જોરવાળું (૪)

**ઊભી ચાવી**

૧. ચળકતું (૫)
૨. ગુંજન, કળા, માત્રા (૨)
૩. માનો પ્રેમ (૩)
૫. -- ખોદે તે પડે (૨)
૭. ટેકો, સાબિતી (૪)
૮. મહેનત (૪)
૧૦. ઊગતા સૂર્યનો દેશ (૩)
૧૧. બડબડાટ (૩)
૧૬. બહેનના ઘરે પ્રસંગમાં મામા લાવે તે (૩)
૧૭. સમય, મોત (૨)
૧૯. નાનો છોડ (૨)
૨૦. વિના (૩)
૨૧. ગાયન કે વાદન (૩)
૨૩. કારભાર, બંદોબસ્ત (૪)
૨૫. મોટું બારણું (૪)
૨૬. સિનેમાનાં દૃશ્યોની પટ્ટી (૨)
૨૭. સંભાષણ, ગપ્પાં (૪)
૨૯. વિકટ, અઘરો (૩)
૩૧. દશરથનંદન (૨)
૩૩. શિવ (૨)

### ગુજરાત મોરી મોરી રે

'મહેનત કરે તો મહેનતાણું મળે' જેવો અર્થ ધરાવતી કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

ભાખરી કરે તો પામે ચાકરી

### માતૃભાષાની મહેક

હાથ અત્યંત ઉદ્યમી અંગ છે. ભાષામાં પણ સરસ રીતે વણાઈ ગયો છે. હાથ આપવો એટલે મદદ કરવી. હાથ છૂટો હોવો એટલે અત્યંત ઉદાર કે ખર્ચાળ હોવું. હાથથી જવું એટલે વંઠી જવું, બગડી જવું. હાથ ઓડવો એટલે માગવા માટે હાથ લાંબો કરવો, યાચના કરવી, કંઈ લેવા માટે ગરજ બતાવવી.

### ઈર્શાદ

ઉરની સાંકલડી શેરીના પંથ વિશાળ રચાવો,
હૈયાનાં ઝરણાં નાનાને સાગર જેવું બનાવો.

સુન્દરમ

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'ફૂલ ગયું ને ફોરમ રહી ગઈ' પંક્તિમાં ફોરમ શબ્દનો અર્થ જણાવો.

અ) ડાળી બ) ઝાકળ ક) સુગંધ ડ) કળી

### સુડોકુ-૮૦૦૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | | | ૨ | | | |
| | | ૬ | ૮ | ૩ | | | | |
| ૫ | | | ૧ | | ૯ | ૮ | ૬ | |
| ૭ | | ૯ | | | | | | |
| | ૮ | ૪ | | | | ૨ | ૭ | |
| | | | | | | ૪ | | ૬ |
| | ૪ | ૨ | ૩ | | ૮ | | | ૯ |
| | | | | ૫ | ૪ | ૭ | | |
| | | | ૯ | | | | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૦૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૧ | ૮ | ૪ | ૯ | ૬ | ૨ | ૫ | ૭ |
| ૪ | ૫ | ૨ | ૧ | ૮ | ૭ | ૯ | ૬ | ૩ |
| ૯ | ૭ | ૬ | ૨ | ૩ | ૫ | ૪ | ૧ | ૮ |
| ૨ | ૯ | ૫ | ૩ | ૭ | ૪ | ૧ | ૮ | ૬ |
| ૧ | ૩ | ૪ | ૬ | ૨ | ૮ | ૫ | ૭ | ૯ |
| ૬ | ૮ | ૭ | ૯ | ૫ | ૧ | ૩ | ૪ | ૨ |
| ૫ | ૬ | ૩ | ૭ | ૧ | ૨ | ૮ | ૯ | ૪ |
| ૭ | ૨ | ૧ | ૮ | ૪ | ૯ | ૬ | ૩ | ૫ |
| ૮ | ૪ | ૯ | ૫ | ૬ | ૩ | ૭ | ૨ | ૧ |

### માઈન્ડ ગેમ

અઢી કરોડની લોટરી પર ૩૦ ટકા ટેક્સ ભર્યા પછી બાકી રહેલી રકમના રોકાણમાં ૧૨ ટકા નફો થયા પછી કેટલી રકમ હાથમાં રહી?

અ) ૧ કરોડ ૪૬ લાખ બ) ૧ કરોડ ૭૫ લાખ
ક) ૧ કરોડ ૯૬ લાખ ડ) ૨ કરોડ ૨ લાખ

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| SOP | પલાળવું |
| SOAP | સાબુ |
| SHOP | દુકાન |
| SINGE | દાઝવું |
| STING | ડંખ |

ઓળખાણ પડી?
Millipede

માઈન્ડ ગેમ
૧૨ લાખ

ગુજરાત મોરી મોરી રે
મફત કા ચંદન ઘસ બે લાલિયા

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
આકાશ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) ભારતી પ્રકાશ કટકિયા (૬) ધીરેન્દ્ર ઉદેશી (૭) ગીતા ઉદેશી (૮) પ્રતિમા પમાણી (૯) નીતા દેસાઈ (૧૦) ભારતી બુચ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) હર્ષા મહેતા (૧૩) શ્રદ્ધા આશર (૧૪) લજિતા ખોના (૧૫) પુષ્પા પટેલ (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) મહેશ દોશી (૧૯) તાહેર ઔરંગાબાદવાલા (૨૦) શીરીન ઔરંગાબાદવાલા (૨૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૨) જ્યોતિ ખાંડવાલા (૨૩) મીનળ કાપડિયા (૨૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) અશોક સંઘવી (૨૭) નુતન વિપીન (૨૮) પ્રવીણ વોરા (૨૯) મનીષા શેઠ (૩૦) ફાલ્ગુની શેઠ (૩૧) ભાવના કર્વે (૩૨) કલ્પના આશર (૩૩) વિણા સંપટ (૩૪) જગદીશ ઠક્કર (૩૫) દેવેન્દ્ર સંપટ (૩૬) અંજુ ટોલિયા (૩૭) વિજય આસર (૩૮) પુષ્પા ખોના (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૧) અરવિંદ કામદાર (૪૨) જયવંત પદમશી ચિખલ (૪૩) સુરેખા દેસાઈ (૪૪) રમેશ દલાલ (૪૫) હિના દલાલ (૪૬) ઈનાક્ષી દલાલ (૪૭) જ્યોત્સના ગાંધી (૪૮) નિતિન બજરિયા (૪૯) નયના ગિરીશ મિસ્ત્રી (૫૦) મલય મધુસુદન ભટ્ટ (૫૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી.

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## જૂનું એટલું સોનું




જૂનું એટલું સોનું એ બહુ જ જાણીતી કહેવત છે. જોકે, પરિવર્તન પ્રકૃતિનો નિયમ છે અને સગડી વાપરનારા ગેસ વાપરતા થઈ જાય ત્યારે સગડીને સોનું માનતા હોય તો એનો ત્યાગ કેમ કરતા હશે?

ગયા વર્ષે આયોજિત પેરિસ ઑલિમ્પિક્સમાં વિજેતાઓને એનાયત થયેલા કેટલાક મેડલની ચમક ઝાંખી પડી હોવાની ફરિયાદો આવી ત્યારે અગાઉના ઑલિમ્પિક્સના મેડલ સંદર્ભે તાજેતરમાં બનેલો એક પ્રસંગ કાળા કાગડાની સાથે ધોળા દૂધ જેવા હંસ પણ હોય એ સાબિત કરે છે.

અમેરિકાની ધરતી પર આયોજિત પ્રથમ ઑલિમ્પિક્સમાં એનાયત કરવામાં આવેલા ગોલ્ડ મેડલનું તાજેતરમાં લિલામી વેચાણ કરવામાં આવતાં એના ૫ લાખ ૪૫ હજાર ડૉલર (આશરે સાડા ચાર કરોડ રૂપિયા) ઊપજ્યા. ૧૧૦ મીટર વિઘ્નદોડ સ્પર્ધામાં અમેરિકન એથ્લીટ ફ્રેડશૂલને આ મેડલ મળ્યો હતો અને એની સાથે રિબન અને લેધર કેસ પણ છે. મેડલ પર ‘ઓલિમ્પિયાડ ૧૯૦૪’ અક્ષર કોતરાયેલા છે. ૧૨૦ વર્ષ જૂના ઑલિમ્પિક્સના બીજા કેટલાક ગોલ્ડ મેડલ સચવાયા છે એની કોઈ નક્કર માહિતી નથી, પણ એ ગોલ્ડ મેડલ ‘જૂનું એટલું સોનું’ કહેવતને અક્ષરશઃ સાચી ઠેરવે છે.

## મૅચ ગુમાવી... આદર પણ ગુમાવ્યો




ઉઝબેકિસ્તાન અગાઉ યુએસએસઆર (સોવિયેત સંઘ)નો હિસ્સો હતું, પણ ત્યાં ૮૮% લોકો ઇસ્લામને અનુસરે છે. ૧૯૯૧માં સોવિયેત સંઘના વિઘટન પછી ઉઝબેકિસ્તાનમાં કટ્ટરવાદ તરફી ઝુકાવ વધ્યો.


તાજેતરમાં આયોજિત એક ચેસ ટુર્નામેન્ટમાં નાદીરબેક યાકુબોવ નામના ઉઝબેક ખેલાડીનું વર્તન આ ઝુકાવનું પ્રતિબિંબ હતું. ચેસ ટુર્નામેન્ટમાં દરેક મુકાબલો શરૂ થવા પૂર્વે પ્રતિસ્પર્ધી ખેલાડીઓ હેન્ડશેકની ઔપચારિકતા કરી એકબીજાને શુભેચ્છા આપતા હોય છે. સૌના આશ્ચર્ય વચ્ચે યાકુબોવએ એક મૅચ પહેલાં હાથ મિલાવવાની ના પાડી દીધી, કારણ કે એની પ્રતિસ્પર્ધી ભારતીય ખેલાડી આર. વૈશાલી મહિલા હતી. ‘ધર્મ અનુસાર સ્ત્રીને સ્પર્શ કરવાની મનાઈ છે’ એવું કારણ એણે આપ્યું હતું. ખેલકૂદમાં ધર્મ વચ્ચે ન આવવો જોઈએ જેવી અનેક પ્રતિક્રિયા ઊમટી અને ઉઝબેક ખેલાડી માથે માછલાં ધોવાયાં. મુકાબલો વૈશાલીએ જીતી લીધો. યાકુબોવે મૅચ ગુમાવી અને આદર પણ ગુમાવ્યો.

જોકે, ૨૦૨૩ની એક મૅચમાં ભારતીય ખેલાડી દિવ્યા દેશમુખ સાથે એણે હસ્તધૂનન કર્યું હતું એ વાત યાકુબોવને યાદ કરાવી તો ‘એ મારી ભૂલ હતી’ એવો ખુલાસો એણે કર્યો હતો. સંભવતઃ દિવ્યા સાથેના શેકહેન્ડ પછી ‘આવું ફરી નહીં કરવાનું’ એવો આદેશ આવ્યો હશે એ અનુમાનમાં દમ છે. મહિલા સાથે હેન્ડશેક નહીં કરવાની ઘટના વિવાદનો મુદ્દો બનતાં ચેતી ગયેલા યાકુબોવએ રોમાનિયાની ઈરિના નામની મહિલા ખેલાડીને મૅચ પહેલાં જ પોતે હાથ નહીં મિલાવે એ જણાવી દીધું અને સમજુ બાલિકાએ સમજદારી દાખવી મૅચના દિવસે ઔપચારિકતા ટાળી અને વિવાદ ઊભો થાય એ પહેલાં જ ડામી દીધો.

**તાજા કલમઃ**

એક સમાચાર અનુસાર યાકુબોવએ ભારતીય મહિલા ચેસ ખેલાડી વૈશાલી સાથે હેન્ડશેક ન કરવાની પોતાની ભૂલ સુધારવા વૈશાલીને પાછળથી ફ્લાવર્સ અને ચોકલેટ્સ ભેટ આપીને ‘સૉરી’ પણ કહ્યું!

## કદાવર બાંધો - કદાવર મગજ



મગજ જેટલું મોટું એ વધુ બુદ્ધિશાળી એમ કહી શકાય ખરું? આ વિશે કોઈ નક્કર સંશોધન નથી થયું, પણ જો એનો જવાબ હા આવે તો વ્હેલ ખાસ કરીને સ્પર્મ વ્હેલ દુનિયાનું સૌથી બુદ્ધિશાળી પ્રાણી સાબિત થાય. વૈજ્ઞાનિકોએ આપેલી માહિતી પ્રમાણે દરિયામાં વસતાં સસ્તન પ્રાણીઓ - ડોલ્ફિન અને વ્હેલ - મોટાં મગજ ધરાવે છે. સ્પર્મ વ્હેલના મગજનું કદ માણસના મગજ કરતાં છ ગણું મોટું છે. દરિયામાં વસતાં અલગ અલગ ૯૦ સસ્તન પ્રાણીઓનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. અહેવાલ પ્રમાણે વ્હેલ અને ડોલ્ફિન અત્યંત રમતિયાળ હોય છે, આપસમાં એકબીજા પાસેથી ઘણું શીખે છે અને તેમનો આપસી વહેવાર અત્યંત જટિલ હોય છે. મોટું મગજ ધરાવતી કિલર વ્હેલ વિશે પણ કેટલીક રસપ્રદ માહિતી મળી છે. એના સમૂહમાં માદાનું વર્ચસ્વ હોય છે અને શિકાર કાયમ સમૂહમાં કરવાને પ્રાધાન્ય આપે છે. સ્પર્મ વ્હેલની એક મજેદાર વાત એ છે કે આ જૂથની માતા ખોરાકની શોધમાં શિકાર કરવા ખૂબ ઊંડે જાય ત્યારે અન્ય સહયોગીઓને બેબી સીટિંગની જવાબદારી સોંપીને જાય છે.

## મેરી રિક્ષા સબસે નિરાલી...



‘કુંવારા બાપ’ ફિલ્મમાં ‘મૈં હૂં ઘોડા, યે હૈ ગાડી, મેરી રિક્ષા સબસે નિરાલી, ઘર તક પહુંચા દેનેવાલી’ ગીત મેહમૂદ - કિશોર કુમારની જુગલબંધીએ યાદગાર બનાવી દીધું હતું.

મહારાષ્ટ્રના કોલ્હાપુર જિલ્લાના ગઢ હિંગળજ ગામના એક ડ્રાઈવરની રિક્ષા તો બ્યુટી કૉન્ટેસ્ટની પદમણી સાબિત થઈ યાદગાર બની ગઈ છે.

આજના પેકેજિંગના જમાનામાં સજાવટનો મહિમા એ હદે વધી ગયો છે કે પેસેન્જરોને આકર્ષવા રિક્ષામાં ઑક્સિજન ટેન્ક, કૅમેરા, એલસીડી સ્ક્રીન, સ્મોક ડિટેક્ટર, વાઈફાઈ અને ફ્રિજ જેવી સગવડ સાડા ચાર લાખ રૂપિયા ખર્ચી ઉપલબ્ધ કરી છે. રિક્ષામાં છત્રપતિ શિવાજી મહારાજ, છત્રપતિ સંભાજી રાજે, રાજર્ષિ શાહુ મહારાજ, ડૉ.બાબાસાહેબ આંબેડકર જેવી મહાન વિભૂતિઓની તસવીરો મૂકી છે. આ ઉપરાંત ઈમરજન્સી નંબર, પોલીસ સ્ટેશન નંબર, મહારાષ્ટ્રના કિલ્લાઓની યાદી પણ છે. મુસાફરી કરતા લોકો ઐતિહાસિક રિક્ષામાં સવાર થઈ જ્ઞાન સાથે ગમ્મતનો આનંદ મેળવી રહ્યા છે. રિક્ષાઓની બ્યુટી કૉન્ટેસ્ટમાં આ રિક્ષાને ‘કોલ્હાપુર સુંદરી’નો એવોર્ડ મળ્યો હતો.

## લ્યો કરો વાત!

*‘ઠંડી મેં ગરમી કા એહસાસ’ છે આમ તો કોઈ પ્રોડક્ટની માર્કેટિંગ લાઈન, પણ વિદેશમાં રહેતી ભારતીય મહિલાએ ‘જુગાડ’નું વિશિષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયો અનુસાર કેનેડાની કાતિલ ઠંડીમાં સિદ્ધાર્થ ખન્ના નામનો યુવક ગરમ ગરમ પરોઠાનો સ્વાદ લેતો નજરે પડે છે. સિદ્ધાર્થનાં માતુશ્રીએ પરોઠા એક થર્મોસમાં પેક કરી આપ્યા અને - ૧૪ ડિગ્રી સેન્ટિગ્રેડમાં દીકરો થર્મોસમાંથી પરોઠા બહાર કાઢે છે ત્યારે એમાંથી વરાળ નીકળતી દેખાય છે. ગરમ ગરમ પરોઠા દીકરાના દિલને ટાઢક આપે છે અને ‘ગરમ વસ્તુ ગરમ રહે’ એ થર્મોસના સિદ્ધાંત ને માતુશ્રીના જુગાડની કમાલ બતાવે છે.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**રાજીના રેડ હોય... તો, ગ્રીન, બ્લુ કે યલો કેમ નહીં?**
* રંગ રાજીથી અપાય છે, હરાજીથી નહીં...

**ઢંઢેરાને પીટવામાં આવે. તો પંપાળવામાં કેમ નહીં?**
* જેને પીટી શકાય એને પંપાળવાની આળપંપાળ શું કામ કરવી,હે?!

**રાજ્યાભિષેકની જેમ ભજિયાભિષેક કરવો હોય તો?**
* એમાં ચટણીની ધાર કરવી પડે....

**ભૂતકાળની જેમ પલિતકાળ કેમ નથી?**
* એ તો ભવિષ્યકાળ જ કહી શકે...

**લાકડે માંકડું.. તો કૂતરા માટે શું?**
* થાંભલો....

**ઘરડાં ગાડા વાળે. આવું કેમ?**
* એમની પાસે સ્કૂટર -કારનું ડ્રાઈવિંગ લાઇસન્સ નહીં હોય....

**રિવર ફ્રન્ટની જેમ લવર ફ્રન્ટ કેમ બનતા નથી?**
* લવર ફ્રન્ટ છૂટાછવાયા અને છાનેછપને તો બન્યા જ છેને ?!

**શેરબજારમાં તેજીને આખલો પ્રતીકરૂપે કેમ દર્શાવાય છે?**
* હારેલાં શેરબજારિયા ગાય જેવા દેખાય એટલે...

**શિક્ષક હવે તોફાની છોકરાંને કેમ મારતાં નથી?**
* કારણ કે છોકરાંના બદલે હવે શિક્ષકને વધુ સજા થાય છે...

**પરીક્ષા પે ચર્ચા થાય. તો પરિણામ પે ચર્ચા ક્યારે?**
* પરિણામની પોલ ઘરમાં ખૂલે એ વધુ સારું....

**જમાઈ વૃદ્ધ થાય તો પણ સાસરિયામાં એને કુમાર કેમ કહે છે?**
* જતી ઉંમરે જમાઈરાજ નારાજ ન થઈ જાય એ માટે...

**હું પોઝિટિવ થિન્કીંગ કરું તો મનમાં ધારેલી અભિનેત્રી સાથે પરણી શકીશ?**
* અત્યારે વિચાર- વિવાહ તો કરી લો...

**નેતા અલ્પજીવી કે પરોપજીવી?**
* બહુમતજીવી.

**બધા વાતે વાતે વાદે ચઢે છે સૌથી સારો વાદ કયો?**
* સંવાદ...

**ગાંધી મૂલ્ય કેમ ભૂલાતા જાય છે ?**
* ગાંધી છાપ નોટનું મૂલ્ય મહત્ત્વ વધ્યું છે એટલે....

**અન્ડરવર્લ્ડમાં માત્ર ભાઈ કેમ, બહેન કે દીદી કેમ નહીં ?**
* અન્ડરવર્લ્ડમાં બહેન કે દીદી કહેવાથી નકામી લાગણી ઉમેરાય જાય ને ‘ધંધો’ મોળો પડી જાયને ! ■

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# સોઈ પાછળ દોરાનો અર્થ



આપણે સમાજમાં કોઈ વ્યવહાર કરતી વખતે હંમેશાં પરંપરાથી ચાલી આવતી ઘરેડ અપનાવી લેતા હોઈએ છીએ. એમ શા માટે આગળથી ચાલ્યું આવતું હશે? એવું મોટાભાગે વિચારતા નથી. તમને કહું? એ બાબત ‘સોઈ પાછળ ચાલ્યા આવતા પરોવાયેલા દોરા’ સમાન છે! એટલે ચાલી આવતી પરંપરાનાં કારણ શોધતાં આપણે ‘સોઈમાં દોરો કોણે પરોવ્યો?’ તેની શોધ કરવી પડે! અને એટલે જ કચ્છીમાં એક ચોવક પ્રચલિત છે કે, **‘સૂઈ પૂઠીયા ડોરો’**. ‘સૂઈ’ એટલે સોઈ કે સોય અને ‘પુઠીયા’નો અર્થ થાય છેઃ પાછળ. ‘ડોરો’ એટલે દોરો.’

ઘણા માણસો દેખાવે જ હિંમતવાન લાગે. તેમનો રૂવાબ જ એવો હોય કે જાણે બહાદુર વ્યક્તિ હોય પણ, ઘણી વખત હકીકત કંઈક જુદી જ હોય છે. એ નકલી પ્રતિભા માટે એક મસ્ત મજાની ચોવક છેઃ **‘સીંગૂ સીંગૂ થોડા, રબક ધબક બોરો’** અહીં ‘સીંગૂ સીંગૂ’ એક શબ્દ બે વખત પ્રયોજવામાં આવ્યો છે જેનો અર્થ થાય છે ‘બહાદુર’ કે આક્રમક અને તમારા સૌ માટે નવો શબ્દ છે ‘રબક ધબક’ જેનો અર્થ થાય છેઃ દેખાવ કે ‘ડારો ડફાળો’! મતલબ કે, કોઈ દેખાય છે તેવું નથી! માત્ર દેખાવ છે, જે હકીકત નથી!

એક અદ્‌ભુત ચોવક છેઃ **‘સિજ સઉંત ગિરૉ જખ મારી’**. હજુ પણ સમાજમાં લગ્ન વખતે યુવક-યુવતીના ગ્રહો જોવામાં આવે છે. કેટલાંક ‘કાઉન્ટ’ મળતા હોવા જોઈએ તેવો આગ્રહ રખાય છે. એક તરફ ગ્રહદશા તપાસાતી હોય છે, તો બીજી તરફ યુવકના પરિવારનું સામાજિક સ્થાન, આર્થિક શક્તિ જોવાતાં હોય છે, એજ રીતે યુવતીની પારિવારિક, સામાજિક કે પરિવારની આર્થિક કુંડળી પણ મંડાતી હોય છે. જ્યારે કોઈ સમાધાન સાધી લેવાનો સ્ટેજ આવે ત્યારે એમ કહેવાય કે, આટલું તો ચાલે! બસ, એજ વાત ઉપરોક્ત ચોવક કહેવા માગે છેઃ **‘સિજ સઉંત ગિરૉ જખ મારી’** અહીં પ્રથમ પ્રયોજાયો છેઃ ‘સિજ સઉં’, જેનો અર્થ થાય છે કે ‘સૂર્ય દશા સારી’. ‘ગિરૉ’ એટલે ગ્રહ. ‘જખ મારી’નો અર્થ થાય છેઃ જખ મારે! મતલબ કે તેની ચિંતા કરવાની જરૂર ન હોય!

હવે ચોવકનો શબ્દાર્થ છેઃ જેની સૂર્યદશા સારી હોય તેને અન્ય ગ્રહોના નડતરની ચિંતા ન કરવી. પણ, ભાવાર્થ એ છે કે, કોઈપણ પ્રકારનો નિર્ણય લેતી વખતે જો મૂળ બાબત બરાબર જણાય તો, નાની મોટી અધૂરાશોને પહોંચી વળાય!

સૂરજની વાત આવી તો ગુજરાતી કહેવત યાદ આવીઃ સૂરજ છાબડે ઢાંકયો ન રહે, તો વળી ચોવક એમ કહે છે કેઃ **‘સિજ કે થંભ ન અચે’** અહીં ‘સિજ’નો અર્થ થાય છેઃ સૂરજ. ‘કે’ એટલે ‘ને’ અને ‘થંભ ન અચે’ એ શબ્દોના સમૂહનો અર્થ થાય છેઃ ‘રોકી ન શકાય’ ચોવકનો શબ્દાર્થ છેઃ સૂરજને કોઈ રીતે રોકી ન શકાય, પરંતુ ભાવાર્થ એ છે કેઃ કોઈ રોકી ન શકાય તેવી ઘટના, જે બનીને જ રહેવાની કોઈ કાર્ય પૂરું કરવાના ધ્યેય માટે પણ સૂર્યને, ચોવકમાં પ્રતીક બનાવાયું છે. ચોવક છેઃ **‘સિજ ખુટે કાં બિજ ખુટે’** ‘સિજ ખૂટે’ એ બે શબ્દના સમૂહનો અર્થ થાય છેઃ સૂર્ય વિદાય લે અને ‘કાં’નો અર્થ થાય છેઃ તો. ‘બિજ ખુટે’ મૂળ અર્થ ‘બીજ ખુટે’ તેવો થાય પરંતુ અહીં તે કાર્ય પૂર્તિ માટે પ્રયોજાયો છે. અર્થ એવો થાય છે કેઃ જ્યાં સુધી સૂર્ય છે, ત્યાં સુધી કાર્યસિદ્ધિ માટે મથતા રહેવું. ભાવાર્થ પણ એજ છે કે, ‘કામ પૂરું કરવાનું ધ્યેય!’ ■

મગજ મંથન
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

### શિક્ષાપત્રી જયંતી અવસર

# શિક્ષાપત્રી મુજબનું જીવન એટલે ઈન્ડિયન પીનલ કોડની કલમોનું આચરણ






હિંદુ પૌરાણિક કથાઓ અનુસાર બ્રહ્માજીના માનસમાંથી માતા સરસ્વતી પ્રગટ થયાં હતાં,એ દિવસ એટલે વસંત પંચમી....આ દિવસે સરસ્વતી પૂજનનો મહિમા અધિક છે.માતા સરસ્વતીને જ્ઞાન,સંગીત અને કલાની દેવી પણ કહેવામાં આવે છે એટલા માટે ભક્તો સાચા હૃદયથી માતા સરસ્વતીની પૂજા અને પ્રાર્થના કરે છે.

વસંત પંચમીના દિવસે શિક્ષાપત્રી જયંતી પણ આવે છે.સર્વે જીવના કલ્યાણ અર્થે ભગવાન શ્રી સ્વામિનારાયણે આજના દિવસે મનુષ્ય જીવનની આચારસંહિતા સમાન ૩૪૬ જેટલાં શાસ્ત્રોના નિચોડ રૂપ ૨૧૨ શ્લોકની શિક્ષાપત્રીની વડતાલ ધામે રચના કરી હતી.જે માણસ શિક્ષાપત્રી મુજબ જીવન જીવે તેનાથી ‘ઈન્ડિયન પીનલ કોડ’ની કોઈ કલમનો ભંગ થતો નથી.

આ શિક્ષાપત્રી દેશના બંધારણ સાથે પણ સામ્યતા ધરાવે છે, કારણ કે કાયદાની કલમો પૈકી કલમ ૧૦૭થી ગુનાની કલમો શરૂ થાય છે.શિક્ષાપત્રીમાં માનવીએ કઈ રીતે જીવન જીવવું જોઈએ,કેવા દુર્ગુણોથી બચવું જોઈએ,શું કાર્ય કરવું,શું ન કરવું તે વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી છે.

આવો,આપણે શિક્ષાપત્રીના અમુક શ્લોકનું આચમન કરીએ અને જીવન ધન્ય બનાવીએ :

શિક્ષાપત્રી શ્લોક અઢારમાં કહ્યું છે કે ‘અને અમારા આશ્રિત જે પુરુષ અને સ્ત્રીઓ તેણે વ્યભિચાર ન કરવો,જૂગટું (જુગાર)આદિક જે વ્યસન તેનો ત્યાગ કરવો અને ગાંજો,ભાંગ,તમાકુ આદિ કેફ કરનાર વસ્તુ તે ખાવાં નહીં ને પીવાં પણ નહીં.’

આ એક સામાન્ય નિયમ પણ માનવના જીવનમાં કેટલું સંરક્ષણ આપે છે !

શિક્ષાપત્રી શ્લોક ચૌદમાં મહારાજે કહ્યું છે કે,‘અને આત્મઘાતો તો તીર્થને વિશે પણ ન કરવો ને ક્રોધે કરીને ન કરવો અને ક્યારેક કોઈ અયોગ્ય આચરણ થઈ જાય તે થકી મૂંઝાઈને પણ આત્મઘાત ન કરવો અને ઝેર ખાઈને તથા ગળે ટૂંપો ખાઈને તથા કૂવે પડીને તથા પર્વત ઉપરથી પડીને ઈત્યાદિક કોઈ રીતે આત્મઘાત ન કરવો.’

આર્થિક પ્રશ્નને હલ કરવા શિક્ષાપત્રીમાં કહેવામાં આવ્યું છે કે, ‘જેટલી પછેડી હોય તેનાથી વધુ લાંબા પગ ન કરવા જોઈએ.પોતાની આવક અનુસાર જ નિરંતર ખર્ચ કરવો પણ તે ઉપરાંત ન કરવો અને ઊપજ કરતાં જે વધારે ખર્ચ કરે છે તેને મોટું દુઃખ થાય છે.’ વળી આજ્ઞા પણ આપી કે, ‘હંમેશાં સારા અક્ષરે પોતાનું નામું લખવું.આવક અને જાવકનો ચોખ્ખો હિસાબ નજર સમક્ષ રહે તો માણસના જીવનમાં કોઈ પ્રશ્ન ઊભા ન થાય.’

આરોગ્ય અંગે મહારાજે જણાવ્યું છે કે, ‘જાહેર સ્થાનો,બાગ,મંદિર,નદીકાંઠા વગેરેમાં જ્યાં ત્યાં મળમૂત્ર ન કરવાં,થૂંકવું પણ નહીં. જળ,દૂધ વગેરે પ્રવાહી ગાળીને ઉપયોગમાં લેવાં. વહેલાં ઊઠવું, એક જ સ્થળે દાતણ કરવું.નિત્ય સ્નાન કરીને ધોયેલાં પવિત્ર વસ્ત્રો પહેરવાં ને ભગવાનની પૂજા અર્ચના કરીને જ બીજા વ્યવહારિક કાર્ય કરવાં.’

જગતમાં જ્યાં જુઓ ત્યાં પૈસા,જમીન અને સ્ત્રી - આ ત્રણ વાત-વિષયને લઈને હંમેશાં ઝઘડા થતા હોય છે. શ્રીજી મહારાજે આ ત્રણેય બાબતનો સ્પષ્ટ પણે નિર્વિઘ્ન વ્યવહાર બતાવ્યો છે કે, ‘પોતાનો ભાઈ હોય,મિત્ર હોય કે પિતા હોય તેની સાથે પણ જમીન કે કોઈપણ ધનની લેવડ દેવનો વ્યવહાર કરવો હોય તો સાક્ષીઓ સહિત લખત કર્યા વગર એ કાર્ય કરવું નહીં.’

વસ્ત્ર પરિધાન જેવી સાવ સામાન્ય જણાતી બાબતમાં પણ શ્રીજી મહારાજે ખાસ સૂચના આપી કે, ‘જે વસ્ત્ર પહેર્યે થકી પોતાના અંગ દેખાય તેવું જે ભૂંડું વસ્ત્ર તે અમારાં સત્સંગી સ્ત્રીઓએ ન પહેરવું.’

આજકાલ જાતજાતની ફેશન નીકળે છે. જોનારને વિકાર જન્મે એવી ફેશનથી દૂર રહેવાનો અહીં નિર્દેશ કરવામાં આવ્યો છે.

અંગ્રેજ શાસન વખતે મુંબઈના ગવર્નર જ્હોન માલ્કમને શ્રીજી મહારાજે શિક્ષાપત્રીની (૧૮૩૦ - રાજકોટમાં) ભેટ આપેલી, જે આજે પણ ઓક્સફર્ડની લાઈબ્રેરીમાં આદરપૂર્વક સચવાયેલી છે. શિક્ષાપત્રીનો વિશ્વની ૩૮થી વધુ ભાષામાં અનુવાદ થયો છે.

વસંત ઋતુમાં આલેખાયેલી શિક્ષાપત્રીનાં આવાં પગથિયાં ચડવાથી - તે પ્રમાણે વર્તવાથી જીવનમાં હંમેશાં વસંત જ રહે છે. જીવન પાંગરેલું અને મહેકતું રહે છે.જેની સૌરભ વ્યક્તિગત રીતે સમાજમાં પ્રસરે છે.

સરદાર વલ્લભભાઈ પટેલે પણ કહ્યું છે કે ‘જો દેશના લોકો શિક્ષાપત્રીની આજ્ઞાઓનું પાલન કરે તો દેશમાં ફોજદારી કાયદો,પોલીસ અને અદાલતોની ઓછામાં ઓછી જરૂર પડે.’■

# ટ્રમ્પે મેક્સિકો, કેનેડાની ટેરિફ મોકૂફ રાખતાં શૅરબજારમાં તીવ્ર રિકવરી; સેન્સેક્સમાં ૧૫૦૦ પોઈન્ટ સુધીનો ઉછાળો, નિફ્ટી ૨૩,૭૦૦ની ઉપર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા દ્વારા મેક્સિકો અને કેનેડા પર ટેરિફ એક મહિના માટે મોકૂફ રાખ્યા પછી એશિયન શેરબજારોમાં સુધારા પાછળ સ્થાનિક શેરબજારમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો. મંગળવારે બેન્ચમાર્ક સ્ટોક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી લગભગ બે ટકા ઊછળ્યા છે.

સેન્સેક્સ ૧,૩૯૭.૦૭ પોઈન્ટ અથવા ૧.૮૧ ટકા ઉછળીને એક મહિનાની ઊંચી સપાટી ૭૮,૫૮૩.૮૧ પોઈન્ટના સ્તરે સ્થિર થયો છે. દિવસ દરમિયાન, તે ૧,૪૭૧.૮૫ પોઈન્ટ અથવા ૧.૯૦ ટકા વધીને ૭૮,૬૫૮.૫૯ પોઈન્ટની ઊંચી સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૩૭૮.૨૦ પોઈન્ટ અથવા ૧.૬૨ ટકા વધીને ૨૩,૭૩૯.૨૫ પોઈન્ટ પર પહોંચ્યો હતો, જે સપાટી ત્રીજી જાન્યુઆરી પછી ક્યારેય જોવા મળી નથી.

લાર્સનમાં પાંચ ટકાનો ઉછાળો હતો, અન્ય ગેઇનર્સમાં અદાણી પોર્ટ, ઇન્ડસઇન્ડ બેન્ક, ટાટા મોટર્સ, રિલાયન્સ, અલ્ટ્રાટેક અને એશિયન પેઇન્ટનો સમાવેશ હતો. આઇટીસી હોટલ, ઝોમેટો, નેસ્લે અને મારુતિ ટોપ લુઝર્સ હતા. નિફ્ટીમાં ટાટા મોટર્સ, લાર્સન એન્ડ ટૂબ્રો, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, અદાણી પોર્ટ અને સ્ટેટ બેન્ક ટોપ ગેઇનર્સ હતા. આ મિડકેપ અને સ્મોલ કેપ શેરોમાં પણ સારી લેવાલી અને સુધારો જોવા મળ્યો છે.

જોકે, ડો. અગ્રવાલ હેલ્થકેરનો શેર તેના ઇશ્યૂભાવ સામે એક ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા બાદ બીએસઇ પર સવારના સત્રમાં રૂ. ૩૭૬.૪૦ બોલાયો હતો. સેબીએ એસએમપીપી, આદિત્ય ઇન્ફોટેક, બ્રિગેડ હોટલ, કુમાર આર્ક, સોલાર વર્લ્ડ સહિત આઠ કંપનીના આઇપીઓને મૂડીબજારમાં પ્રવેશવા મંજૂરી આપી છે. એન્જિનિયરિંગ, ડિઝાઇન, પ્રોક્યોર્મેન્ટ, ટેસ્ટિંગ, ઇન્સ્ટોલેશન, કમિશનિંગ, ટ્રાન્સમિશન સિસ્ટમ્સ અને વ્યાપક ઓએન્ડએમ સેવાઓ સહિત ટર્નકી સોલ્યુશન્સમાં નિષ્ણાત સોલારિયમ ગ્રીન એનર્જી લિમિટેડ છઠી ફેબ્રુઆરીએ રૂ. ૧૦૫.૦૪ કરોડ એકત્ર કરવા મૂડીબજારમાં પ્રવેશી રહી છે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૧૮૧થી રૂ.૧૯૧ છે. બુક રનિંગ લીડ મેનેજર બીલાઇન કેપિટલ એડવાઇઝર્સ છે, જ્યારે રજિસ્ટ્રાર લિંક ઇનટાઇમ ઇન્ડિયા છે. એન્કર બિડિંગ પાંચમી ફેબ્રુઆરીએ ખુલશે અને ભરણું દસમી ફેબ્રુઆરીએ બંધ થશે.

મિડકેપ ઇન્ડેક્સ ૧.૩૫ ટકા અને સ્મોલ કેપ ઇન્ડેક્સ ૧.૨૦ ટકા ઊછળ્યો હતો. રેડીમિક્સ કન્સ્ટ્રક્શન મશીનરી લિમિટેડ પ્રતિ શેર રૂ. ૧૨૧ થી રૂ. ૧૨૩ની પ્રાઇસ બેન્ડ સાથે છઠી ફેબ્રુઆરીએ મૂડીબજારમાં પ્રવેશ કરી રહી છે. લિસ્ટિંગ તારીખ ૧૩ ફેબ્રુઆરીએ થઇ શકે છે. બુક રનિંગ લીડ મેનેજર હેમ સિક્યોરિટીઝ અને રજિસ્ટ્રાર બિગશેર સર્વિસીસ છે. કંપની પ્લાન્ટ મશીનરી અને સાધનો ડિઝાઇન, વિકાસ, ફેબ્રિકેટિંગ અને ઇન્સ્ટોલેશન માટે એન્જિનિયરિંગ સોલ્યુશન્સ પ્રદાન કરે છે, જેમાં ડ્રાય મિક્સ મોર્ટાર પ્લાન્ટ્સ, કોંક્રિટ પ્લાન્ટ સપોર્ટ, સિલો અને કસ્ટમાઇઝ્ડ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. કોર્પોરેટ હલચલમાં પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ અને સર્ક્યુલર ઇકોનોમી સોલ્યુશન્સ ક્ષેત્રની, રેસ ઇકો ચેઇન લિમિટેડે સમગ્ર ભારતમાં મલ્ટિપલ પીઇટી ફ્લેક્સ વોશિંગ લાઇન્સ સ્થાપિત કરવા ગણેશ ઇકોસ્ફિયર લિમિટેડ સાથે વ્યૂહાત્મક સંયુક્ત સાહસના કરાર કર્યા છે. આ કરાર મુજબ રેસ ઇકો ૫૧ ટકા સુધી, જ્યારે ગણેશા ૪૯ ટકા સુધીનો ઇક્વિટી હિસ્સો ધરાવશે. સંયુક્ત એન્ટિટીનું નામ ગણેશા રિસાઇક્લિંગ ચેઇન પ્રાઇવેટ લિમિટેડ આપવામાં આવ્યું છે. બજાજ ઇલેક્ટ્રિકલ્સે ત્રીજા ક્વાર્ટરમાં ૧૦.૭ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૩.૩૬ કરોડનો નફો નોંધાવ્યો છે. ગોદરેજ પ્રોપર્ટીઝે ત્રીજા ક્વાર્ટરમાં ૨.૫ ગણાથી મોટા ઉછાળા સાથે રૂ. ૧૬૩ કરોડનો ચોખ્ખો નપો નોંધાવ્યો છે. ટાટા ગ્રુપની ડાયરેક્ટ ટુ હોમ અને કન્ટેન્ટ ડિસ્ટ્રીબ્યુશન કંપની ટાટા સ્કાયએ સબ્સક્રિપ્શન, ઇન્ટર એક્શન અને વીવર શિપ સહિતના ડેટાના એકત્રીકરણથી માંડી કસ્ટમરને વધુ સુગમતા આપવા માટે એઆઇ આધારિત સવલત પૂરી પાડવા સેલ્સફોર્સ ઇન્ડિયા સાથે સહયોગ સાધ્યો છે. સેલ્સફોર્સ એઆઇની મદદથી કંપનીઓને નવરચનામાં મદદ કરે છે.



એશિયન બજારોમાં સિઓલ, ટોકિઓ અને હોંગકોંગ નોંધપાત્ર ઊંચી સપાટીએ બંધ થયા હતા. યુરોપના બજારો મોટેભાગે નીચા મથાળે ટ્રેડ થઇ રહ્યાં હતાં. અમેરિકાના બજારોમાં સુધારો હતો. ગ્લોબલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૦૫ ટકા ઘટીને ૭૫.૧૬ ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યો છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ પાછલા સત્રમાં રૂ. ૩૯૫૮.૩૭ કરોડના શેર વેચ્યા હતા.

ભારતીય બેન્ચમાર્ક શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટીએ મંગળવારે, વૈશ્વિક વેપાર યુદ્ધ અંગેની ચિંતા હળવી થવાથી ઉંચા મથાળે શરૂઆત કરી હતી. અમેરિકાએ કેનેડા અને મેક્સિકો પરના તેના આયોજિત ટેરિફને અટકાવ્યા પછી એશિયન બજારોમાં જોવા મળેલા સુધારાને પ્રતિબિંબિત કરતા ભારતીય શેરબજારમાં સુધારો જોવા મળ્યો છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડા અને મેક્સિકો પર ટેરિફ લાદવાનો નિર્ણય એક મહિના માટે સ્થગિત કર્યા પછી અન્ય એશિયન બજારોમાં વધારો થયો હતો, જોકે ચીન પર ટેરિફનો અમલ અકબંધ રાખવામાં આવ્યો છે. પાછલી રાતે વોલ સ્ટ્રીટ ઇક્વિટી બજાર નીચા મથાળે બંધ રહ્યા હતા પરંતુ, ટ્રમ્પના નિર્ણયને પગલે તેમાં અગાઉની તુલનામાં આંશિક રીતે રિકવરી જોવા મળી હતી.

નોંધવું રહ્યું કે, ટ્રમ્પ દ્વારા ચીન, મેક્સિકો અને કેનેડા પર ટેરિફ જાહેર કર્યા પછી વૈશ્વિક ઇક્વિટી બજારોમાં ઘટાડાનો ભારતીય બેન્ચમાર્ક પર નકારાત્મક પ્રભાવ પડ્યો છે, જેનાથી રોકાણકારોમાં નિરાશા ફેલાઈ ગઈ હતી. સ્થાનિક ધોરણે રૂપિયાના મૂલ્યમાં તીવ્ર ઘટાડો થવાથી ચિંતા વધી ગઈ હતી, કે વિદેશી રોકાણકારો વેચાણના વલણને ઉલટાવી શકે તેવી શક્યતા નથી. અમેરિકા અને અન્ય દેશો વચ્ચે ટેરિફ સંઘર્ષો કોઈ આર્થિક લાભ આપે તેવી શક્યતા નથી. તેના બદલે, તે વૈશ્વિક અર્થતંત્ર માટે પડકારો પેદા કરી શકે છે, જેનાથી વૈશ્વિક નાણાકીય જોખમો વધી શકે છે.

શેરબજારમાં મંગળવારના સત્રમાં એફએમસીજી સિવાય બધા જ ઈન્ડેક્સ વધ્યા હતા, જેમાં કેપિટલ ગુડ્સ સૌથી અધિક વધ્યો હતો. માર્કેટ કેપમાં રૂ. ૫.૯૬ લાખ કરોડની વૃદ્ધિ નોંધાઇ છે. મંગળવારે બીએસઈ સેન્સેક્સ ગત સોમવારના ૭૭,૧૮૬.૭૪ના બંધથી ૧,૩૯૭.૦૭ પોઈન્ટ્સ (૧.૮૧ ટકા) વધ્યો હતો. માર્કેટ કેપ રૂ. ૫.૯૬ લાખ કરોડ વધીને રૂ. ૪૨૫.૫૦ લાખ કરોડ રહ્યું હતું.

સેન્સેક્સ ૭૭,૬૮૭.૬૦ ખૂલીને નીચામાં ૭૭,૪૦૨.૩૭ સુધી અને ઊંચામાં ૭૮,૬૫૮.૫૯ સુધી જઈને અંતે ૭૮,૫૮૩.૮૧ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૨૪ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૬ સ્ક્રિપ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૦૭૩ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૫૦૯ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૪૧૦ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૫૪ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૬૬ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૮૪ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૩૫ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૨૦ ટકા વધ્યા હતા. સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૮૬ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૭૦ ટકા વધ્યા હતા.

સેક્ટરલ ઈન્ડેક્સમાં એકમાત્ર બીએસઈ એફએમસીજી ૦.૧૩ ટકા ઘટ્યો હતો, જ્યારે અન્ય બધા ઈન્ડેક્સ ઘટ્યા હતા, જેમાં મુખ્યત્વે કેપિટલ ગુડ્સ ૩.૪૨ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૨.૫૯ ટકા, એનર્જી ૨.૫ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૨.૪ ટકા, પાવર ૨.૩૧ ટકા, બેન્કેક્સ ૨.૧૭ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૨ ટકા, યુટિલિટીઝ ૧.૯૫ ટકા, કોમોડિટીઝ અને મેટલ ૧.૬૩ ટકા, હેલ્થકેર ૧.૫૯ ટકા, આઈટી ૧.૩૬ ટકા, ટેક ૧.૨૯ ટકા અને સર્વિસીસ ૧.૧૧ ટકા વધ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે લાર્સન ૪.૭૬ ટકા, અદાણી પોર્ટ્સ ૩.૮૩ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૩.૫૦ ટકા, ટાટા મોટર્સ ૩.૩૮ ટકા, રિલાયન્સ ૩.૨૮ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૭૮ ટકા, એશિયન પેઈન્ટ્સ ૨.૬૯ ટકા, એક્સિસ બેન્ક ૨.૬૨ ટકા, એનટીપીસી ૨.૫૭ ટકા અને એચડીએફસી બેન્ક ૨.૫૧ ટકા વધ્યા હતા, જ્યારે આઈટીસી હોટેલ્સ ૪.૧૬ ટકા, ઝોમેટો ૧.૫૭ ટકા, નેસ્લે ૦.૮૧ ટકા, મારુતિ ૦.૨૩ ટકા, ટેક મહિન્દ્ર ૦.૧૧ ટકા અને હિંદુસ્તાન યુનિલિવર ૦.૦૬ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૬૫૮.૦૯ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૨,૬૩૨ સોદામાં ૪,૨૧૪ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૩૨,૪૨,૮૩૫ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૩,૫૨,૦૮,૮૭૭.૧૫ કરોડનું રહ્યું હતું.

## ડૉલર સામે રૂપિયો ઐતિહાસિક નીચી સપાટીએથી ત્રણ પૈસા પાછો ફર્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાએ કેનેડા અને મેક્સિકોથી થતી આયાત સામે લાદેલી ૨૫ ટકા ટેરિફ સ્થગિત કરતાં વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી પીછેહઠ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટી આવવાની સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ઐતિહાસિક નીચી સપાટીએથી ત્રણ પૈસા પાછો ફરીને ૮૭.૦૮ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વધુ રૂ. ૩૯૫૮.૩૭ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશોને કારણે રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. વધુમાં ગત જાન્યુઆરી મહિનામાં દેશનો ઔદ્યોગિક ઉત્પાદનનો પીએમઆઈ આંક ડિસેમ્બર મહિનાના ૫૬.૪ સામે વધીને ૫૭.૭ની સપાટીએ રહ્યો હોવાથી પણ રૂપિયાને ટેકો મળ્યો હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૧૧ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૬.૯૮ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૧૩ અને ઉપરમાં ૮૬.૯૮ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ત્રણ પૈસાના સુધારા સાથે ૮૭.૦૮ના મથાળે બંધ રહ્યો હતો. અમેરિકાએ ચીન પર ટેરિફ લાદતા ચીને પણ વળતા પગલાં લઈને અમેરિકાથી થતી આયાત સામે ટેરિફ લાદતા ટ્રેડ વૉર વધુ વકરે તેવી ભીતિને ધ્યાનમાં લેતા આગામી સમયગાળામાં ડૉલર સામે રૂપિયામાં નકારાત્મક વલણ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરતા મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ રૂપિયાને અમુક અંશે ટેકો આપી શકશે. જોકે, આવતીકાલથી રિઝર્વ બૅન્કની નાણાનીતિની સમીક્ષાની ત્રણ દિવસીય બેઠક પર ટ્રેડરોની નજર હોવાથી સાવચેતીનું વલણ જોવા મળ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૪૮ ટકા ઘટીને ૧૦૮.૪૭ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧૮ ટકા ઘટીને બેરલદીઠ ૭૫.૦૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૩૯૭.૦૭ પૉઈન્ટનો અને ૩૭૮.૨૦ પૉઈન્ટનો ઉછાળો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### ચીને અમેરિકા સામે ટેરિફ વૃદ્ધિના પગલાં લેતા વૈશ્વિક સોનું વિક્રમ સપાટીની નજીક

## શુદ્ધ સોનું ₹ ૩૦૬ વધીને ₹ ૮૩,૦૦૦ની પાર, ચાંદી ₹ ૪૮૦ ચમકી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાએ ચીનથી થતી આયાત સામે ૧૦ ટકા ટેરિફ લાદવાના પગલાંના વળતા જવાબરૂપે ચીને પણ અમેરિકાથી થતી આયાત સામે ટેરિફ લાદતા ટ્રેડ વૉરના મંડાણ શરૂ થતાં ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનાના ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૨૮૩૦.૪૯ ડૉલરની ઊંચી સપાટીએ પહોંચીને પાછા ફર્યા હતા. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભમાં સોનાના હાજર ભાવમાં ઘટ્યા મથાળેથી સાધારણ સુધારો જોવા મળ્યો હતો, જ્યારે વાયદામાં વધ્યા મથાળેથી ૦.૬ ટકાનો ઘટાડો આવ્યો હતો અને ચાંદીના ભાવમાં સુધારો આગળ ધપ્યો હતો. આમ વૈશ્વિક ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિકમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૦૫થી ૩૦૬ વધી આવ્યા હતા, જેમાં શુદ્ધ સોનાના વેરા રહિત ભાવે રૂ. ૮૩,૦૦૦ની સપાટી પાર કરી હતી. જોકે, આજે ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ઘટ્યા મથાળેથી ત્રણ પૈસાનો સુધારો આવ્યો હોવાથી સોનાની આયાત પડતર ઘટવાને કારણે વિશ્વ બજારની તુલનામાં સુધારો મર્યાદિત રહ્યો હતો. વધુમાં આજે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૪૮૦નો સુધારો આગળ ધપ્યો હતો.



આજે સ્થાનિકમાં ખાસ કરીને સોનામાં ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે હાજરમાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૦૫ વધીને રૂ. ૮૨,૬૭૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૮૦૬ વધીને રૂ. ૮૩,૦૧૦ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો સહિત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં પણ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૪૮૦ વધીને રૂ. ૯૩,૭૯૩ના મથાળે રહ્યા હતા. જોકે, સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો, પરંતુ ઔદ્યોગિક વપરાશકારોની માગ જળવાઈ રહી હતી.

ચીને અમેરિકાની ટેરિફ વૃદ્ધિના વળતા જવાબમાં અમેરિકાથી થતી આયાત સામે ટેરિફ લાદતાં વિશ્વના બે ટોચના અર્થતંત્રોમાં ટ્રેડ વૉરના મંડાણ થતાં વૈશ્વિક સ્તરે સપ્લાઈ ચેઈન ખોડંગાવાની ભીતિ સપાટી પર આવતા ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર એક તબક્કે સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૨૮૩૦.૪૯ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા બાદ નફારૂપી વેચવાલીના દબાણે પીછેહઠ જોવા મળી હતી. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૦૫ ટકાના સુધારા સાથે ઔંસદીઠ ૨૮૧૫ ડૉલરની સપાટીએ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૨૮૪૧.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૩૧.૬૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવા છતાં અમેરિકા-ચીન વચ્ચેનાં ટ્રેડ વૉરમાં ટેરિફ વૃદ્ધિનો વ્યાપ વધુ હોવાની શક્યતાને ધ્યાનમાં લેતાં સોનામાં સલામતી માટેની મજબૂત માગને ટેકે ભાવમાં તેજીનું વલણ જોવા મળ્યું હોવાનું એબીસી રિફાઈનરીના ઈન્સ્ટિટ્યૂશનલ માર્કેટના ગ્લોબલ હેડ નિકોલસ ફ્રેપેલે જણાવ્યું હતું. વધુમાં આઈજી માર્કેટનાં સ્ટ્રેટેજિસ્ટ યીપ જૂન રોંગે જણાવ્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળામાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૨૮૭૪ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા જણાય છે.

વધુમાં હાલ રોકાણકારોની નજર આવતીકાલે જાહેર થનારા એડીપી એમ્પ્લોયમેન્ટ ડેટા તેમ જ શુક્રવારે જાહેર થનારા અમેરિકાના જોબ ડેટા પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## આરબીડી પામોલિનમાં ₹ ૧૦ની નરમાઈ, સિંગતેલમાં ₹ ૩૦નો ઉછાળો



મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૪૦ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૬૩ રિંગિટનો ઘટાડો આવ્યો હતો. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહેતાં વિવિધ તેલના ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં ૧૦ કિલોદીઠ ધોરણે આરબીડી પામોલિનમાં રૂ. ૧૦નો અને મથકો પાછળ સરસવમાં રૂ. ૨૫નો ઘટાડો આવ્યો હતો, જ્યારે કપાસિયા રિફાઈન્ડ અને સિંગતેલમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ માગને ટેકે ભાવ અનુક્રમે રૂ. ૧૦ અને રૂ. ૩૦ વધી આવ્યા હતા. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૩૧૦, રૂ. ૧૨૫૦ અને રૂ. ૧૩૪૦, ઈમામીના આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૩૧૦ અને રૂ. ૧૩૨૫ તથા ગોલ્ડન એગ્રી અને રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૦ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, વેપારનો અભાવ હતો અને માત્ર સેલરિસેલ ધોરણે વેપાર છૂટાછવાયા થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૫, સિંગતેલના રૂ. ૧૪૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૭૦ અને સરસવના રૂ. ૧૩૪૫ના મથાળે રહ્યા હતા.

## ખાંડમાં મથકો પાછળ જળવાતી આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્થાનિક તેમ જ દેશાવરોની પ્રબળ માગને ટેકે આજે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે વધુ રૂ. ૨૫ની તેજી સાથે રૂ. ૩૮૦૦થી ૩૮૫૦ના મથાળે થયાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે ભાવમાં ક્વિન્ટલે રૂ. છથી ૨૦ સુધીનો સુધારો આગળ ધપ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાના અહેવાલ હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ પણ જળવાઈ રહ્યો હતો. તેમ જ મથકો પાછળ ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છ અને ઉપલા મથાળેથી રૂ. ૨૦ના સુધારા સાથે રૂ. ૩૯૨૨થી ૩૯૬૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૨ના સુધારા સાથે રૂ. ૩૯૬૨થી ૪૦૯૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૬૦થી ૩૯૧૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૨૦થી ૩૯૬૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

## એક્સપોર્ટ પ્રમોશન મિશન હેઠળ સ્કીમ તૈયાર કરતી સરકાર

નવી દિલ્હી: એમએસએમઈ નિકાસકારોને સરળ શરતો સાથે ધિરાણ ઉપલબ્ધ થાય, ફેક્ટરિંગ સર્વિસીસ મજબૂત બનાવી વૈકલ્પિક ધિરાણ સાધનોને પ્રોત્સાહન આપવા અને અન્ય દેશોમાં લાદવામાં આવેલા ટેરિફ સિવાયના અંતરાયોનો ઉકેલ લાવવામાં સહાય આપવા માટે સરકાર એક્સપોર્ટ પ્રમોશન મિશન હેઠળ વિવિધ સ્કીમો અથવા તો યોજનાઓ ઘડી રહી હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું. આ સ્કીમો માટે વાણિજ્ય, એમએસએમઈ અને નાણાં મંત્રાલય કાર્ય કરી રહ્યા હોવાનું ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડ સંતોષકુમાર સારંગીએ જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે ગત પહેલી ફેબ્રુઆરીના રોજ નાણાં પ્રધાન દ્વારા કરવામાં આવેલા વર્ષ ૨૦૨૫-૨૬નાં અંદાજપત્રના પ્રસ્તાવોમાં જાહેર કરવામાં આવેલા રૂ. ૨૨૫૦ કરોડનાં યોજનાકીય ખર્ચ સાથેના એક્સપોર્ટ પ્રમોશન મિશન હેઠળ આ સ્કીમ તૈયાર કરવામાં આવી રહી છે, જે આગામી ચારથી પાંચ મહિનામાં જાહેર કરવામાં આવે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

## ડૉલરમાં ઊંચા મથાળેથી પીછેહઠથી ટીન, નિકલ અને કોપર સહિતની ધાતુમાં બાઉન્સબૅક



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળતાં આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં ધીમો સુધારો જોવા મળ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૨૫ સુધીનું બાઉન્સબૅક જોવા મળ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી નીકળેલી લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૨૫ વધીને રૂ. ૨૬૮૦, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૧૩૬૫, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ વધીને રૂ. ૮૪૪, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. નવ વધીને અનુક્રમે રૂ. ૮૦૦ અને રૂ. ૭૯૨, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૭૮૧, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને અનુક્રમે રૂ. ૭૩૬ અને રૂ. ૨૬૯, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૨૫૮, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૫૭૦ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૧૮૧ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં કામકાજો ખપપૂરતા મર્યાદિત રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૨૫ અને રૂ. ૧૯૮ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



સ્પેશિયલ ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત જૂનાગઢ ખાતે શારીરિક દિવ્યાંગો અને મનોદિવ્યાંગો માટે જિલ્લા કક્ષાની રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. (હરેશ સોની, જૂનાગઢ)

# રાજકોટ જિલ્લાની પાંચ ન.પા.નું ચિત્ર સ્પષ્ટઃ જસદણ પાલિકામાં ૬૬ ઉમેદવાર વચ્ચે જંગ, ભાજપના બે ઉમેદવાર બિનહરીફ થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા તા.૨૧ જાન્યુઆરી ૨૦૨૫થી વિવિધ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આદર્શ આચાર સંહિતા અમલમા મૂકવામાં આવી છે. રાજકોટ જિલ્લામાં ભાયાવદર, જસદણ, જેતપુર-નવાગઢ, ધોરાજી અને ઉપલેટા સહિત કુલ પાંચ નગરપાલિકાની ચૂંટણી યોજાશે અને આ માટે કુલ ૧૬૮ બેઠક પર ૫૭૧ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા જે પૈકી ૫૦ ફોર્મ અમાન્ય થતા કુલ ૫૨૧ ફોર્મ માન્ય રહ્યા હતા અને મંગળવારે ફોર્મ પરત ખેંચવાની મુદત પૂર્ણ થતા ચિત્ર સ્પષ્ટ થયું હતું. આગામી તા.૧૬ ફેબ્રુઆરીએ સવારના ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી મતદાન પ્રક્રિયા અને ૧૮ ફેબ્રુઆરીના રોજ મત ગણતરી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

રાજકોટ જિલ્લાના જસદણ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થયું છે જેમાં કુલ ૭ વોર્ડમાં ભાજપના ૨૮, કૉંગ્રેસના ૨૩ અને આમ આદમી પાર્ટીના ૧૪ ઉમેદવારોએ ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. એટલે કે જસદણ નગરપાલિકાની ૨૦૨૫ની ચૂંટણીમાં કુલ ૬૬ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે. જસદણમાં ભાજપના બે ઉમેદવાર બિનહરીફ થયા છે જેમાં વોર્ડ નંબર ૧ના રમાબેન બાબુભાઈ મકવાણા અને વોર્ડ નંબર ૬માંથી કુસુમબેન રાજેશભાઈ દાવડા બિન હરીફ થયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે વોર્ડ નંબર-૧માં કૉંગ્રેસ તરફથી પછાત વર્ગ અનામત મહિલામાં ઉમેદવારી ફોર્મ ભર્યું ન હતું જેથી રમાબેન બાબુભાઈ મકવાણા બિન હરીફ થયા છે. અને વોર્ડ નંબર ૬માં કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી પછાત વર્ગ અનામત મહિલાના ફોર્મ પરત ખેંચાતા વોર્ડ નંબર ૬ના ભાજપના મહિલા ઉમેદવાર કુસુમબેન રાજેશભાઈ દાવડા બિનહરીફ થયા છે. રાજકોટ જિલ્લાની ભાયાવદર નગરપાલિકાની ચૂંટણીમાં કુલ ૬ વોર્ડની ચૂંટણી આગામી ૧૬ ફેબ્રુઆરીના રોજ યોજાનાર છે જેમાં મંગળવારે ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ૨૪ બેઠક પર ભાજપ, કોંગ્રેસ, આપ મળી કુલ ૬૮ ઉમેદવારો મેદાનમા છે. ઉલ્લેખનીય છે કે ભાયાવદરમાં એક પણ બેઠક બિનહરીફ થઇ શકી નથી. રાજકોટની ઉપલેટા નગરપાલિકા ચૂંટણીમાં મતદાન પહેલા ભાજપે ખાતું ખોલી પાંચ બેઠકો બિનહરીફ મેળવી લીધી છે જેમાં ઉપલેટા વોર્ડ ૩ માં પછાત વર્ગની સ્ત્રી બેઠક બિનહરીફ તેમજ વોર્ડ નંબર ૬ની તમામ ચારેય બેઠક બિનહરીફ વિજેતા જાહેર થયેલ છે. મંગળવારે ઉમેદવારી પરત ખેંચવાના અંતિમ દિવસમાં કુલ ૧૩ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પરત ખેંચી લીધા હતા જેથી હવે ઉપલેટા નગરપાલિકામાં ૮૭ ઉમેદવાર ચૂંટણી મેદાનમાં છે. ઉલ્લેખનીય છે કે હવે ઉપલેટા નગરપાલિકામાં વોર્ડ નંબર ૬ને બાદ કરતાં તમામ વોર્ડમાં આગામી તારીખ ૧૬ ફેબ્રુઆરીના મતદાન પ્રક્રિયા યોજાશે. ■

# રાજકોટના મોરબી રોડ પર ૪૦ કરોડની સરકારી જમીન ખુલ્લી કરાઈ

## પોલીસ બંદોબસ્ત વચ્ચે દબાણો પર બુલડોઝર ફર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેર પૂર્વના વિસ્તારમાં મોરબી રોડ ઉપર ગ્રીનલેન્ડ ચોકડીથી જૂના જકાતનાકા તરફ જતાં રાજકોટ મોરબી હાઇવે ઉપર આવેલી રેવન્યુ સર્વે નં.૭૫ પૈકીની સરકારી ખરાબાની જમીન ચો.મી. ૪૦૪૭ એટલે કે, એક એકર જેટલી જમીન ઉપર છેલ્લા કેટલાંક સમયથી ગેરકાયદેસર દબાણો થઇ ગયા હતા. જોકે, રાજકોટ જિલ્લા કલેકટરની સૂચનાથી ૧૦ જેટલા દબાણ હટાવવામાં આવ્યા હતા. જેમાં સાડીના કારખાનાથી લઈ અને નર્સરીનો પણ સમાવેશ થાય છે. વહીવટી તંત્ર દ્વારા દબાણ વાળી જગ્યા ઉપર બુલડોઝર ફેરવી ૪૦ કરોડની સરકારી જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી.

સરકારી પડતર જમીનમાં થયેલા ગેરકાયદેસર દબાણો ચૂસ્ત પોલીસ બંદોબસ્ત સાથે દૂર કરવામાં આવ્યા હતા. જેમાં વિશાળ જગ્યામાં બનાવવામાં આવેલું સાડીનું કારખાનું, ૪ ઓરડીઓ, ચા-પાનની દુકાનો, કારખાનાના મજૂરો માટેના ૪ રૂમો, નર્સરી વિગેરે દૂર કરવામાં આવ્યા અને સરકારી જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી. ■

# રાજકોટ મનપાના ફૂડ વિભાગની ખાદ્યતેલના વેપારીઓ પર તવાઈ

## નવ વેપારીને નોટિસ ફટકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં ખાદ્યતેલોમાં ભેળસેળ થતી હોવાની ફરિયાદો ઊઠી રહી છે. જેને પગલે મનપાનાં ફૂડ વિભાગ દ્વારા આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત ફૂડ વિભાગની ટીમો દ્વારા માર્કેટિંગ યાર્ડ, કોઠારિયા રોડ અને રૈયારોડ સહિતનાં વિસ્તારોમાં આવેલા ખાદ્યતેલનાં મોટા વેપારીઓને ત્યાં તપાસ કરવામાં આવી હતી. જેમાં જુદા-જુદા પાંચ વેપારીને ત્યાંથી સીંગતેલ-કપાસિયા તેલનાં છ નમૂના લેવામાં આવ્યા હતા. જેનો રિપોર્ટ આવ્યા બાદ તેમાં મિલાવટ થતી હોવાનું સામે આવશે તો વેપારીઓ સામે પગલાં લેવામાં આવશે. આ ઉપરાંત ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતા અન્ય ૨૦ જેટલા વેપારીઓની તપાસ કરી નવ વેપારીને લાઇસન્સ બાબતે નોટિસ ફટકારવામાં આવી હતી. ખાદ્યતેલના નમૂનાની કાર્યવાહી શરૂ કરવામાં આવતા ભેળસેળ કરતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ શુધ્ધ સીંગતેલમાં અન્ય તેલ કે કૃત્રિમ ફેટનો ઉપયોગ થતો હોવાની ફરિયાદો સામે આવતા ફૂડ વિભાગ દ્વારા ચકાસણી શરૂ કરવામાં આવી છે. જેમાં આજે જૂના માર્કેટિંગ યાર્ડની રાધેશ્યામ પ્રોટીન્સમાંથી આત્મીય રીફાઇન્ડ કપાસીયા અને ડબલ ફિલ્ટર સીંગતેલનું સેમ્પલ લેવામાં આવ્યું હતું. તેમજ કોઠારિયા રોડ પર ખોડિયાર ફેમેલી શોપ પાસે આવેલ નવકાર ટ્રેડર્સમાંથી સારથી ડબલ ફિલ્ટર શુધ્ધ સીંગતેલ અને રવિ કપાસીયા તેલનો નમૂનો લેવાયો હતો. ■

# ગિરનાર પર ભારે પવન ફૂંકાવાના કારણે રોપ-વે બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પ્રસિદ્ધ યાત્રાધામ ગિરનાર પર્વત પર ભારે પવન ફૂંકાવાના કારણે રોપ-વે સેવા હાલમાં બંધ કરી દેવામાં આવી હતી. સતત બે દિવસ સુધી રોપવે સેવા બંધ કરી દેવામાં આવી હતી. ગિરનાર પર્વત પર ભારે પવન ફૂંકાવાના કારણે યાત્રિકોની સુરક્ષાને કારણે આ નિર્ણય લેવાયો હતો.

ગિરનાર શિખર પર ૬૦-૭૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય રહ્યા હોય તેના કારણે કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે યાત્રિકોની સલામતીને ધ્યાનમાં રાખીને રોપ-વે સેવા બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રના તાપમાનમાં થયો હતો. આ દરમિયાન વેગીલા પવનના કારણે આ નિર્ણય લીધો હતો. આ અંગે સત્તાધીશોએ જણાવ્યું હતું છે કે, વાતાવરણ અનુકૂળ થયા બાદ અને પવનની ગતિ સામાન્ય થયા પછી રોપ-વે સેવા ફરીથી શરૂ કરવામાં આવશે.

સૌરાષ્ટ્રમાં ગિરનારનું ખૂબ જ મહત્ત્વ રહેલું છે. ગિરનાર પર્વત પર દૈનિક હજારો યાત્રાળુઓ અને પ્રવાસીઓ મુલાકાત લેવા આવે છે.

ગિરનાર પર્વત પર જૈન દેરાસર, અંબાજી મંદિર અને ભગવાન દત્તાત્રેયના દર્શન માટે મોટી સંખ્યામાં ભાવિકો આવતા હોય તેમના માટે રોપ વે સુવિધા ખૂબ જ મહત્ત્વની બની રહી છે. ■

# ભુજની જી.કે જનરલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં બે માસિયાઇ ભાઈઓ પર પિતા-પુત્રએ છરી વડે ઘાતક હુમલો કરતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ તાલુકાના રતિયા ગામમાં રહેનારા બે પરિવારો વચ્ચે ચાલતા કૌટુંબિક વિવાદમાં થયેલી અથડામણના મનદુઃખમાં અત્રેની અદાણી સંચાલિત જી.કે. જનરલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડની અંદર ધસી આવેલા પિતા-પુત્રએ કેસ પેપરના કાઉન્ટર પર દર્દીઓની લાઈનમાં ઈજાગ્રસ્ત હાલતમાં ઉભેલા બે માસિયાઈ ભાઈઓ પર છરી વડે જીવલેણ હુમલો કરતાં ત્રણ સામે હત્યાના પ્રયાસ સબબ ગુનો દાખલ થયો હતો.

ભુજના રતિયા ગામે રહેતા ૩૭ વર્ષીય મામદ અબ્દુલ્લા ભોરિયાએ પોલીસને જણાવ્યું હતું કે, ગત સોમવારે રાત્રે સાડા આઠ વાગ્યાના અરસામાં તેના કુટુંબી ભાઈ ફારૂક અને આસિફ પર ઈસ્માઈલ નુરમામદ સમાએ તીક્ષ્ણ હથિયાર વડે જીવલેણ હુમલો કર્યો હતો.ફારુકે મામદને ફોન પર જાણ કરતાં મામદ અને તેની માસીનો દીકરો મામદ નુરમામદ ભોરીયા સ્થળ પર દોડી જઈ જી.કે. જનરલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. લોહી નીંગળતી હાલતમાં બે ભાઈ કેસ પેપર કઢાવવા ઈમરજન્સી ગેટ પાસે આવેલી કેસ બારી તરફ જતા હતા ત્યારે હુમલાખોર ઈસ્માઈલ સમા પણ વ્હિલચેરમાં બેસીને સામે આવતો હતો.

ઈસ્માઈલ જોડે તેનો ભાઈ જબ્બાર અને જબ્બારનો પુત્ર નવાબ હતાં. નજીક આવતાં જ ઈસ્માઈલે મામદ સામે આંગળી ચીંધીને જબ્બાર અને નવાબને કચ્છીમાં એમ કહીને ઉશ્કેર્યા હતાં કે આ લોકોએ મારી જોડે ઝઘડો કર્યો છે, બેઉને જાનથી મારી નાખો, છોડતાં નહીં’ જેથી જબ્બાર અને તેનો દીકરો માસિયાઈ ભાઈ પર તૂટી પડ્યાં હતાં. આ હિંસક બબાલ વખતે હૉસ્પિટલમાં હાજર લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. સિક્યોરિટી સ્ટાફ ઘટનાસ્થળ પર પહોંચે એ અગાઉ નવાબે નેફામાંથી છરી કાઢી મામદના ગળા પર વાર કર્યો હતો પરંતુ મામદે માથું ઝૂકાવી દેતાં તેના માથામાં કાપો પડી ગયો હતો જયારે જબ્બારે તેના માસિયાઈ ભાઈને મુઢ માર મારી ઘાયલ કર્યો હતો. મામદે ત્રણે હુમલાખોર વિરુદ્ધ હત્યાના પ્રયાસ સહિતની કલમો તળે ભુજ બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આ બનાવથી ભુજની સરકારી હૉસ્પિટલની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર પ્રશ્નો ખડા કર્યા છે. ■

# કચ્છના બન્ની પ્રદેશના સંવર્ધન કેન્દ્રમાં માદા ચિત્તલે પાંચ સ્વસ્થ બચ્ચાંઓનો જન્મ આપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ થોડા સમય પૂર્વે મોરબીના રામપરા વન્યજીવ અભયારણ્યમાંથી ખાસ પ્રકારના વાહનમાં બન્ની સુધી ટ્રાન્સલોકેટ કરવામાં આવેલા રામાયણ કાળથી ‘મૃગ’ તરીકે ઓળખાતાં બોમા ટેક્નોલોજી વડે કેપ્ચર કરેલાં ૩૦ જેટલાં ચિત્તલ હરણને કચ્છની આબોહવા ધીરે-ધીરે ફાવી રહી છે. બન્ની પ્રદેશમાં આકાર પામી રહેલા ચિત્તા અને કાળીયાર પ્રજાતિના હરણના સંવર્ધન કેન્દ્રને પોતાનું નવું ઘર બનાવનારા ચિતલ હરણની અહીં વંશવૃદ્ધિ થઈ છે, અને એશિયાના સર્વશ્રેષ્ઠ ઘાસિયા મેદાનોમાં વિચરનારી એક રૂપકડી માદાએ પાંચ બચ્ચાઓને જન્મ આપતાં સંવર્ધન કેન્દ્રમાં હર્ષની લાગણી ફેલાઈ હતી.



કચ્છના મુખ્ય વન સંરક્ષક ડૉ.સંદીપ કુમારે આ અંગે જણાવ્યું હતું કે, સાસણ ગીરના જંગલમાં રહેલા ચિત્તલને રણપ્રદેશ કચ્છની આબોહવા અનુકૂળ આવી રહી છે. બન્નીમાં ૧૦૦ હેકટર વિસ્તારમાં ફેન્સીગમાં તેમનો પરિવાર વધી રહ્યો છે. હાલ બચ્ચાઓ પર સીસીટીવી કેમેરાથી રાઉન્ડ-ધી કલોલ મોનિટરીંગ થઇ રહ્યું છે અને તેમની દેખભાળ માટે અલાયદો સ્ટાફ પણ ફાળવાયો છે. જંગલમાં રહેવા ટેવાયેલા ચિતલને કચ્છ જેવા સૂકા રણપ્રદેશમાં વસાવવા માટે ૧૦૦ હેકટર વિસ્તારમાં ફેન્સીંગ ઊભી કરી અત્યાધુનિક સંવર્ધન કેન્દ્રના નિર્માણકાર્યની પ્રક્રિયા ચાલી રહી છે. મૃગને ઘાસના પ્લોટમાં જ મૂકવામાં આવ્યા છે અને શેડ, પાણીના પોઇન્ટ અને ખોરાક સાથે આસપાસની અનૂકૂળ સ્થિતિઓ ઉભી કરવામાં આવી રહી છે.

ગીરના જંગલમાં ચિત્તલની વસ્તી ૯૦ હજારથી વધુ છે. તાજેતરમાં બરડા અભયારણ્યમાં સફળતાપૂર્વક ૨૩ ચિત્તલને ટ્રાન્સલોકેટ કરવામાં આવ્યા હતા તેમ સંદીપ કુમારે ઉમેર્યું હતું. ■

# મુંદરાના ઝરપરા ખાતે માદક પદાર્થ ગાંજાના ૫.૬ કિલોગ્રામ જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પાકિસ્તાનની ભૂમિ અને જળસીમાની તદ્દન નજીક આવેલા સરહદી જિલ્લા કચ્છમાં પાછલા કેટલાક વર્ષોથી નશાખોરીનું દુષણ ચિંતાજનક રીતે વધવા પામ્યું છે તેવામાં બંદરીય મુંદરા તાલુકાના ઝરપરામાં ગાંજાના ૫.૬૩૦ કિલો જથ્થા સાથે વાલજી કરમણ રામાણી (ગઢવી)ને પશ્ચિમ કચ્છ પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટુકડીએ ઝડપી કુલ રૂ. ૬૧,૩૦૦નો મુદ્દામાલ કબજે કરાયો હતો.

એસઓજીએ આપેલી માહિતી મુજબ, પેટ્રોલિંગ દરમિયાન મળેલી પૂર્વ બાતમીના આધારે ઝરપરાના ખોયડી વાડી વિસ્તારમાં વાલજીના રહેણાક મકાન પર પાડવામાં આવેલા દરોડામાં પ્લાસ્ટિકના પડીકાઓમાં માદક પદાર્થનો જથ્થો મળી આવ્યો હતો. સ્થળ પર હાથ ધરાયેલી એફએસએલ તપાસમાં આ જથ્થો ગાંજો હોવાનું માલૂમ પડ્યું હતું. એસઓજીની ટીમે રૂ.૫૬,૩૦૦ની કિંમતનો ૫.૬૩૦ કિલોગ્રામ ગાંજો, અને એક ૫૦૦૦ રૂપિયાનો મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૬૧,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરી, એનડીપીએસની એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

આ શખ્સ માદક પદાર્થ ક્યાંથી લાવ્યો હતો, કોને આપવાનો હતો અને તેની સાથે સંડોવાયેલા અન્ય અજાણ્યા આરોપીની અંગેની વિગતો મેળવવા છાનબીન ચાલુ હોવાનું ડીવાયએસપી ક્રિશ્ચિયને જણાવ્યું હતું. ■





રાજકોટથી પ્રયાગરાજ મહાકુંભ જવા માટે ખાસ પેકેજ બસને ઝંડી આપીને પ્રસ્થાન કરાવવામાં આવી હતી. (પ્રવીણ સેદાણી, રાજકોટ)

# ભાવનગરમાં કાર અને બાઈક વચ્ચે અકસ્માતમાં વૃદ્ધનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના ઘોઘારોડ પર કાર અને બાઈક વચ્ચે અકસ્માતની ઘટનામાં મિત્રના પૌત્રના લગ્ન પ્રસંગમાં જઈ રહેલા વૃદ્ધનું ગંભીર ઈજા થવાથી મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે ઘોઘારોડ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગે મળતી વિગત અનુસાર ભાવનગરના રૂપાણી સર્કલ પાસે આવેલ તપોવન ફ્લેટમાં રહેતા અને આર એન્ડ બી વિભાગમાં નોકરી કરતા સતિષભાઈ ચુડાસમાના પિતા દિનેશભાઈ ગગજીભાઈ ચુડાસમા ( ઉં.વ.૬૮ ) તેમના મિત્રના પૌત્રના લગ્ન પ્રસંગે યોજેલ જમણવારમાં ઘોઘા રોડ પર આવેલ ગાયત્રી ફાર્મ હાઉસ ગયા હતા ત્યારે ઘોઘારોડ વાડી ભોજન રેસ્ટોરન્ટ નજીક કાર અને દિનેશભાઈના બાઈક વચ્ચે અકસ્માત થતા દિનેશભાઈને ગંભીર ઇજા પહોંચતા તેમનું બનાવ સ્થળે જ મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતક દિનેશભાઈના પુત્ર સતિષભાઈ ચુડાસમાએ કારના ચાલક વિરુદ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ■

# કચ્છમાં બર્ફિલા ઠારનો પુનઃ ચમકારોઃ નલિયામાં ૮.૪ ડિગ્રી ન્યૂનતમ તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જમ્મુ-કાશ્મીર અને તેની આસપાસના પહાડો પર તાજેતરમાં થયેલી હિમવર્ષાની અસર હેઠળ સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડીએ ધીમા પગલે આક્રમણ કરવું શરૂ કર્યું છે ત્યારે રણપ્રદેશ કચ્છના નલિયામાં લઘુતમ તાપમાનનો આંક ફરી એકવાર સિંગલ ડિજિટ પર સ્થિર થઇ જતાં જનજીવન પ્રભાવિત થઇ રહ્યું છે.

એક અઠવાડિયાં બાદ છેલ્લા ત્રણ-ચાર દિવસોથી અચાનક હાવી થયેલી ઠંડીના માર વચ્ચે અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં લઘુતમ ૮.૪ ડિગ્રી સે.જયારે જિલ્લાના મુખ્ય મથક ભુજમાં ૧૩ ડિગ્રી સે.લઘુતમ તાપમાન નોંધાયું હતું. તેમાં પણ વળી ઉત્તર-પૂર્વ દિશાએથી પ્રતિકલાકે ૧૦ કિલોમીટરની ઝડપથી ફૂંકાઈ રહેલા પવનોએ ઠંડીની ધાર તેજ બનાવી રહ્યા છે.

ગાંધીધામ-કંડલામાં ઠંડીનું જોર આંશિક વધઘટ સાથે યથાવત્ રહ્યું છે. કંડલા એરપોર્ટ ખાતે લઘુતમ તાપમાન ૧૫ અને કંડલા પોર્ટ ખાતે ૧૬ ડિગ્રી નોંધાયું હતું. સતત ઉત્તર દિશાએથી વેગીલા વાયરાઓએ ઠંડીની ધાર વધુ તેજ બનાવતાં બપોરે પણ ઠંડીની ચમક વર્તાઈ રહી છે. ભુજ, નલિયા સહિતના મોટાભાગના સ્થળોએ સમીસાંજથી શેરી રસ્તાઓ પર ગરમ વસ્ત્રોમાં સજ્જ થયેલા લોકો હાલ નજરે પડી રહ્યા છે. મોસમ વિભાગે આગામી ત્રણથી ચાર દિવસ દરમ્યાન વાતાવરણ સૂકું રહેવાની સાથે ઠંડીમાં આંશિક વધારો થવાની આગાહી કરી હતી. ■

# મહેસાણા જિલ્લામાં ૨૨૦૦ મેટ્રિક ટન યુરિયા ખાતરની ફાળવણીઃ ઇફકોએ ખેડૂતોને મોટી રાહત આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઇફકો દ્વારા મહેસાણા જિલ્લાના ખેડૂતોને જિલ્લાને વધુ ૨૨૦૦ મેટ્રિક ટન યુરિયા ખાતરની ફાળવણી કરવામાં આવી હતી. ડિસેમ્બર, જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં શિયાળુ પાકોની સીઝનમાં ખાતરની માગ સૌથી વધુ રહેતી હોવાથી આ નિર્ણય લેવાયો હતો. સાંસદ હરિ પટેલે ગુજરાત અને મહેસાણા જિલ્લાના ખેડૂતોની ખાતરની જરૂરિયાતનું વૈજ્ઞાનિક ડેટા એનાલિસિસ કરીને કેન્દ્ર અને રાજ્ય સરકારમાં રજૂઆત કરી હતી. આ અગાઉ પણ એક જ દિવસમાં ૩૦૦૦ મેટ્રિક ટનથી વધુ ખાતરનો જથ્થો ફાળવવામાં આવ્યો હતો. ઇફકો દ્વારા રેલવે વેગન મારફતે મહેસાણા ખાતે ખાતરનો જથ્થો પહોંચાડી દેવાયો છે અને ગ્રામ્ય સ્તરની મંડળીઓ સુધી પહોંચાડવા માટેની વિતરણ વ્યવસ્થા પણ ગોઠવી દેવામાં આવી છે. આ પગલાંથી જિલ્લાના ખેડૂતોને શિયાળુ પાકોમાં ખાતરની અછતની સમસ્યાનો ઉકેલ આવશે અને તેઓ નિયમિત ખેતી કાર્યો કરી શકશે.

આ અંગે મહેસાણા સાંસદ હરિ પટેલે કહ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારે મહેસાણા જિલ્લાના ખેડૂતોની જરૂરિયાત મુજબ ખાતરનો જથ્થો ફાળવ્યો છે. આજે મહેસાણા ખાતે આવેલું ૨૨૦૦ મેટ્રિક ટન ખાતર ખેડૂતો સુધી જલ્દી પહોંચે તે માટે ઇફકોના અધિકારી સાથે ચર્ચા કરી ત્વરિત વિતરણ વ્યવસ્થા ગોઠવવાની સૂચના આપવામાં આવી છે.

# રાજકોટના મોરબી રોડ પર ૪૦ કરોડની સરકારી જમીન ખુલ્લી કરાઈઃ પોલીસ બંદોબસ્ત વચ્ચે દબાણો પર બુલડોઝર ફર્યું

અમદાવાદઃ રાજકોટ શહેર પૂર્વના વિસ્તારમાં મોરબી રોડ ઉપર ગ્રીનલેન્ડ ચોકડીથી જૂના જકાતનાકા તરફ જતાં રાજકોટ મોરબી હાઇવે ઉપર આવેલી રેવન્યુ સર્વે નં.૭૫ પૈકીની સરકારી ખરાબાની જમીન ચો.મી. ૪૦૪૭ એટલે કે, એક એકર જેટલી જમીન ઉપર છેલ્લા કેટલાંક સમયથી ગેરકાયદેસર દબાણો થઇ ગયા હતા. જોકે, રાજકોટ જિલ્લા કલેકટરની સૂચનાથી ૧૦ જેટલા દબાણ હટાવવામાં આવ્યા હતા. જેમાં સાડીના કારખાનાથી લઈ અને નર્સરીનો પણ સમાવેશ થાય છે. વહીવટી તંત્ર દ્વારા દબાણ વાળી જગ્યા ઉપર બુલડોઝર ફેરવી ૪૦ કરોડની સરકારી જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી. ■